દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 120 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 May 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨૨ મે ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


**સુરત, સૌરાષ્ટ્રમાં ભરઉનાળે અષાઢી માહોલ સર્જાયો**

**વરસાદના કારણે શહેરના મોરાભાગળ, ડભોલી સહિતના અનેક મુખ્ય રોડ પર વરસાદી પાણીનો ભરાવો થયો હોવાથી નોકરી ધંધે જનારા લોકો માટે મુશ્કેલી ઊભી થઈ હતી.**

# સુરત જળબંબાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો. ગુજરાતમાં નૈઋર્ત્યના ચોમાસાનું આગમન થાય એ પહેલાં જ વરસાદી માહોલ છવાયો હતો. સુરત અને સૌરાષ્ટ્રમાં ભરઉનાળે અષાઢી માહોલ છવાયો હતો. વરસાદના કારણે રોડ રસ્તા પાણી પાણી થયાં હતાં. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ક્યાંક છૂટાછવાયા તો ક્યાંક ભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. આગામી ચાર-પાંચ દિવસમાં નૈઋર્ત્યનું ચોમાસું કેરળ પહોંચી જાય એવી શક્યતા છે.



સુરતમાં પડેલા વરસાદથી પ્રિ મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ હતી. વરસાદના કારણે શહેરના મોરાભાગળ, ડભોલી સહિતના અનેક મુખ્ય રોડ પર વરસાદી પાણીનો ભરાવો થયો હોવાથી નોકરી ધંધે જનારા લોકો માટે મુશ્કેલી ઊભી થઈ હતી. ચોમાસા દરમિયાન અનેક વિસ્તારમા પાણી ભરાતા લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા.

અમરેલીના સાવરકુંડલા તાલુકામાં પણ ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. સાવરકુંડલા શહેરના રસ્તા પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ગ્રામ્ય (જુઓ પાનું ૨) ▸▸

## કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં બે કાર અને ખાનગી બસ વચ્ચે અકસ્માત, છ લોકોનાં મોત

વિજયપુરા (કર્ણાટક): કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં બુધવારે સવારે બે એસયુવી અને એક ખાનગી બસ વચ્ચે થયેલા અકસ્માતમાં છ લોકોનાં મોત થયાં છે. પોલીસે આ માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે બસવાના બાગેવાડી તાલુકાના મનાગુલી ગામ નજીક નેશનલ હાઇવે પર અકસ્માતમાં જીવ ગુમાવનારાઓની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. વિજયપુરાના પોલીસ અધિક્ષક (એસપી) લક્ષ્મણ નિમ્બાર્ગીના જણાવ્યા અનુસાર, સોલાપુર તરફ જતી મહિન્દ્રા એસયુવી-૩૦૦ કારના ચાલકે નિયંત્રણ ગુમાવતા તે મુંબઈથી બલ્લારી આવી રહેલી ખાનગી બસ સાથે ટકરાઇ હતી. તેમણે કહ્યું કે આ દરમિયાન બીજી એક બોલેરો પણ અકસ્માતનો ભોગ બની હતી. એસપીએ કહ્યું, ''દુ:ખની વાત એ છે કે બોલેરોમાં મુસાફરી કરી રહેલા પાંચ મુસાફરો અને ખાનગી બસના ડ્રાઇવરનું અકસ્માતમાં મૃત્યુ થયું છે. ■

## ગુજરાતમાં કોરોનાના આઠ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ સક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના કુલ આઠ કેસ નોંધાયા છે, જેમાં બુધવારે કડીમાં ૫૧ વર્ષીય પુરુષ કોરોના પોઝિટિવ આવ્યો હતો. હાલમાં તેની તબિયત સ્થિર છે. તે ઉપરાંત અમદાવાદ શહેરમાં ૨૦ મેના રોજ સાત કોરોનાના કેસ નોંધાયા હતા, જેમાં બે વર્ષની બાળકીથી લઈને ૭૨ વર્ષનાં વૃદ્ધા સુધીના લોકો કોરોના પોઝિટિવ આવ્યાં છે. આ તમામ ૭ દર્દી હાલમાં હોમ આઇસોલેશનમાં છે. જો કે, રાજ્યમાં કોરોનાના ૮ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ સક્રિય થઈ ગયો છે. ગુજરાતના મોટા શહેરોની હોસ્પિટલોમાં આઇસોલેશન વોર્ડ તૈયાર કરાઈ રહ્યા છે અને ઓક્સિજન ટેન્ક, પીપીઇ કિટ, વેન્ટિલેટર, દવાઓ સહિતની વ્યવસ્થા ઊભી કરાઈ રહી છે.

અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ૧૨૦૦ બેડની હૉસ્પિટલ અને ૨૦ હજારની બે ઓક્સિજન ટેન્ક તૈયાર રાખવામાં આવી છે. ઓક્સિજનની જરૂર ઊભી થાય તો ૨૦,૦૦૦ લિટરની બે ઓક્સિજન ટેન્ક પણ તૈયાર રાખવામાં આવી છે. તમામ દવાઓનો સ્ટોક પણ પૂરતા પ્રમાણમાં (જુઓ પાનું ૨) ▸▸

## ઈન્ડિગોની ફ્લાઈટ પર વીજળી પડતાં શ્રીનગરમાં તાકીદે ઉતરાણ

શ્રીનગરઃ દિલ્હીથી શ્રીનગર જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૨૧૪૨ પર વીજળી પડતાં શ્રીનગરમાં તાકીદે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. વીજળી પડવાને કારણે



વિમાનના આગલા હિસ્સાને નુકસાન થયું હતું.

વિમાને સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું અને વિમાનમાં સવાર તમામ ૨૭૭ પ્રવાસી સલામત છે.

દિલ્હીથી શ્રીનગર જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૨૧૪૨ને ખરાબ હવામાનનો સામનો કરવો પડ્યો હતો. ઉડ્ડયન દરમિયાન (જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં ૨૭ નક્સલવાદી ઠાર

નારાયણપુરઃ છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ટોચના માઓવાદી નેતા બસવરાજુ સહિત ઓછામાં ઓછા ૨૭ નક્સલીઓ માર્યા ગયાં છે, એવો સૂત્રોએ દાવો કર્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે રાજ્ય પોલીસના એકમ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી)ના એક સભ્ય પણ કાર્યવાહીમાં શહિદ થયા હતા જ્યારે કેટલાક અન્ય ઘાયલ થયા હતા. બધા ઘાયલોને તબીબી સહાય આપવામાં આવી છે અને તેમની સ્થિતિ ખતરાની બહાર છે

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ વધુ વિગતો આપ્યા વિના જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ એન્કાઉન્ટર દરમિયાન એક ટોચના માઓવાદી નેતાને ઠાર કરીને ઐતિહાસિક સફળતા મેળવી છે.

સૂત્રોએ દાવો કર્યો હતો કે ૬૦ના દાયકાના અંતમાં ગેરકાયદેસર કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી) ના મહાસચિવ નમ્બાલા કેશવ રાવ ઉર્ફે બસવરાજુ માર્યા ગયેલા (જુઓ પાનું ૨) ▸▸



**પુણ્યતીથિઃ** લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે દિલ્હીમાં વીરભૂમિ ખાતે ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતીથિએ પુષ્પાંજલિ આપી હતી. (એજન્સી)

## 'આતંકવાદીઓએ પોતે જ દુનિયાને આપ્યા હતા ઓપરેશન સિંદૂરના પુરાવા': ઉપરાષ્ટ્રપતિ

પણજીઃ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે બુધવારે જણાવ્યું હતું કે આતંકવાદીઓએ પોતે જ 'ઓપરેશન સિંદૂર'ના પુરાવા વિશ્વને આપ્યા હતા અને ઓપરેશન સિંદૂર હેઠળ જે લોકોને બનાવવામાં આવ્યા હતા તેઓની કોફીન પાકિસ્તાની લશ્કરી અધિકારીઓ અને નેતાઓ દ્વારા ઉઠાવવામાં આવી હતી.

દક્ષિણ ગોવાના વાસ્કોમાં મોરમુગાઓ પોર્ટ ઓથોરિટી (એમપીએ) દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા ધનખડે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતના સચોટ લશ્કરી હુમલાઓએ જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાને કડક સંદેશ આપ્યો હતો. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, ''આનાથી વિશ્વને સંદેશ મળ્યો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારની ભૂમિ પરથી સમગ્ર વિશ્વને આ સંદેશ આપ્યો હતો કે આતંકવાદને હવે બક્ષવામાં આવશે નહીં.

તેમણે કહ્યું હતું કે, ''આ હુમલો આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પારના વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. અમારા સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને લક્ષ્ય ફક્ત આતંકવાદીઓ હતા. આ દરેક માટે સંતોષની વાત છે.'' તેમણે કહ્યું કે આ અભિયાનની સફળતા પછી કોઈ તેનો પુરાવો માગતું નથી.

ધનખડે કહ્યું હતું કે, ''જે આતંકવાદીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા તેમણે આ પુરાવા આખી દુનિયા સમક્ષ રજૂ કર્યા હતા. કોફીનો તે દેશના લશ્કરી દળો, તે દેશના રાજકીય નેતાઓ અને આતંકવાદીઓ દ્વારા લઈ જવામાં આવી હતી.''

નોંધનીય છે કે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોએ આ મહિનાની શરૂઆતમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અને પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર હુમલા કર્યા હતા.

ધનખડે કહ્યું કે ભારત એક વૈશ્વિક આર્થિક શક્તિ અને દરિયાઈ મહાસત્તા તરીકે ઊભરી રહ્યું છે. તેમણે કહ્યું કે દેશ શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે પ્રતિબદ્ધ છે. વિકસિત રાષ્ટ્ર બનવા માટે આપણને માથાદીઠ આવકમાં આઠ ગણો વધારો કરવાની જરૂર છે. જ્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ હોય ત્યારે આર્થિક વિકાસ થઈ શકતો નથી. વિકાસ અને પ્રગતિ માટે શાંતિનું વાતાવરણ જરૂરી છે.

''ધનખડે કહ્યું કે સુરક્ષા, અર્થતંત્ર અને વિકાસની મજબૂતાઈ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાથી શાંતિનું વાતાવરણ સર્જાય છે.'' અધિકારીઓએ જણાવ્યું હતું કે, વાસ્કોની તેમની મુલાકાત દરમિયાન ઉપરાષ્ટ્રપતિએ મોરમુગાઓ બંદર પર ત્રણ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. ■

## કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ વીઆઈપી વગર અયોધ્યામાં પાંચ જૂને રામ દરબારની 'પ્રાણ પ્રતિષ્ઠા' કરાશે

નવી દિલ્હી : શ્રી રામ જન્મભૂમિ બાંધકામ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાના જણાવ્યા અનુસાર, અયોધ્યામાં પ્રતિષ્ઠિત રામ મંદિરનું નિર્માણ પાંચ જૂન સુધીમાં પૂર્ણ થશે અને ત્રીજી જૂનથી શરૂ થનારા સમારોહમાં કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ વીઆઈપી વગર 'રામ દરબાર'નો અભિષેક કરવામાં આવશે.

બુધવારે એક ઇન્ટરવ્યૂમાં મિશ્રાએ માહિતી આપી હતી કે 'પ્રાણ પ્રતિષ્ઠા' (અભિષેક) સમારોહ, જે ભવ્ય હોવાની અપેક્ષા છે, તે પાંચમી જૂને યોજાશે. જોકે, આ વખતે મહેમાનોની યાદી અલગ હોવાની અપેક્ષા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મિશ્રાએ કહ્યું કે મહેમાનોની યાદીમાં રાજ્યો કે કેન્દ્રના વીઆઇપી લોકોનો સમાવેશ નહીં કરાય.

ટ્રસ્ટ આ અંગે નિર્ણય લઈ રહ્યું છે અને કદાચ તેઓ તે સમારોહ સમયે વિવિધ માન્યતાઓના ઘણા આધ્યાત્મિક ગુરુઓને પણ આમંત્રણ આપશે.

રામલલ્લા (બાળ રામ)નો અભિષેક ગયા વર્ષે ૨૨ જાન્યુઆરીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક સમારોહમાં યોજાયો હતો.

''રામ દરબારની મૂર્તિઓની પ્રતિષ્ઠા પાંચમી જૂને થશે... ધાર્મિક વિધિઓ ૩ જૂનથી શરૂ થશે. આ ઉપરાંત સંકુલમાં સાત અન્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તે મંદિરો માટે ધાર્મિક વિધિ પણ તે જ દિવસે કરવામાં આવશે.

''મંદિરનું નિર્માણ પાંચમી જૂન સુધીમાં પૂર્ણ થશે, સિવાય કે ભગવાન રામની કથા દર્શાવતા ભીંતચિત્રો જે મંદિરના નીચેના ભાગમાં નાખવામાં આવશે,'' એમ તેમણે જણાવ્યું હતું.

પહેલા પાંચમી જૂને પ્રતિષ્ઠા સમારોહ ગયા વર્ષની જેમ ભવ્ય હશે.

મિશ્રાએ મંદિરના નિર્માણ પાછળ કોઈ રાજકીય ઉદ્દેશ્યો હોવાનો ઇનકાર કરતા જણાવ્યું હતું કે ''મને નથી લાગતું કે તેની પાછળ કોઈ રાજકીય ઉદ્દેશ્યો છે. તે આપણા સુપ્રીમ કોર્ટના આદેશ પર થયું છે અને ૫૦૦ વર્ષથી વધુ સંઘર્ષ પછી આ ક્ષણ આવી છે.''

મિશ્રાએ માહિતી આપી કે પાંચ જૂનના સમારોહના એક અઠવાડિયામાં મંદિરના નવા ભાગો જાહેર જનતા માટે ખોલવામાં આવશે. ■

## રાજનીતિથી ઈલોન મસ્કનો થયો મોહભંગ, રાજકીય ખર્ચમાં કાપ મૂકવાની કરી જાહેરાત

મેડિસનઃ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના મુખ્ય નાણાકીય સહાયક ઇલોન મસ્કનો રાજકારણથી મોહભંગ થયો હતો. મસ્કે કહ્યું હતું કે તેઓ ભવિષ્યમાં રાજકીય પ્રચાર પરનો ખર્ચ ઘટાડશે. તેમણે કતારના દોહામાં બ્લૂમબર્ગ ફોરમ દરમિયાન વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ નિર્ણય જાહેર કર્યો હતો

મસ્કે મંગળવારે કહ્યું કે તેઓ રાજકીય પ્રચાર પર ઓછો ખર્ચ કરશે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે તેઓ ટ્રમ્પ સરકારમાં તેમની ભૂમિકાથી પીછેહઠ કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે તેઓ તેમના વ્યવસાયો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે અને વિસ્કોન્સિનની સુપ્રીમ કોર્ટની ચૂંટણીમાં તેમણે જે ઉમેદવારને ટેકો આપ્યો હતો તે ૧૦ ટકા પોઈન્ટથી હારી ગયા હતા.

સ્વિંગ સ્ટેટમાં ડેમોક્રેટ્સે કહ્યું હતું કે મસ્કની ટિપ્પણીઓ પરથી ખ્યાલ આવે છે કે આ ચૂંટણીમાં પાર્ટી-નેતૃત્વનો પ્રયાસ જેને 'પીપલ્સ વર્સિસ મસ્ક' કહેવામાં આવે છે, તે મસ્ક અને તેમના પૈસાને 'ઝેરી' બનાવવામાં સફળ રહ્યો હતો. વિસ્કોન્સિન ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ બેન વિકલરે કહ્યું હતું કે ''લોકોની જીત થઈ છે. રિપબ્લિકન રાજકારણમાં સૌથી મોટા ફંડ આપનારા પોતાના રમકડાં લઈને ઘરે જઈ રહ્યા છે.'' રાજ્યમાં લાંબા સમયથી રિપબ્લિકન વ્યૂહરચનાકાર રહેલા બ્રાન્ડન સ્કોલ્ઝે કહ્યું હતું કે ઓછામાં ઓછું વિસ્કોન્સિનમાં 'કોર્ટ રેસમાં' હાર્યા પછી તેમને 'ટોક્સિક' તરીકે ગણવા જોઇએ. પરંતુ તેનો અર્થ એ નથી કે મસ્ક રાજ્યમાં અને રાષ્ટ્રીય સ્તરે ફરીથી રેસ પર પૈસા ખર્ચી શકશે નહીં, ખાસ કરીને જો દાવ વધારે ઊંચો હોય અને તેમના પૈસા ફરક લાવી શકે.

આ વર્ષની વિસ્કોન્સિન સુપ્રીમ કોર્ટની ચૂંટણીમાં મસ્કના ખર્ચે તેને અમેરિકાના ઇતિહાસની સૌથી મોંઘી કોર્ટની ચૂંટણી બનાવવામાં મદદ કરી હતી અને આ ચૂંટણી મસ્કે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પને જીતવામાં મદદ કરવા માટે ઓછામાં ઓછા ૨૫૦ મિલિયન ડૉલર ખર્ચ કર્યાના ફક્ત પાંચ મહિના પછી થયું હતું જેમાં ચાર વર્ષ પહેલાં વિસ્કોન્સિન અને અન્ય રાજ્યોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. મસ્ક વિસ્કોન્સિન સુપ્રીમ કોર્ટની ચૂંટણીમાં સંપૂર્ણ રીતે સામેલ હતા. તે ચૂંટણી પહેલાના સપ્તાહના અંતે ગ્રીન બેમાં ચીઝહેડ હેટ પહેરીને હાજર રહ્યા હતા. જે એનએફએલના ગ્રીન બે પેકર્સના ચાહકોમાં લોકપ્રિય હતી અને વ્યક્તિગત રીતે સમર્થકોને એક મિલિયન ડૉલરના ચેક સોંપ્યા હતા. રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં મસ્કે ટ્રમ્પ સાથે પ્રચાર કર્યો હતો અને તેમની કેટલીક રેલીઓનું નેતૃત્વ કર્યું હતું. પરંતુ આ ચૂંટણીમાં મસ્કના ડૉલર કામ ના આવ્યા અને મસ્કના સમર્થિત ઉમેદવાર બ્રાઉન કાઉન્ટી ગ્રીન બે ગૃહ નગરમાં ૩ ટકા પોઇન્ટથી હારી ગયા અને રાજ્યભરમાં તે ત્રણ ગણાથી વધુ માર્જિનથી હારી ગયા હતા. હાર બાદ મસ્કે સાર્વજનિક રીતે આ રેસ અને તેમાં પોતાની ભાગીદારીને ઘટાડી દીધી. ■



**સજ્જતાઃ** જમ્મુસ્થિત આંતરરાષ્ટ્રીય સરહદે સજ્જતા દર્શાવી રહેલા સુરક્ષા અધિકારીઓ. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજકીય પક્ષોની એકતા આભાસી સાબિત થઈ

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા સામે ભારતીય લશ્કરે કરેલી કાર્યવાહી મુદ્દે દેશના રાજકીય પક્ષોએ બતાવેલી એકતા આભાસી સાબિત થઈ છે. ભારતીય આર્મીએ હાથ ધરેલાં ઓપરેશન સિંદૂરને તમામ વિપક્ષોએ વધાવ્યું હતું અને વખાણ્યું પણ હતું. એ વખતે આખો દેશ એક છે એવું લાગતું હતું પણ વિદેશ મંત્રી એસ. જયશંકરે ઓપરેશન સિંદૂર પહેલાં પાકિસ્તાનને જાણ કરાઈ હતી એવું નિવેદન કર્યું તેમાં બબાલ થઈ ગઈ છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ નિવેદન સામે સવાલો કર્યા તેનાથી અકળાઈને ભાજપે રાહુલ ગાંધીને મીરજાફર ગણાવીને સોશિયલ મીડિયા પર પોસ્ટર મૂક્યાં. સામે કૉંગ્રેસે જયશંકરને જયચંદ ગણાવીને પોસ્ટર મૂકતાં પોસ્ટર વોર જામી છે.

આ પોસ્ટર વોરની વાત કરતાં પહેલાં જેના કારણે બબાલ શરૂ થઈ એ જયશંકરનું નિવેદન શું છે એ જાણવું જરૂરી છે. જયશંકરે ચાર દિવસ પહેલાં કહેલું કે, ઓપરેશન સિંદૂરની શરૂઆતમાં અમે પાકિસ્તાનને મેસેજ મોકલ્યો હતો કે અમે આતંકવાદીઓનાં ઠેકાણાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરી રહ્યા છીએ. ભારત પાકિસ્તાની આર્મી પર હુમલો કરી રહ્યું નથી તેથી પાકિસ્તાન આર્મી આ કાર્યવાહીમાં દખલ ન કરે અને અલગ રહે એવો વિકલ્પ તેની પાસે છે. જયશંકરનું કહેવું છે કે, પાકિસ્તાન આર્મીએ ભારતની સારી સલાહ ન લેવાનું પસંદ કર્યું.

આ નિવેદન અંગે બબાલ થઈ પછી સ્પષ્ટતા કરાયેલી કે, જયશંકર તો ઈન્ડિયન આર્મીના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ પાકિસ્તાની આર્મીના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) મેજર જનરલ કાશિફ અબ્દુલ્લાને કરેલા ફોન કોલનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

૭ મેના રોજ રાત્રે ૧ થી ૧.૩૦ વાગ્યાની વચ્ચે ઈન્ડિયન આર્મીએ પાકિસ્તાન અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં નવ આતંકવાદી અડ્ડા પર હુમલો કર્યા પછી લેફ્ટનન્ટ જનરલ ઘાઈએ કાશિફ અબ્દુલ્લાને કહ્યું હતું કે, ભારતે સાવધાનીપૂર્વક પસંદ કરેલાં આતંકવાદી સ્થળો પર હુમલો કર્યો છે અને લશ્કરી સ્થળો પર હુમલો કર્યો નથી. પાકિસ્તાનને સંદેશ મોકલવામાં આવ્યો હતો કે, પાકિસ્તાન વાતચીત કરવા માગતું હોય તો ભારત વાતચીત કરવા તૈયાર છે.

રાહુલ ગાંધીએ આ વાતન પકડી લીધી અને દાવો કર્યો કે, ભારતે પાકિસ્તાનને હુમલો કરી રહ્યા હોવાની જાણ કરી તેથી પાકિસ્તાનને હુમલાનો જવાબ આપવાનો સમય મળી ગયો. પાકિસ્તાને આ સમયનો ઉપયોગ હાફીઝ સઈદ અને મસૂદ અઝહર સહિતના ટોચના આતંકવાદીઓને બીજે ખસેડવા માટે કર્યો તેથી ભારત તેમને મારી ના શક્યું. એટલું જ નહીં પણ પાકિસ્તાને હુમલો કરી રહેલાં ઈન્ડિયન એરફોર્સમાં ફાઈટર પ્લેનને ટાર્ગેટ કરીને તેમને પણ તોડી પાડ્યાં તેથી ભારતને મોટો ફટકો પડ્યો.

રાહુલની માગણી છે કે, ભારત સરકારે ઓપરેશન સિંદૂરમાં કેટલાં પ્લેન ગુમાવ્યાં તેની વિગતો છૂપાવવાના બદલે જાહેર કરવી જોઈએ કેમ કે દેશને એ જાણવાનો અધિકાર છે. રાહુલે તો આક્રમણ પહેલાં દુશ્મન દેશને જાણ કરવાની રણનીતિ સામે પણ સવાલ ઉઠાવીને આ કૃત્યને દેશ સાથે ગદ્દારી ગણાવ્યું છે અને અપરાધ ગણાવ્યો છે.

ભાજપને આ વાત માફક ના આવી તેથી ભાજપના નેતા અમિત માલવિયાએ રાહુલને ટાર્ગેટ કરીને બે પોસ્ટર રિલીઝ કર્યા. એક પોસ્ટરમાં રાહુલ ગાંધીનો ચહેરો પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર સાથે મિક્સ કરાયો છે. બીજા પોસ્ટરમાં રાહુલ ગાંધી પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફની પીઠ પર ઊભા રહીને સવાલ કરી રહ્યા છે અને ભાજપે રાહુલને નવા યુગના મીરજાફર ગણાવ્યા છે.

મીરજાફર ભારતમાં ગદ્દારીનું પ્રતિક મનાય છે. મોગલ સેનાપતિ મીરજાફરે ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજો સાથે હાથ મિલાવીને બંગાળના નવાબ સિરાજ-ઉદ-દૌલા સાથે ગદ્દારી કરી હતી. મીર જાફરે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે ખાનગીમાં સોદો કરી નાખેલો. યુદ્ધ શરૂ થતાં પહેલાં મીરજાફર પોતાના સૈનિકો સાથે અંગ્રેજો સાથે ભળી જતાં સિરાજ-ઉદ-દૌલા હારી ગયો અને ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો નાખ્યો.

અંગ્રેજોએ આ ગદ્દારીના બદલામાં મીર જાફરને બંગાળનો નવાબ બનાવ્યો હતો. રાહુલને મીરજાફર સાથે સરખાવાતાં કૉંગ્રેસને લાગી આવ્યું અને કૉંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ વળતું પોસ્ટર બહાર પાડીને વિદેશ મંત્રી એસ જયશંકરને જયચંદ ગણાવી દીધા. આ પોસ્ટરમાં નરેન્દ્ર મોદીને પણ બતાવાયા છે. જયશંકર પાકિસ્તાનને સલામત રહેવા કહે છે ને મોદી બેકગ્રાઉન્ડમાં તેમને આ વાત જોરથી રહેવા કહે છે એવું પોસ્ટરમાં દર્શાવાયું છે.

ભાજપ અને કૉંગ્રેસનું આ પોસ્ટર યુદ્ધ ક્યારે અટકશે એ ખબર નથી પણ આ પોસ્ટર યુદ્ધે ભારતીય રાજકારણની હલકી માનસિકતા છતી કરી દીધી છે. આ વાત કોઈ એક પક્ષની નથી પણ બધા પક્ષોની છે. રાહુલ ગાંધીએ ઉઠાવેલા સવાલો અયોગ્ય નથી કેમ કે દુશ્મન દેશ પર હુમલો કરતાં પહેલાં તેને જાણ કરવી મૂર્ખામી જ કહેવાય. ભારતે પહલગામ હુમલાના ૧૦ દિવસ પછી હુમલો કર્યો તેના કારણે પાકિસ્તાનને પૂરતી તૈયારી કરવાનો સમય મળી જ ગયો હતો. બાકી હતું તે હુમલા પહેલાં ભારતે તેમને ચેતવણી આપી દીધી.

રાહુલે સવાલ ઉઠાવ્યા પછી વિદેશ મંત્રાલયે એવી સ્પષ્ટતા કરી છે કે, વિદેશ મંત્રી જયશંકરે તો એવું કહ્યું હતું કે કાર્યવાહીની શરૂઆતમાં પાકિસ્તાનને ચેતવણી આપવામાં આવી હતી. હવે વાતને એવી રીતે રજૂ કરવામાં આવી રહી છે કે જાણે પાકિસ્તાનને ઓપરેશન પહેલાં જાણ કરવામાં આવી હોય. રાહુલ ગાંધી દ્વારા હકીકતોને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે અને અમે તેનો વિરોધ કરીએ છીએ.

વિદેશ મંત્રાલયનો બચાવ ખોટો છે કેમ કે વીડિયોમાં જયશંકર સ્પષ્ટ રીતે કાર્યવાહી પહેલાં બે દેશોના ડીજીએમઓ વચ્ચેની વાતચીતનો ઉલ્લેખ કરે છે. રાહુલે સવાલ ઉઠાવ્યા એ દેશના હિતમાં છે ને તેના કારણે તેમને દેશના ગદ્દાર ગણાવવા કે મીરજાફ કહેવા એ પણ ખોટું છે. આપણો મોટો દુશ્મન પાકિસ્તાન છે પણ ભાજપ પાકિસ્તાનને કોરાણે મૂકીને રાહુલને દેશના દુશ્મન ચિતરે કે પાકિસ્તાનના એજન્ટ ગણાવે એ સાવ ખોટું જ છે.

કૉંગ્રેસ પણ જયશંકરને ગદ્દાર ગણાવે એ યોગ્ય નથી. પહલગામ હુમલા પહેલાં અને પછી પણ વ્યૂહાત્મક રીતે ઘણી ભૂલો થઈ છે પણ તેના કારણે કોઈને વ્યક્તિગત રીતે ગદ્દાર કહેવા યોગ્ય નથી. જયશંકર વિદેશ મંત્રી છે, આખી સરકાર નથી એ જોતાં તેમને નિશાન બનાવવા જરાય યોગ્ય નથી. જો કે મુખ્ય મુદ્દો દેશની એકતાનો અને રાજકીય સ્વાર્થને બાજુ પર મૂકવાનો છે. કમનસીબે આપણા રાજકારણીઓ એવું મોટું મન નથી ધરાવતા.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

- ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૨૨-૫-૨૦૨૫, ભારતીય જયેષ્ઠ માસારંભ
- ભારતીય દિનાંક ૧, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ,માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત,માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સાંજે ક. ૧૭-૪૬ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૨-૦૭ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૫, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ-

- ભરતીઃ સવારે ક. ૦૭-૩૦, રાત્રે ક. ૧૯-૩૪
- ઓટઃ બપોરે ક. ૧૩-૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૭ (તા. ૨૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ' નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - દસમી. ભારતીય જયેષ્ઠ માસારંભ, જરથોસ્તનો દિશો (પારસી), પંચક, ભદ્રા બપોરે ક. ૧૪-૨૨થી ૨૫-૧૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાત મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અજૈક્યપાદ દેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે-વેચ, આંબાનું વૃક્ષ વાવવું.
- આચમનઃ ચંદ્ર-રાહુ યુતિ નિર્ણયો લેવામાં વિલંબ, શુક્ર-મંગળ ત્રિકોણ સોબતપ્રિય, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટાપ્રિય, ચંદ્ર-શનિ યુતિ એકાંકીપણું, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, જલયાત્રાનો શોખ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ યુતિ, શુક્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.

ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

- પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સંપ, સલામતી, સુખનો સ્તંભઃ મઝહબે ઈસ્લામ

અલ્લાહે ઈન્સાન માટે અને ઈન્સાનની સમજણ અર્થે બધા સામાનો તૈયાર કર્યા છે એટલે તેના પર લાઝીમ (જરૂરી) છે કે તે હિદાયત (ધર્મની સાચી સમજ)ને ઉપયોગમાં લઈ, તે પ્રમાણે જીવન વિતાવે. ખુદાતઆલા કોઈપણ કોમને બરબાદ થતી જોવા ઈચ્છતો નથી. તેનો મકસદ (હેતુ) ઈન્સાન પોતે તરક્કી કરે એ છે અને આ હેતુ પાર પડે તો તે ખુશ થાય છે.

અલ્લાહના સંદેશવાહક - પયંગબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈયહિ વઆલેહિસલ્લામ (સ.અ.વ.) ફરમાવે છે કે - 'અત્યંત ગરીબી કુફ્રનું (ધર્મ વિરુદ્ધનું આચરણ) કારણ બને છે...' ગરીબી ઈન્સાન પર એક જાતની એવી હાલત લાવી મુકે છે કે, જેથી ઈન્સાન પર હદ કરતાં વધુ તકલીફ આવી પડે છે, ગુનાઓથી ખુદને બચાવવો કપરું થઈ પડે છે અને ઈમાન (ધર્મની સચ્ચાઈ) સાથે જિંદગી જીવવી બહુ જ ભારે થઈ પડે છે. અલ્લાહતઆલા આવી હાલત મનુષ્ય માત્ર માટે ઈચ્છતો નથી. એક ઈમાનદારી (સત્ય) સાથે નોંધ કરવી રહી કે ઈન્સાન પોતાના જ હાથે પોતે પોતા પર આફત લાવી મુકે છે. તેના શ્રેષ્ઠ સર્જન માટે અલ્લાહ પાકની નજીક એક અજબ ઈજ્જત છે અને તે બંદાઓ થકી રાજી રહે છે.

કોમીજનો પર એ બાબત અત્યંત જરૂરી બની રહેવા પામે છે કે તે પોતાની ખામીઓને સુધારવાની કોશિશ કરે અને રફતે રફતે - કદમબકદમ પોતાને સુપંથે લાવી મુકે. જો આવું બનવા પામે તો આપોઆપ અવદશા તેનાથી કોસો દૂર થશે, ઝિલ્લત (બુરી દશા)થી છુટકારો થશે અને રબની નેઅમતો (ઈશ્વરની દેણગી)ને હલાલ (ઈમાનદારી - સચ્ચાઈ)થી મેળવવા નસીબદાર થશે - ભાગ્યશાળી બની રહેવા પામશે.

પરવરદિગારે આલમે દુનિયાની સર્વે નેઅમતો તેના બંદા માટે પેદા કરી છે. તે બદબખ્તી (દુર્ભાગ્ય) અને ગરીબાઈને ચાહતો નથી. પોતાના બંદાઓ નેઅમતોને ઉપયોગમાં લે એવી તેની ઈચ્છા છે. ગરીબી અને અમીરી ઈન્સાને પોતે પેદા કરેલ બે મંજર (દૃશ્ય) છે, કે જે કુદરતે નિર્માણ કરેલ છે. ગરીબને પરવરદિગારે એ માટે પેદા કરેલ છે કે તે અમીર (શ્રીમંત) માટે એક પરીક્ષારૂપ થઈ પડે, જ્યારે અમીર (માલદાર)ને ખુદાએ ગરીબોના વકીલ તરીકે પેદા કરેલ છે. ગરીબો અને મોહતાજો, એ તવંગરો અને શ્રીમંતોની ઔલાદની જેમ છે. જો શ્રીમંતો પોતાની ફરજ સમજે અને તે પ્રમાણે અમલ કરે, તો ગરીબોની હાલત એવી રીતે આપોઆપ સુધરી જાય કે જે હાલતને જોઈને આજે શ્રીમંતો પોતે પણ કાંપી રહ્યા છે, ધ્રુજી રહ્યા છે.

હાજતમંદો પર જરૂરી છે કે તેઓ ગમે ત્યાંથી કામને શોધે, બેકારીના દુષ્ટ રોગનો ગમે તેવો પણ ઈલાજ કરે અને કામ કરવાને ઈબાદત સમજી હલાલ (સત્ય માર્ગે) રીતે પોતાની રોજી મેળવે. વળી, ગરીબને ગર્વ લેશમાત્ર હોવો ન જોઈએ. ગર્વ એ નાશનું મૂળ છે. હદીસે નબવી (પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.ના સુકૃત્યો)માં છે કે, 'અલ્લાહ ગર્વિષ્ટ ગરીબને દુશ્મન રાખે છે અને ફુઝુલ (નકામા) બેકારોને કડવી નજરે જુએ છે. ખાસ કરીને તે બેકાર કે જે જવાન હોય, કામ કરી શકતો હોય તે છતાં કામ કરે નહીં.'

સૃષ્ટિના સર્જકે ઈન્સાનને સારીએ કુદરતનો એક નાદર (બેમિસાલ, બેનમુન) નમૂનો બનાવ્યો છે એટલે પોતાની હસ્તિની જવાબદારી તેણે સમજવી જોઈએ. ખુદાનું નામ લઈ જોશ, ઈમાન (શ્રદ્ધા-સચ્ચાઈ) અને શોખથી પોતાના માલિકનું નામ, પોતાના માલિકની દુનિયામાં હસ્તે મોઢે જીવન જીવવા તે બહાર પડે અને ઈન્શાલ્લાહ તે જોશે કે અલ્લાહ કેટકેટલો મહેરબાન છે. તેના દિલોદિમાગમાં ઈમાન (આસ્થા, સત્ય)ના ફુવારા ફુટતા હશે. તેની નસેનસમાં વફાદારીનું લોહી વહેતું હશે, તે બંદગીના વખતે પોતાના કિરતારની પાસે ધ્રૂજતા બદને ઈબાદતમાં મશગૂલ હશે, તો દુન્યવી કાર્ય કરવામાં તેના અવાજની અસર પડઘો પાડનારી બની રહેવા પામશે.

સમય સતત ચેતવણી આપી રહ્યો છે કે નેઅમતો (ઈશ્વરની દેણગી)થી ભરપૂર દુનિયાને ઈન્સાન પોતાના હાથે જ હરામ કરવાથી બચે. સુખ, શાંતિ, શુકુન, સંપત્તિને પોતાથી વિખૂટા ન પાડે.

નામે મુસલમાન પોતા માટે એક એવી ઈજ્જત પેદા કરે છે કે જેથી તેઓની જિંદગી બીજાઓ માટે માર્ગદર્શિક બની રહે. ઈજ્જત- આબરૂ બે રીતથી પેદા થઈ શકતી હોય પયંગબર હઝરત મુહંમદ (સ.અ.વ.) તથા હઝરત ઈમામ જાઅફરે સાદીક રદ્દિયતઆલા અન્હોના કથનો ધર્મની અર્થાત્ દીન અને દુનિયામાં જીને કી રાહ બતાવનારા હોઈ, હિદાયત આપનારી બની રહેવા પામશોઃ

- પયગંબરે ઈસ્લામ હઝરત મુહંમદ સલ. કહે છે કેઃ

* પોતાની માલમિલકતને દુરૂસ્ત, યોગ્ય જાળવણી કરવી એ ઘણી સારી વાત છે અને જરૂરી પણ છે; પરંતુ તે કરવા પૂર્વે પોતાની જિંદગીને સુધારવી ઘણી જ જરૂરી બની રહેવા પામે છે.

* સૌ પ્રથમ પોતાની જિંદગીને સુધારે

* એ પછી કયામત - યવ્મેદ્દીનના ન્યાયના દિવસનો - આખરી નિર્ણયના પરિણામ ઉપર ચિંતા - ફીકર કરે અને એ બાદ જ્યારે પણ દુનિયામાંથી મજા લે, ત્યારે માત્ર હલાલ - સચ્ચાઈના માર્ગે જ લેવાનું યોગ્ય - ઉચિત માર્ગે જ મેળવે.'

હઝરત ઈમામ જાફરે સાદીક રદિયતઆલા અન્હોથી રિવાયત (અક્ષરશ કથન) છે કે - 'રોજીને તલબ (ઈચ્છા) કરનાર માટે જરૂરી છે કે શરમ ન કરે...! એવી રીતે રોજીને તલબ કરનાર ઉપરથી એક બહુ મોટો બોજ ઓછો થાય છે. તેને પોતાને આશાયસ મળે છે. એટલું જ નહીં, પરંતુ તેના સંતાનો માટે પણ તેને નેઅમતો (ઈશ્વરની દેણગી) મળે છે.'

આપ ઈમામ કહો છે કે, 'જીવન સુધારવા માટે ઈલ્મ - શિક્ષણ - તાલીમ - જ્ઞાનની પણ જરૂર છે. માલ પેદા કરવા માટે-રોજી કમાવવા માટે દરરોજ શ્રમ કરનારા પર એ પણ લાઝમી જરૂરી છે કે તે ૬-૮ દિવસે પણ ઓછામાં ઓછું એક દિવસ ઈલ્મોજ્ઞાન મેળવવા જાય.

અસનાદ (સત્યવાદી) હઝરત (માનવંત) રસૂલે અનવર હઝરત મહંમદ સાહેબનું કથન - હદીસ છે કે, 'અફસોસ છે કે મોમીન - (શ્રદ્ધા લાવનાર પર કે જે) અઠવાડિયામાં એક દિવસ માટે પણ ઈલ્મ - જ્ઞાન હાંસલ કરવા જતો નથી!'

- માનવંત આલિમો,
- જાણકાર વિદ્વાનો,
- ધર્મના અભ્યાસુઓ!

વ્હાલા આલિમો (જાણકાર વિદ્વાનો), ધર્મના અભ્યાસુઓ! હુઝૂરે અનવર (સ.અ.વ.)ની ઉપરોક્ત હદીસ શું ફક્ત પુરુષો માટે જ ફરમાવવામાં આવી છે? ઔરતોને તે લાગુ પડતી નથી? સુન્ની અને શીઆના મુફતીઓ એટલે કે જેઓને ફતવો આપવાનો અધિકાર છે, શરીઅત - ઈસ્લામી કાયદા-કાનૂનના સાચા અર્થ તારવનારાઓ પણ સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહિત કરવા અનુરોધ કરે છે. માત્ર ધ્યાન એટલું રાખવાનું છે કે અખ્લાકો (ચરિત્ર, શીલ, સદાચરણ)ની બહાર કદમ મુકવો નિષિધ (મનાઈ) લેખવો જોઈએ. શિષ્ટાચારની હદમાં રહીને કરવામાં આવતું દરેક કાર્યને અંજામ આપવાની ઈસ્લામ સ્ત્રીને મનાઈ કરતું નથી. દુનિયામાં જકડાયેલ ઈન્સાન પર પોતાની દુન્યવી ફરજો પણ અદા કરવાનું લાઝીમ (આવશ્યક) અને જરૂરી છે. હદીસ શરીફમાં રિવાયત (અક્ષરશ કથન) છે કે, 'હલાલ કમાવવાવાળો જેહાદ (ધર્મના માર્ગમાં મહેનત) કરનારનો મરતબો ધરાવે છે અને તે અલ્લાહનો દોસ્ત છે...!'

મોમીનો પર લાઝીમ છે કે પોતાના જીવનને ઈસ્લામી જીવન બનાવી તે થકી ઈસ્લામની ઈજ્જત વધારે અને સાબિત કરી બતાવે કે -

* ઈસ્લામ એક એવો ધર્મ છે કે બંદા અને ખુદા દરમિયાન ટૂંકામાં ટૂંકો રસ્તો છે

* સઘળા ધર્મનો સાર છે.

* ભલાઈ અને સુખનું છેવટ છે

* કુદરત અને ફીતરત (જન્મજાત ટેવ)ને અનુસરીને છે

* સત્યતાનું મૂળ અને બધી રીતે સંપૂર્ણ અને લાભદાયક રસ્તો છે.

* સંપ, એકતા સલામતી, સુખનો પાયો ઈસ્લામ છે

* અંધકારમાં ભટકતી કોમ ઈસ્લામ વડે જ પ્રકાશમાં આવી શકશે

* ઈસ્લામ ધર્મમાં એ સઘળી કુવ્વતો (ખૂબીઓ) મોજૂદ છે કે જે મુરદા કોમમાં રૂહ ફૂંકી શકે છે, પરંતુ અફસોસ મુસલમાનોમાં તે કુવ્વતોમાં સતત ઓટ આવતી જઈ રહી છે

* મુસલમાનો આ કૌશલ્યને પ્રાપ્ત કરવા કોઈ જ કોશિશ કરતા નથી

* હયરત તો એ વાતની છે કે જગતના ઈતિહાસો સમજવા - શીખવા મુસલમાનો મહેનત લે છે પણ તેઓને ઈસ્લામી ત્વારીખ સમજવા - અભ્યાસ કરવાની ફુરસદ નથી.

* ઈસ્લામની અસલ બુનિયાદી હકીકતોને પીછાણશું નહીં, તેના પર ઈલ્મ હાંસલ કરી જ્ઞાન સંપાદન કરવામાં આવશે નહીં તો ઈસ્લામનો શાનદાર ઈતિહાસ માત્ર ત્વારીખના પાનાંઓમાં ધૂળ ખાતો ભૂતકાળ જ બની રહેવા પામશે.

પથ્થર કી લકીરઃ

એક જમાનો - યુગ એવો પણ આવશે કે મારી ઉમ્મત - અનુયાયી - પ્રજાજનના લોકો આલિમો - જાણકારો - જ્ઞાનીઓ - વિદ્વાનોથી એ રીતે ભાગશે જે રીતે બકરી ભેડિયાથી ભાગે છે-

- અને જ્યારે આમ થશે ત્યારે અલ્લાહતઆલા તેઓને ત્રણ ચીજોથી પોતાના સંકજામાં લેશેઃ

૧ - તેના માલમાંથી બરકત - ઉત્કર્ષ - બઢતી - સૌભાગ્ય દૂર કરી દેશે,

૨ - તેના પર ઝાલિમ બાદશાહ - સત્તાધીશ - ને સ્થાપી દેશે - આરૂઢ કરી દેશે અને

૩ - દુનિયામાંથી વગર ઈમાન (સચ્ચાઈ) વગર જાશે.

- હુઝૂરે અનવર સલ.

પહેલા પાનાનું ચાલુ

### સુરત જળબંબાકાર

વિસ્તારમાં પણ આવા જ સિન જોવા મળ્યા હતા. વરસાદના કારણે તલ, બાજરી, ડુંગળી સહિતના પાકને નુકસાન થયું હતું.

ભાવનગર જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. આ સાથે જ ૩૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. ભાવનગરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીનું પ્રમાણ વધ્યું હતું. આજે વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ અને ભારે પવનને કારણે ઠંડક પ્રસરી ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે નૈર્ઋત્યનું ચોમાસું તેનાં નિર્ધારિત સમય કરતા ત્રણ-ચાર દિવસ વહેલું કેરળમાં દસ્તક દેશે તેવાં એંધાણ છે. હવામાન ખાતાની આગાહી મુજબ કેરળમાં ૨૭મી મેના રોજ ચોમાસુ શરૂ થઈ જશે. જો તે વહેલું કેરળમાં પહોંચશે તો વર્ષ ૨૦૦૯ પછી તે સૌથી વહેલું દસ્તક દેશે તેમ મનાય છે. વર્ષ ૨૦૦૯માં ૨૩મી મેનાં રોજ કેરળમાં ચોમાસુ બેસી ગયું હતું. હવામાન ખાતાના જણાવ્યા મુજબ આગામી ચારથી પાંચ દિવસમાં ચોમાસુ શરૂ થાય તેવી સિસ્ટમ બની રહી છે. સામાન્ય રીતે ચોમાસુ ૮ જુલાઈ સુધીમાં આખા દેશમાં પહોંચી જતું હોય છે.

### ગુજરાતમાં કોરોના

છે. આ ઉપરાંત સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા લોકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

જ્યારે રાજકોટ સિવિલમાં ૨૦ બેડનો ખાસ વોર્ડ ઊભો કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં પીપીઈ કિટ, વેન્ટિલેટર, દવાઓ સહિતની સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવી છે. જરૂર પડ્યે ૨૦૦ બેડ તાત્કાલિક ઊભાં કરવાની તૈયારી પણ તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે.

વડોદરાની સયાજી હૉસ્પિટલમાં ૨૨ બેડનો આઇસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે. આ ઉપરાંત સયાજી હૉસ્પિટલમાં કુલ ૧૫૧૩ બેડની વ્યવસ્થા છે. આ ઉપરાંત ઓક્સિજન અને વેન્ટિલેટરથી પણ સયાજી હોસ્પિટલ સજ્જ છે. આ ઉપરાંત જમ્બો સિલિન્ડર અને ઓક્સિજન પર્યાપ્ત માત્રામાં છે, સાથે દવાઓ પણ ઉપલબ્ધ છે.

### ઈન્ડિગોની ફ્લાઈટ

વિમાને બરફના વરસાદ અને કરાનો સામનો કરવો પડ્યો હતો જેને કારણે પ્રવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

પાઈલટે સમયસૂચકતા વાપરી એટીસી શ્રીનગરને પરિસ્થિતિ અંગે જાણકારી આપી એરપોર્ટ પર સલામત લેન્ડિંગ કરાવ્યું હતું.

ટેક્નિકલ તપાસ અને સમારકામ માટે ઈન્ડિગો એરલાઈન્સે આ વિમાનને ઍરક્રાફ્ટ ઑન ગ્રાઉન્ડ (એઓજી) જાહેર કરી દીધું હતું.

અગાઉ ઈન્ડિગો ઍરલાઈન્સે ગોવા માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી અને રાજ્યમાં ખરાબ હવામાન અને વરસાદને કારણે વિમાનસેવા પ્રભાવિત થઈ શકે એમ હોવાની ચેતવણી આપી હતી.

ઍરપોર્ટ જવા નીકળતા અગાઉ ફ્લાઈટની સ્થિતિ જાણી લેવાની અને સમયપત્રકની જાણકારી મેળવી લેવાની પણ યાત્રીઓને વિનંતી કરવામાં આવી હતી.

### છત્તીસગઢમાં ૨૭ નક્સલવાદી

માઓવાદીઓમાં છે, જોકે પોલીસે તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, નારાયણપુર-બીજાપુર-દંતેવાડા જિલ્લાઓના ત્રિ-જંકશન પર અભુજમાડના ગાઢ જંગલોમાં આ એન્કાઉન્ટર થયું હતું.

તેમણે જણાવ્યું હતું કે, માઓવાદીઓની સેન્ટ્રલ કમિટી અને પોલિટબ્યુરો સભ્યો તેમજ વરિષ્ઠ માડ ડિવિઝન કેડર અને પીએલજીએ (પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી) સભ્યોની હાજરી અંગે ગુપ્ત માહિતીના આધારે બે દિવસ પહેલા નારાયણપુર, દાંતેવાડા, બીજાપુર અને કોંડાગાંવના ડીઆરજીના જવાનોને સામેલ કરીને ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી, ૨૭ નક્સલીઓના મૃતદેહ અને મોટી સંખ્યામાં શસ્ત્રો મળી આવ્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગૃહ વિભાગ સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા નક્સલીઓમાં કેટલાક ટોચના કેડરનો પણ સમાવેશ થાય છે.

#### છત્તીસગઢમાં નક્સલવાદને નાબૂદ કરવાના યુદ્ધમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિઃ અમિત શાહ

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે છત્તીસગઢમાં સુરક્ષા દળો દ્વારા ૨૭ ખતરનાક નક્સલીઓને ઠાર કરવા બદલ સુરક્ષા દળોને બિરદાવતા જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ છત્તીસગઢમાં નક્સલવાદને નાબૂદ કરવાના યુદ્ધમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ મેળવી છે તેમણે કહ્યું હતું. નક્સલવાદ સામેની ભારતની લડાઈનાં સુરક્ષા દળો દ્વારા કોઈ મહાસચિવ કક્ષાના નેતાને ઠાર કર્યો હોય એવું ત્રણ દાયકામાં પહેલી વાર એવું બન્યું છે. તેમણે એક્સ પરની પોતાની પોસ્ટમાં કહ્યું કે "નક્સલવાદને નાબૂદ કરવાના યુદ્ધમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ. આજે, છત્તીસગઢના નારાયણપુરમાં એક કાર્યવાહીમાં, આપણા સુરક્ષા દળોએ ૨૭ ખતરનાક માઓવાદીઓને બેઅસર કર્યા છે, જેમાં નમ્બાલા કેશવ રાવ, ઉર્ફે બસવરાજુ, સીપીઆઈ-માઓવાદીના મહાસચિવ, ટોચના નેતા અને નક્સલ ચળવળના કરોડરજ્જુનો સમાવેશ થાય છે," શાહે ડ પર લખ્યું.

"આ મોટી સફળતા માટે બહાદુર સુરક્ષા દળો અને એજન્સીઓની" પ્રશંસા કરતા એમણે કહ્યું કે તેમને એ જણાવતા આનંદ થાય છે કે ઓપરેશન બ્લેક ફોરેસ્ટ પૂર્ણ થયા પછી, છત્તીસગઢ, તેલંગાણા અને મહારાષ્ટ્રમાં ૫૪ નક્સલવાદીની ધરપકડ કરવામાં આવી છે અને ૮૪ અન્ય લોકોએ આત્મસમર્પણ કર્યું છે.

"મોદી સરકાર ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલા નક્સલવાદને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે," એમ તેમણે કહ્યું હતું.

# અમદાવાદના ચંડોળા ડિમોલિશન ફેઝ-૨ના બીજા દિવસે ૨૦ ધાર્મિક સ્થળો-૫૦૦ મકાનો તૂટ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના ચંડોળા ડિમોલિશન ફેઝ-૨ના બીજા દિવસે એટલે કે ૨૧ મે, ૨૦૨૫ બુધવારના રોજ વહેલી સવારથી જ ડિમોલિશનની શરૂઆત થઈ હતી. ચંડોળા તળાવમાં આવેલા ધાર્મિક સ્થાનોને તોડવાની શરૂઆત કરાઈ હતી. કાર્યવાહીને પગલે લોકોના ટોળા ઊમટતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આ દરમિયાન ૨૦ ધાર્મિક દબાણો અને ૫૦૦ જેટલા કાચા-પાકા મકાનો પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. ચંડોળા તળાવમાં ૯ નાની મોટી મસ્જિદ આવેલી છે, આ મસ્જિદોને પણ તોડી પડાઈ હતી.

આ પહેલા ૨૦ મેના રોજ સવારે ૬:૩૦ વાગ્યાથી લઈને સાંજે પાંચ વાગ્યા સુધી મ્યુનિસિપલ કોર્પોરેશનની મશીનરીની મદદથી ડિમોલિશનની કામગીરી કરવામાં આવી હતી. ૩૫ હિટાચી મશીન અને ૧૫ જેસીબી મશીનના ઉપયોગથી એક જ દિવસમાં ચંડોળા તળાવમાં ૮૫૦૦ નાના-મોટા કાચા પાકા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ચંડોળા તળાવની ૨.૫ લાખ ચો. મીટર જગ્યા પરથી મોટાભાગના દબાણો દૂર કરી દેવામાં આવ્યા હતા.

ચંડોળા તળાવ ખાતે મેગા ડિમોલિશનના કારણે અનેક લોકોના ઘર તૂટી ગયા છે અને તેમને રહેવાની વ્યવસ્થા ન હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા વાસણા ખાતેના શેલ્ટર હોમમાં તેઓને ખસેડવામાં આવ્યા છે. તમામ આશ્રિત લોકોને સારા ખોરાક પાણી, સ્વચ્છ રૂમ,પલંગ વિગેરે વ્યવસ્થા કરી આપવામાં આવી છે.

# વડા પ્રધાન મોદી ૨૬-૨૭ મેએ ગુજરાતની મુલાકાતેઃ અમદાવાદ, કચ્છ, દાહોદમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓપરેશન સિંદૂર બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વખત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ૨૬-૨૭ મેના રોજ વડા પ્રધાન મોદી અમદાવાદ, કચ્છ, દાહોદ, વડોદરા અને જામનગર જિલ્લાના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. ૨૬મીએ તેમના આગમનના કારણે અમદાવાદમાં ભવ્ય રોડ શો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, અમદાવાદમાં એરપોર્ટ સરદાર પટેલ સ્ટેચ્યુથી ઇન્દિરા સર્કલ સુધી વડા પ્રધાનનો રોડ શો યોજાશે. આ સંદર્ભે આવતીકાલે ગુરૂવારે અમદાવાદ શહેર ભાજપના સંગઠન દ્વારા સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજાશે. બેઠકમાં ટ્રાફિક વ્યવસ્થાપન, કાર્યકરોની હાજરી, રોડ શોના સમયગાળા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થશે. શહેર પોલીસે ખાસ બંદોબસ્ત ગોઠવી દેવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. કાર્યક્રમમાં જવા માટે અપેક્ષિત લોકોને ક્યુઆર કોડ જનરેટ કરવામાં આવી રહ્યાં છે. ભાજપના ગ્રૂપમાં ક્યુઆર કોડ માટે સૂચના આપવામાં આવી છે. જેમનું રજિસ્ટ્રેશન થાય છે, પરંતુ ક્યુઆર કોડ જનરેટ નથી થતો તેના માટે ટેક્નિકલ સપોર્ટ પણ આપવામાં આવી રહ્યો છે. પક્ષના સૂત્રો મુજબ અંદાજે ૫૦,૦૦૦ જેટલા કાર્યકરો રોડ શો દરમિયાન હાજર રહે તેવી સંભાવના છે. કાર્યકરોને રોડ શોના બંને બાજુઓ પર ખાસ સ્થળ ફાળવાશે અને તેમના માટે બેરિકેટડબંધાશે. ધ્વજ અને સામૂહિક સૂત્રોચ્ચાર માટેના કાર્યક્રમો પણ યોજાશે. રોડ શોના રુટને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત બનાવવામાં આવી રહી છે.

બે દિવસીય મુલાકાત દરમિયાન વડા પ્રધાન મોદીના હસ્તે દાહોદમાં રેલવેના ૯૦૦૦ હોર્સપાવર લોકોમોટિવ એન્જિન પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવશે. તે ઉપરાંત એપ્રિલ ૨૦૨૨માં ૨૦ હજાર કરોડના આ પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો. કચ્છમાં માતાના મઢ, ભુજ-નલિયા એરફોર્સની મુલાકાત લે તેવી સંભાવના છે. એરબેઝ ખાતે ફરજ બજાવતા જવાનો સાથે વડા પ્રધાન મુલાકાત કરશે. ભુજમાં જાહેરસભાને સંબોધે તેવી શક્યતા છે. જામનગરમાં વડા પ્રધાનના હસ્તે ૯૪ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવશે. ગોલ્ડન સિટી પાસેના આવાસ અને પાણીની પાઈપલાઈનનું લોકાર્પણનો સમાવેશ થાય છે. વડોદરામાં પણ કેટલાક વિકાસ કામોનું લોકાર્પણ કરશે.

# કોરોનાકાળમાં મૃત્યુ પામેલા રાશનની દુકાનના કર્મીના પરિવારને ૨૫ લાખ વળતર ચૂકવવા હાઈ કોર્ટનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટે કોરોનાકાળમાં સસ્તા અનાજની દુકાન પર ફરજ બજાવતા મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારને ૦૬ અઠવાડિયામાં ૨૫ લાખ રૂપિયા વળતર ચૂકવવા સરકારને આદેશ કર્યો હતો.

મળતી વિગત મુજબ, વર્ષ ૨૦૨૩માં ભરૂચથી અરજદાર તાહેરા અહમદે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે તેમના પતિ સરકાર માન્ય પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર દુકાન આમોદ, ભરૂચ ખાતે અનાજ તોલવાનું અને ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરતા હતા. વર્ષ ૨૦૨૦માં કોરોના ફેલાતા સરકારે લોકોને આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવા આદેશ કર્યા હતા.

જેમાં અરજદારના પતિ સરકાર માન્ય રાશનની દુકાનમાં કામ કરતા હોવાથી તેઓ પોતાની ફરજ નિભાવવા દુકાને જતા હતા. આ સમયે તેઓ કોરોનાગ્રસ્ત થયા હતા. બાદમાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ કોરોનાથી તેમનું નિધન થયું હતું. તે જનરલ હૉસ્પિટલના સીએમઓએ પણ કોવિડથી મૃત્યુને અનુમોદન આપ્યું હતું. આથી મૃતકના પરિજનોને રાજ્ય સરકારના ૨૦ એપ્રિલ, ૨૦૨૪ના ઠરાવ મુજબ ૨૫ લાખની આર્થિક સહાયતા મળવા થાય.

આ અંગે ઓથોરિટીને અરજી કરવામાં આવી હતી. જેમાં તમામ સકારાત્મક અભિપ્રાય છતાં અરજી નકારી નાખવામાં આવી હતી. સરકારી વકીલે કહ્યું હતું કે આ ઠરાવનો લાભ લેવા સમગ્ર રાજ્યમાં સરકારી અનાજની દુકાનમાં કામ કરતા લોકોની યાદી મંગાવવામાં આવી હતી. જેમાં ભરૂચ જિલ્લામાંથી સમયસર યાદી આવી નહોતી. જેથી અરજી નકારવામાં આવી છે.

આ મામલે હાઇ કોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે, કોરોનાથી તેમનું મૃત્યુ થયું તે વાત પણ સાચી છે. સ્થાનિક ઓથોરિટી સરકારી રાશનની દુકાનમાં કામ કરતા લોકોનું લિસ્ટ ફૂડ એન્ડ સિવિલ સપ્લાય વિભાગને સમયસર મોકલવા નિષ્ફળ રહી તેમાં અરજદારનો કોઈ વાંક નથી. જેથી અરજદારને ૦૬ અઠવાડિયામાં ૨૫ લાખ રૂપિયા વળતર ચૂકવવામાં આવે.

# ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી કરવામાં આવતા વિવિધ વિકાસકાર્યોની સૂચિમાં ‘જળસંચય’નો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ધારાસભ્યો પોતાના મતવિસ્તારમાં સામૂહિક વિકાસના મહત્વના નાના કામો કરી શકે તે માટે દરેક ધારાસભ્યને મતવિસ્તાર દીઠ ચોક્કસ વાર્ષિક રકમ ફાળવવાની યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬થી વધારો કરીને રૂ.૨.૫૦ કરોડ કરવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો કરવાની યાદી તૈયાર કરવામાં આવી છે જેમાં જળસંચયના કામો ઉમેરવામાં આવ્યા છે. જળસંચયને લગતા વિકાસ કાર્યો વધુ સારી રીતે થઈ શકે તેવા હેતુથી મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે હેઠળ ધારાસભ્યોને મતવિસ્તાર દીઠ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી જળસંગ્રહ ક્ષમતા વધારવાના અને ‘‘કેચ ધ રેઈન‘‘ દ્વારા ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો થાય, રેઈન વોટર હાર્વેસ્ટિંગ થાય તેવા સામૂહિક વિકાસના કામો માટે રૂ.૫૦ લાખની લઘુતમ રકમ વપરાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. ગામ તળાવો અને સીમ તળાવો ઊંડા અને છીદ્રાળુ કરવાની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી ૧૦ ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. જળસંચયના સૂચવાયેલા વિકાસ કાર્યોમાં એક કામ માટે રૂ. ૫ લાખની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે.

ધારાસભ્યો પોતાની ગ્રાન્ટ જળસંચયના કામો જેવા કે, ગામના તળાવોને ઊંડા કરવાના તથા તળાવમાં પાણી ભરવા માટેના વોકળા, ગટર, નાળીયા ઊંડા ઉતારવાના અને સિંચાઈના કામ, ચેકડેમના કામ, સરકારી બિલ્ડિંગ ઉપર વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટીંગને લગતા કામ, ગામના પીવાના પાણીના કૂવા ઊંડા ઉતારવા, બાંધવા તથા પાણીનો પીવા માટે ઉપયોગ કરવાલક્ષી સુધારણાના કામો કરવા માટે વાપરી શકશે.

# રાજ્યમાં સિંહની વસ્તી ગણતરીના આંકડા સરકારે જાહેર કર્યાઃ સિંહોની વસ્તીમાં ૩૨ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સિંહ વસ્તી ગણતરીના આંકડા સરકારે જાહેર કર્યા હતા. રાજ્યમાં ૮૯૧ સિંહ નોંધાયા હતા. ૫ વર્ષમાં સિંહોની વસ્તીમાં ૩૨ ટકાનો વધારો થયો છે, જેમાં ૧૯૬ નર સિંહ અને ૩૩૦ માદા સિંહનો સમાવેશ થાય છે તેમ જ ૧૪૦ પાઠડા અને ૨૨૫ બાળ સિંહો નોંધાયા હતા.

ગુજરાતમાં સિંહની ગણતરી પૂર્ણ થતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવા આંકડા જાહેર કર્યા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, વર્ષ ૧૯૬૩માં પ્રથમ વખત સિંહની વસ્તી ગણતરી થઈ હતી અને રાજ્યના ૧૧ જિલ્લામાં સિંહની વસ્તી ગણતરી કરાઈ હતી. વડા પ્રધાને પ્રોજેક્ટ લાયનની જાહેરાત કરી હતી.

રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકામાં આ સિંહની ગણતરી હાથ ધરવામાં હતી. ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ગણતરી થઈ હતી. વર્ષ ૨૦૨૦ની ગણતરી વખતે ૬૭૪ સિંહ નોંધાયા હતા. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દ્વારકા, જામનગર, પોરબંદર અને બોટાદ જિલ્લામાં સિંહની ગણતરી કરવામાં આવી હતી. રાજ્યના ૧૧ જિલ્લાઓમાં તા.૧૦ થી ૧૩ મે-૨૦૨૫ દરમિયાન બે તબક્કામાં એશિયાઈ સિંહની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં રિજનલ અધિકારી, ઝોનલ અધિકારી, ગણતરીકારો ઓબ્ઝર્વર સહિત ૫૧૧ સ્વંય સેવકોએ સિંહ વસ્તી અંદાજની કામગીરીમાં જોડાઇને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ આપવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો.

સિંહ વસ્તી અંદાજ માટે એશિયાટિક લાયન લેન્ડસ્કેપ મુજબ આશરે ૩૫,૦૦૦ ચો. કિ.મી.ના વિસ્તારમાં રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકામાં ૮ રિજિયન, ૩૨ ઝોન અને ૧૧૨ સબ ઝોનમાં સિંહ વસ્તીની કામગીરી હાથ ધરાઈ હતી. ૧૬મી સિંહ વસ્તી અંદાજ કામગીરી અન્વયે વન વિસ્તારમાં બીટ અને વન વિસ્તારની બહાર ૩-૧૦ ગામના જૂથ મુજબ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અવલોકન રેકોર્ડિંગ માટે ૨૪ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો હતો. ડેટા રેકોર્ડિંગ માટે સમય, જીપીએસ લોકેશન, ચિન્હો, ફોટા, મૂવમેન્ટની દિશા સહિતનું નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું, આ કામગીરીને લગતી જરૂરી વિગતો પણ નોંધવામાં આવી હતી. જી.આઈ.એસ. અને સ્ટેસ્ટિકલ સોફ્ટવેરની મદદથી ડેટાનું એકત્રિકરણ, સંકલન અને આલેખન કરવામાં આવ્યું હતું.

# અરબી સમુદ્રમાં સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં ગુજરાતના વાતાવરણમાં પલટોઃ દરિયાઇ વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાયો

અમદાવાદઃ પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર ઉત્તર કર્ણાટક-ગોવાના દરિયાકાંઠે અપર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય બની છે. આગામી ૧૨ કલાકમાં લો પ્રેશર એરિયામાં અને ત્યારબાદ ૩૬ કલાકમાં ડિપ્રેશનમાં પરિવર્તિત થવાની પ્રબળ શક્યતા છે જેના પગલે વાવાઝોડાનો સંભવિત ખતરો છે. અરબી સમુદ્રમાં સક્રિય થયેલા સાઇક્લોનિક સર્ક્યુલેશનને પગલે ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. દરિયાઇ વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાયો હતો.

હવામાન વિભાગ દ્વારા જિલ્લા પ્રમાણે વરસાદનું ઓરેન્જ અને યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી પાંચ દિવસ માછીમારોને પણ દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. હવામાન નિષ્ણાત દ્વારા અરબ સાગરમાં સર્જાયેલું લોપ્રેશર વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી સંભાવના છે. જો કે, હવામાન વિભાગ તરફથી હજી સુધી વાવાઝોડા અંગે કોઈ સત્તાવાર વિગત જાહેર કરવામાં આવી નથી. હવામાન વિભાગ તરફથી ફક્ત ભારે વરસાદની જ આગાહી કરવામાં આવી છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ બુધવારે બપોરે ૪ વાગ્યા સુધીમાં ૪૭ તાલુકામાં વરસાદે એન્ટ્રી કરી હતી. તેમજ સૌથી વધુ અંકલેશ્વરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો.

ગુજરાત અને સૌરાષ્ટ્રના અલગ-અલગ જિલ્લાઓમાં યલો અને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે જેમાં અમરેલી, ભાવનગર, નવસારી અને વલસાડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ તેમ જ રાજકોટ, જૂનાગઢ, સુરત, ગીર સોમનાથ, ડાંગ, તાપી, ભરુચ, નર્મદા સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ૨૧ મે ૨૦૨૫ના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડી શકે છે જ્યારે કચ્છ, અમદાવાદ, વડોદરા, મહેસાણા સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આશંકા છે. ૨૨ મે ૨૦૨૫ના ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, ભરૂચ, નર્મદા અને છોટા ઉદેપુરમાં ભારે વરસાદની ચેતવણી છે. જ્યારે કચ્છ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, નવસારી, વલસાડ સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગ અનુસાર, પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર, ઉત્તર કર્ણાટક-ગોવાના દરિયાકાંઠે અપર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન તા.૨૧ મે ૨૦૨૫ના સવારે રોજ સક્રિય થઈ હતી અને આગામી ૧૨ કલાકમાં આ એર સાઇક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર એરિયામાં પરિવર્તિત થવાની પ્રબળ શક્યતા છે. લો પ્રેશર એરિયામાં પરિવર્તિત થયા બાદ આગામી ૩૬ કલાકમાં તે ઉત્તર દિશામાં આગળ વધશે અને ડિપ્રેશનમાં પરિવર્તિત થઇ શકે છે જેના પગલે વાવાઝોડું આવવાના અણસાર જોવા મળ્યા છે.

આ સિવાય હવામાન વિભાગે જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ સક્રિય થવાથી પૂર્વ મધ્ય અરબી સમુદ્ર, દક્ષિણ કોંકણ, ગોવા, કર્ણાટકમાં વાદળછાયું વાતવરણ સર્જાયું હતું. દક્ષિણ મહારાષ્ટ્ર નજીક અરબી સમુદ્રમાં સિસ્ટમ સક્રિય થતા પૂર્વ લદાખ, ઉત્તરાખંડ, ઉત્તરપૂર્વ ઉત્તર પ્રદેશ, નેપાળ, તિબેટ અને ચીન ઉપર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે છૂટાછવાયા વાદળો છવાયા હતા. દક્ષિણ મધ્ય પ્રદેશ, દક્ષિણ ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, તેલંગણા, રાયલસીમા, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને લક્ષદ્વીપ ટાપુઓ ઉપર મધ્યમથી ભારે વરસાદ સાથે વાવાઝોડાની ગતિવિધિ જોવા મળી છે.

# ગુજરાતના પાંચ જિલ્લામાં એનઆરઆઈ ડિપોઝિટમાં ૭૧ ટકાનો વધારોઃ અમદાવાદમાં સૌથી વધુ ૨૫ હજાર કરોડથી વધુ રૂપિયા જમા થયા

અમદાવાદઃ ગુજરાતમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એનઆરઆઈ (બિનનિવાસી ભારતીયો) ડિપોઝિટમાં ૧૮ ટકાનો વધારો થયો હતો. રૂપિયા સામે યુએસ ડોલરની મજબૂતીથી એનઆરઆઈએ મોટી સંખ્યામાં ડિપોઝિટ કરાવી હતી. ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં એનઆઈઆર ડિપોઝિટ ૩૬ ટકા વધીને ૧.૦૯ લાખ કરોડ પર પહોંચી છે. સ્ટેટ લેવલ બૅંકર્સ કમિટીના રિપોર્ટ પ્રમાણે, માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં કુલ એનઆરઆઈ ડિપોઝિટ ૧.૦૯ લાખ કરોડ છે, જે માર્ચ ૨૦૨૪માં ૯૨ હજાર કરોડ હતી. યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાનું મજબૂત થવું જરૂરી હતું, જેના કારણે એનઆરઆઈ ડિપોઝિટમાં વધારો થયો હતો. જે ભારતીયો વિદેશથી પૈસા મોકલીને વધુ વળતર મેળવવા માંગતા હતા તેમની આ સમયગાળા દરમિયાન સંખ્યા નોંધપાત્ર વધી હતી. અગાઉના નાણાકીય વર્ષમાં માર્ચ ૨૦૨૩માં માત્ર ૦.૪૫ ટકાનો નજીવો વધારો જોવા મળ્યો હતો, ત્યારે થાપણનો આંકડો રૂ. ૯૧ હજાર કરોડ હતો જે માર્ચ ૨૦૨૧ના રૂ. ૮૦ હજાર કરોડના આંકડા કરતાં ૧૪ ટકા વધુ હતો. ગુજરાતના પાંચ જિલ્લામાં જ કુલ એનઆરઆઈ ડિપોઝિટના ૭૧ ટકા એટલે કે ૭૭,૭૭૫ કરોડ રૂપિયા જમા થયા હતા. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૫ હજાર કરોડથી વધુ રૂપિયા જમા થયા હતા. ટોચના જિલ્લામાં વડોદરા, કચ્છ, રાજકોટ અને આણંદનો પણ સમાવેશ થયો હતો. વડોદરામાં ૧૮,૦૦૦ કરોડ, કચ્છમાં ૧૬,૯૭૯ કરોડ, આણંદમાં ૯૧૬૫ કરોડ, રાજકોટમાં ૮૪૧૪ કરોડ જમા થયા હતા. આ ઉપરાંત સુરતમાં ૮૨૧૬ કરોડ, નવસારીમાં ૬૪૩૩ કરોડ રૂપિયા એનઆરઆઈના જમા છે. પોરબંદર, જામનગર, ગાંધીનગર, વલસાડ અને ભરૂચમાં ૧૨૦૦ કરોડથી લઈ ૩૦૦૦ કરોડ રૂપિયા એનઆરઆઈ ડિપોઝિટ છે. ગુજરાતની બૅંકોમાં કુલ ડિપોઝિટ ૧૩.૨૬ લાખ કરોડ રૂપિયા છે, તેમાંથી એનઆરઆઈ ડિપોઝિટનો હિસ્સો ૮.૨૨ ટકા છે.

છેલ્લા એક વર્ષમાં ગુજરાતીઓની કુલ બૅંક ડિપોઝિટ ૬.૭૬ ટકા વધી છે અને કુલ લોનમાંથી એનપીએનો હિસ્સો ૭૪૧ કરોડ ઘટ્યો છે. અમેરિકા, કૅનેડા, યુકે અને ખાડી દેશોમાં વસતા ગુજરાતી મૂળના એનઆરઆઈ દ્વારા મોકલવામાં આવતી રકમમાં થયેલા નોંધપાત્ર વધારાને કારણે એનઆરઆઈ થાપણોમાં વૃદ્ધિ જોવા મળી છે. ગુજરાતીઓ ઘણીવાર તેમની કમાણી ફિક્સ્ડ ડિપોઝિટ અને અન્ય સુરક્ષિત બૅંકિંગ સાધનોમાં પોતાના દેશમાં રોકે છે, જેના કારણે પણ એનઆરઆઈ ડિપોઝિટમાં વધારો થયો છે. આ ઉપરાંત એનઆરઆઈમાં આવેલી જાગૃતિના કારણે પણ ડિપોઝિટમાં વધારો થયો છે.

# રાજ્યમાં આરટીઈ હેઠળ બીજા રાઉન્ડમાં વધુ ૭,૦૦૬ બાળકોને પ્રવેશ અપાયો, કુલ ૭,૩૭૮ જેટલી જગ્યાઓ ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરટીઈ એક્ટ-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત તા. ૨૧ મે, ૨૦૨૫ના રોજ યોજાયેલા આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ બાદ વધુ ૭,૦૦૬ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ તા. ૨૮ મે, ૨૦૨૫, બુધવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે.

આરટીઈ પ્રવેશપ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની ૭૨૮, અંગ્રેજી માધ્યમની ૪,૫૬૪, હિન્દી માધ્યમની ૧,૯૨૦ અને અન્ય માધ્યમની ૧૬૬ એમ કુલ ૭,૩૭૮ જેટલી જગ્યાઓ ખાલી રહી છે. રાજ્ય સરકારનાં પ્રયાસોથી વાલીઓમાં જાગૃતિ આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યની કુલ ૯,૮૧૪ જેટલી બિનઅનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪,૭૯૮ જેટલી જગ્યાઓ આરટીઈ હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઇ પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૬૪ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં ૮૦,૪૫૩ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ, પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી ૧૪,૩૪૫ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને આરટીઈ હેઠળ પ્રવેશનો લાભ મળી રહે તે હેતુથી પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલા અને માન્ય અરજી ધરાવતા ૮૯,૪૪૫ અરજદારોને શાળાઓની પુનઃપસંદગીની તક તા. ૧૫ મે, ૨૦૨૫ થી તા. ૧૭ મે, ૨૦૨૫ દરમિયાન આપવામાં આવી હતી. આ સમયગાળામાં કુલ ૪૫,૬૯૫ અરજદારોએ શાળાઓની પુનઃપસંદગી કરી હતી, જ્યારે બાકીના ૪૩,૭૫૦ અરજદારોએ પ્રથમ રાઉન્ડ પૂર્વે ભરેલા ફોર્મની શાળાઓ યથાવત્ રાખી હતી.

# ખોરાક અને ઔષધ નિયમન તંત્રનો સપાટો, પાટણમાં ૨.૩૬ લાખની કિંમતનો ૪૦૫ કિલો નકલી ઘીનો જથ્થો સીઝ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાટણ દ્વારા નગરજનોને શુદ્ધ અને ભેળસેળ મુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ કરાવવા માટે સતત કાર્યવાહી કરવામાં આવે છે. તા. ૧૬/૦૫/૨૦૨૫ના રોજ, શંકાસ્પદ ઘીના ટ્રાન્સપોર્ટની બાતમીના આધાર પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

પાટણ રોડલાઇન્સ ટ્રાન્સપોર્ટની તપાસ કરતાં ટ્રાન્સપોર્ટર પાસેથી ત્રણ દરવાજા, ઘી બજાર, પાટણની વિવિધ ત્રણ પેઢી (મોદી દિપેશ શરદભાઈ, ઘીવાલા સંદીપકુમાર રસીકલાલ, ઘીવાલા બાબુલાલ ચીમનલાલ એન્ડ સીડી.) નો ઘીનો સ્ટોક જોવા મળતા કુલ પાંચ શંકાસ્પદ ઘી ના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. તેમજ આશરે ૪૦૫ કિલો શંકાસ્પદ ઘી કે જેની અંદાજિત કિંમત રૂ. ૨.૩૬ લાખ છે, જે સીઝ કરવામાં આવ્યો હતો. તેમજ લીધેલ ઘીના નમૂનાઓ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડસ એક્ટ ૨૦૦૬ હેઠળ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહી શહેરમાં ભેળસેળયુક્ત અને અયોગ્ય ખાદ્ય પદાર્થોના વેચાણને અટકાવવાના પ્રયાસ હેઠળ હાથ ધરવામાં આવી છે એવું ડેઝીગ્નેટેડ ઓફિસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાટણની યાદીમાં જણાવાયું હતું.

# ગાંધીધામમાં લોડર અને મોટરસાઈકલ વચ્ચે થયેલી ટક્કરમાં એકનું મોત

ભુજઃ પૂર્વ કચ્છમાં આપઘાત અને માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક ૧૯ વર્ષની યુવતી અને આધેડનાં મોત થયાં હતા. ગાંધીધામ શહેરમાં લોડર અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ઈરફાન ગફુર બુચડ નામના આધેડનું મૃત્યુ થયું હતું.

પોલીસના જણાવ્યા પ્રમાણે રેલવે સ્ટેશન પાસેના સર્વિસ રોડ પરના પુલિયા પર ગત સોમવારે સવારના અરસામાં આ જીવલેણ બનાવ બનવા પામ્યો હતો જેમાં ફરિયાદી હાજી આમદ સાયચા અને ઈરફાન મોટરસાઈકલ પર બજાર તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન આગળ જઈ રહેલાં વાહનચાલકે સાઈડ ઇન્ડિકેટર આપ્યા વિના અચાનક વળાંક લઇ મોટરસાઈકલને અડફેટમાં લીધું હતું. આ બનાવમાં ઈરફાન ઉપર ભારે વાહન ફરી વળતાં ગંભીર રીતે ઘાયલ હતભાગીએ ટૂંકી સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લીધા હતા.

# કેબિનેટની બેઠકમાં હાજર ન રહેવા અંગે બચુ ખાબડની સ્પષ્ટતાઃ હું કોઈ ભાગેડુ મંત્રી નથી, મને અઢી લાખ મતદારોનો ટેકો છે

અમદાવાદઃ દાહોદમાં મનરેગા યોજના હેઠળ થયેલા કથિત કૌભાંડ મામલે ગુજરાતના પંચાયત પ્રધાન બચુ ખાબડે મહત્વનું નિવેદન આપ્યું હતું. ધાનપુર ખાતે તેમની ઓફિસ બહાર આપેલા નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, દેવગઢ બારીઆ અને ધાનપુરમાં ૩૫ એજન્સીઓએ મનરેગા હેઠળ મટિરિયલ સપ્લાયનું કામ કર્યું હતું, જેમાં તેમના પુત્રોની એજન્સીઓએ પણ માત્ર મટિરિયલ સપ્લાય કર્યું છે. સ્થળ ઉપર કામની જવાબદારી તેમના પુત્રોની એજન્સીઓની ન હોવાનો તેમણે દાવો કર્યો હતો.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, વડા પ્રધાન આવવાના હોવાથી કેબિનેટ બેઠકમાં હાજર નથી રહી શક્યો જેની મેં મુખ્યપ્રધાનને જાણ કરી હતી અને હું કોઇ ભાગેડુ મંત્રી નથી બજારમાં ખુલ્લો ફરૂ છું. બચુ ખાબડે વધુમાં જણાવ્યું હતું કે, પંચાયત મંત્રી તરીકે તેમની કામગીરીને કેન્દ્ર સરકાર અને રાજ્યના રાજ્યપાલ દ્વારા બિરદાવવામાં આવી છે, અને તેમને શ્રેષ્ઠ કામગીરી માટે શ્રેષ્ઠ પંચાયત એવૉર્ડ પણ મળ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ચૂંટણીમાં તેઓ એક લાખ મતોથી વિજયી થયા છે અને અઢી લાખ મતદારોનો ટેકો તેમની સાથે છે. પંચાયત પ્રધાને પુત્રોના બચાવમાં કહ્યું હતું કે, તેમના બંને પુત્રો તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે અને સરકાર તેમજ કોર્ટ જે નિર્ણય લેશે તે તેમને માન્ય હશે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈ ભાગેડુ મંત્રી નથી અને ખુલ્લા બજારમાં ફરે છે.

# ચીફ જસ્ટિસને રાજ્ય અતિથિ તરીકે જાહેર કરાયા

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂષણ ગવઈએ દેશના બાવનમા ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા. ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા પછી આ તેમની મહારાષ્ટ્રની પહેલી મુલાકાત હતી. મુંબઈ અને ગોવા બાર એસોસિએશન વતી તેમનું સન્માન કરવામાં આવ્યું. જોકે, ચીફ જસ્ટિસ પહેલી વાર મહારાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યા હોવા છતાં, તેમણે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી કે રાજ્યના સચિવ, પોલીસ મહાનિર્દેશક અને મુંબઈ પોલીસ કમિશનરમાંથી કોઈ પણ પ્રોટોકોલ મુજબ તેમનું સ્વાગત કરવા હાજર ન હતા. ઉપરાંત, ચીફ જસ્ટિસે કલમ ૧૪૨નો પણ ઉલ્લેખ કર્યો હતો, અને કહ્યું હતું કે તેઓ પ્રોટોકોલ માટે આ કહી રહ્યા નથી, પરંતુ બંધારણીય સંસ્થાના વડા તરીકે, તે પદની ગરિમા જાળવી રાખવી જોઈએ. આ પછી, રાજ્ય સરકારે હવે આ ઘટનાની નોંધ લીધી અને ચીફ જસ્ટિસને કાયમી રાજ્ય અતિથી જાહેર કર્યા છે. તેથી, હવેથી ચીફ જસ્ટિસની મુલાકાત દરમિયાન શું કરવું અને કયા પ્રોટોકોલનું પાલન કરવું તે જણાવતો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે.

ચીફ જસ્ટિસે નારાજગી વ્યક્ત કર્યા પછી, રાજ્યના ઉચ્ચ અધિકારીઓ દાદર ચૈત્યભૂમિ ગયા અને ચીફ જસ્ટિસનું સ્વાગત કર્યું. જોકે, આ ઘટના બાદ વિપક્ષી પાર્ટીના નેતાઓએ રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે. ઉપરાંત, કૉંગ્રેસના નેતા અને ધારાસભ્ય નાના પટોલેએ રાષ્ટ્રપતિને પત્ર લખીને મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક અને પોલીસ કમિશનર સામે ચીફ જસ્ટિસના અવમાન બદલ કાર્યવાહી કરવાની માગ કરી છે.

# નાલાસોપારામાં ભારે વરસાદથી બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડ્યોઃ ૧૪ વર્ષના કિશોર સહિત બેને બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લાના નાલાસોપારામાં ભારે વરસાદને પગલે મંગળવારે મોડી રાતે રહેણાંક બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડતા એક પરિવારના બે લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા, જેમાં ૧૪ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. વસઈ-વિરાર પાલિકાના ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ પાલઘર જિલ્લામાં આવેલા વસઈ સહિતના આજુબાજુના વિસ્તારોમાં મંગળવારે મોડી સાંજ બાદ ભારે વરસાદ પડ્યો હતો અને તેને કારણે બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડ્યો હતો. નાલાસોપારામાં અચોલેમાં આવેલી સાઈ સિમરન નામની બિલ્ડિંગના ચોથા માળ પર આવેલી રૂમનો સ્લેબ તૂટી પડયો હતો. લગભગ ૧૪ વર્ષની જૂની આ બિલ્ડિંગ છે. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

ભારે વરસાદ બાદ સ્લેબ તૂટી પડવા બાદ ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી અને જે ફ્લેટનો સ્લેબ તૂટી પડયો હતો તેમાં રહેતા ૧૪ વર્ષના કિશોર સહિત મહિલાને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. તકેદારીના પગલારૂપે ફાયરબ્રિગ્રેડે આખી બિલ્ડિંગ ખાલી કરાવી હતી. આ બિલ્ડિંગમાં ૨૨ ફ્લેટ અને ત્રણ દુકાનો છે તમામ લોકોને સુરક્ષાની દૃષ્ટિ બિલ્ડિંગ ખાલી કરાવી હોવાનું ફાયરબ્રિગ્રેડે જણાવ્યું હતું.

## બેલાપુર ટેકરી પરનાં અનધિકૃત બાંધકામો તોડી પડાયાં

થાણાઃ શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ (સિડકો)એ નવી મુંબઈના બેલાપુર હિલ ઉપરના અનધિકૃત બાંધકામો હટાવીને એ વિસ્તાર મોટા પાયે ખાલી કરવાની ઝુંબેશ હાથ ધરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ કાર્યવાહી મંગળવારે સરકાર સંચાલિત આયોજન એજન્સી દ્વારા કરવામાં આવી હતી. ઈંટના બાંધકામ, વાંસની તાડપત્રીના શેડ, આરસીસીનાં પગથિયાં અને અન્ય કામચલાઉ બાંધકામો સહિતનાં તમામ અતિક્રમણ તોડી પાડવામાં આવ્યાં હોવાની રજૂઆત સિડકો દ્વારા કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં ૧૭૫ પોલીસકર્મી સહિત ૨૨૦થી વધુ અધિકારીઓ સામેલ હતા. (પીટીઆઈ)

# હાઈ કોર્ટે પથારીવશ પિતાના વાલી તરીકે પુત્રીઓની નિમણૂક કરી

મુંબઈઃ મુંબઈમાં હાઇ કોર્ટ સમક્ષ આવેલા એક કિસ્સામાં પોતાની સંભાળ રાખવામાં અસમર્થ એવા વ્યક્તિ માટે બોમ્બે હાઈકોર્ટે ઉદાહરણીય ચુકાદો આપ્યો છે. કાર્ડિયાક એરેસ્ટને કારણે પોતાની કે પોતાની મિલકતની સંભાળ રાખવામાં અસમર્થ ૭૩ વર્ષીય પથારીવશ પિતાના વાલી તરીકે હાઇકોર્ટે તેની બે પુત્રીઓને નિયુક્ત કરી છે.

બુધવારે ઉપલબ્ધ થયેલા આદેશની નકલ મુજબ, જસ્ટિસ અભય આહુજાની બેન્ચે ૮ મેના રોજ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે, ''આપણા દેશની ઉચ્ચ અદાલતો 'પરેન્સ પેટ્રિએ' અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે (નાગરિકોના કાનૂની રક્ષક જે પોતાનું રક્ષણ કરવામાં અસમર્થ છે). સામે આવતી વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં કોર્ટ મૂક પ્રેક્ષક ન રહી શકે.''

અરજી મુજબ, વરિષ્ઠ નાગરિકને ૨૦૨૪ માં મગજમાં ઈજા થઈ હતી, જેના પરિણામે કાર્ડિયાક અરેસ્ટ દરમિયાન ઓક્સિજન અને રક્ત પુરવઠો ઓછો થતા તેઓ અર્ધબેભાન અને અશક્ત સ્થિતિમાં છે અને આજ સુધી પથારીવશ છે. તે વાતચીત કરવામાં અસમર્થ છે અને તેની મૂળભૂત વ્યક્તિગત જરૂરિયાતો પણ પૂરી કરી શકતા નથી તેથી અરજીમાં હાઇકોર્ટને બંને પુત્રીઓને તેમના પિતાના વાલી તરીકે નિયુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી .

આ અરજી શરૂઆતમાં ગાર્ડિયન અને વોર્ડ્સ એક્ટ હેઠળ દાખલ કરવામાં આવી હતી, જેના દ્વારા ફક્ત સગીરના કલ્યાણ માટે વાલીની નિમણૂક કરી શકાય છે. પાછળથી સુધારો કરીને લેટર્સ પેટન્ટના કલમ XVII હેઠળ પુત્રીઓને વરિષ્ઠ નાગરિકના વાલી તરીકે નિયુક્ત કરવાની માગ કરવામાં આવી હતી.

કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે તે વ્યક્તિ સમજી શકતો નથી કે નિર્ણયો લઈ શકતો નથી, અને તેને સતત કાળજી અને ધ્યાનની જરૂર છે.

## ૨૦૧૬ના લૂંટના કેસમાં નવ આરોપી નિર્દોષ જાહેર

થાણેઃ ૨૦૧૬ના લૂંટના કેસમાં કોર્ટે તમામ નવ આરોપીની કબૂલાત અસ્વીકૃત હોવાનું તથા અન્ય કારણો આપીને તેમને નિર્દોષ જાહેર કર્યા હતા.

મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ)ના સ્પેશિયલ જજ એ.એન. સિર્સિકર દ્વારા ૭ મેના રોજ આ આદેશ આપવામાં આવ્યો હતો.

તપાસકર્તા પક્ષ અનુસાર કુરિયર કંપનીના કર્મચારી અશોક ઉત્તેકરને ઉલ્હાસનગર વિસ્તારમાં ૮ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ આંતરવામાં આવ્યો હતો અને તેની પાસેના ૨૧.૨૩ લાખ રૂપિયા લૂંટી લેવાયા હતા.

નિખિલ કડલગ, કરણ દળવી, કરણ જલપર, મેહુલ વસિતા, ધનંજય જાધવ, નારાયણ દત્તા, વિશાલ જાધવ, સિદ્ધેશ લબ્ધે, આતિશ માને, નીલેશ યાદવ અને મંગેશ યાદવ વિરુદ્ધ લૂંટનો ગુનો દાખલ કરાયો હતો. ઉપરાંત ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સિન્ડિકેટનો ભાગ હોવા બદલ એમસીઓસીએ પણ લગાવાયો હતો.

જોકે જજે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે આરોપીઓની ઓળખપરેડમાં નનોંધપાત્ર વિલંબ અન પ્રક્રિયાગત અનિયમિતતાઓથ હતી. એમસીઓસીએ હેઠળ આરોપીઓની નોંધાયેલી કબૂલાતમાં પણ અનિયમિતતાઓ હતી. જજે નોંધ્યું હતું કે વરિષ્ઠ અધિકારીઓએ નકબૂલાત નોંધતી વખતે યોગ્ય કાળજી રાખી નહોતી. (પીટીઆઇ)

## નાગપુરમાં પકડાયેલો સ્ટુડન્ટ 'એક્ટિવિસ્ટ' રેજાઝ સિદીક પાકિસ્તાનીઓના સંપર્કમાં હતો

### આતંકવાદી જૂથો સાથે કડી ધરાવતો હોવાની શંકા પરથી એટીએસની તપાસ

નાગપુરઃ નાગપુરમાં આતંકવાદ વિરોધી કાયદા હેઠળ ધરપકડ કરાયેલો સ્ટુડન્ટ એક્ટિવિસ્ટ રેજાઝ એમ. શીબા સિદીક પાકિસ્તાનના છ ફોન નંબર સાથે સંપર્કમાં હોવાની ચોંકાવનારી માહિતી એન્ટી-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)ની તપાસમાં સામે આવી હતી. સિદીક આતંકવાદી જૂથોના સંપર્કમાં છે કે કેમ તેની તપાસ એટીએસ કરી રહી છે.

એટીએસના અધિકારીએ જણાવ્યું હતું કે સિદીકનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો. તેના મોબાઈલની તપાસ દરમિયાન આ છ નંબર મળી આવ્યા હતા. આ નંબરના માધ્યમથી તે કોની સાથે સંપર્કમાં હતો તેની માહિતી મેળવવામાં આવી રહી છે.

સિદીકના મોબાઈલના વિશ્લેષણમાંથી મળેલા છ શંકાસ્પદ નંબરો આતંકવાદ સાથે સંકળાયેલા હોવાની કડી મળશે તો અન્ય નૅશનલ એજન્સીઓ તપાસ હાથમાં લેશે, એમ આ કેસની તપાસ સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું.

નાગપુરની એક હૉટેલમાંથી કેરળના ૨૬ વર્ષના સિદીકની સાતમી મેના રોજ લકડગંજ પોલીસે ધરપકડ કરી હતી. ઉશ્કેરણીજનક પોસ્ટ્સ અને ગન સાથેની તેની તસવીર સહિત ઑનલાઈન વાંધાજનક વર્તનને કારણે સિદીક તપાસ એજન્સીની નજરમાં આવ્યો હતો. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૯ (સરકાર વિરુદ્ધ યુદ્ધ કરવાની તૈયારી) સહિત ૧૯૨, ૩૫૧ અને ૩૫૩ હેઠળ તેની વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. વિદેશી નાગરિકોના સંપર્કમાં રહેવા માટે સિદીકે ડાર્ક વેબનો ઉપયોગ કર્યો હોવાની શંકા પોલીસને છે. પોલીસ તેના ડિજિટલ ફૂટપ્રિન્ટ્સની તપાસ કરી રહી છે.

પાંચમા પાનાનું ચાલુ

## ૩૧મી પહેલાં

મુશ્કેલી થઈ શકે છે. તેથી સંબંધિત કૉન્ટ્રેક્ટરો ૨૫ મે સુધીમાં ડામર નાખીને રસ્તો સમથળ કરવાનો રહેશે અને અને જો તેણે આ કામ ચાલુ નહીં કર્યું તો અન્ય કૉન્ટ્રેક્ટર મારફત પ્રોજેક્ટના કૉન્ટ્રેક્ટરના જોખમે અને ખર્ચે કામ પૂરું કરવાનું રહેશે. આ કામ ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં કરવાનું ફરજિયાત રહેશે. તેમ જ સાઈટને સુરક્ષિત હાલતમાં લાવવા માટે જે ખર્ચ કરવામાં આવ્યો હતો તે ખર્ચાની બમણી રકમ જેટલી દંડાત્મક રકમ સંબંધિત કૉન્ટ્રેક્ટ પાસેથી વસૂલ કરવામાં આવશે.

## ચોથા માળે

(અન્યોના જાનમાલને જોખમમાં મૂકવું) ઉપરાંત મહારાષ્ટ્ર રિજનલ એન્ડ ટાઉન પ્લાનિંગ એક્ટ, ૧૯૬૬ની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો, એમ કોલસેવાડી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ગણેશ નાયડેએ કહ્યું હતું. ચૌરસિયાએ પ્રશાસન પાસેથી પરવાનગી લીધા વિના ફ્લોરિંગનું કામ અનધિકૃત રીતે શરૂ કર્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું. દરમિયાન ઇમારતનો સ્લેબ તૂટી પડ્યા બાદ બાકી ઇમારત પણ વસાહત માટે સુરક્ષિત ન હોવાથી તેને પણ તોડી પાડવામાં આવી છે, એમ કલ્યાણના સબ-ડિવિઝનલ ઓફિસર વિશ્વાસ ગુજરે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે મંગળવારે બપોરે ઇમારતનો ચોથા માળનો સ્લેબ તૂટીને ગ્રાઉન્ડ ફ્લોટ પર પડતાં લોકો કાટમાળ હેઠળ દબાઇ ગયા હતા. આ દુર્ઘટનામાં નમસ્વી શ્રીકાંત શેલાર (૨), સુનીતા સાહુ (૩૮), પ્રમિલા ગુજર (૫૬), વ્યંકટ ચવ્હાણ (૪૨), સુશિલા ગુજર (૭૮) અને સુજાતા મનોજ વપાડી (૩૮)નાં મોત થયાં હતાં.

## અમદાવાદમાં

અમદાવાદ ગયાં હતાં. ત્યારથી તેઓ ત્યાં જ રહેતાં હતાં. મંગળવારે સવારે જંગમનો તેની પત્ની સાથે ઝઘડો થયો હતો, જે ઉગ્ર બનતાં જંગમે શસ્ત્રના ઘા ઝીંકીને રિનાની હત્યા કરી હતી અને બાદમાં તે ફરાર થઇ ગયો હતો. બનાવની જાણ થતાં અમદાવાદના નારોલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. રિનાના મૃતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ નારોલા પોલીસે આ પ્રકરણે જંગમ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. નારોલા પોલીસે જંગમનો મોબાઇલ નંબર મેળવ્યા બાદ તેનું લોકેશન ટ્રેસ કરતાં તે ઘાટકોપરના રમાબાઇ આંબેડકર નગરમાં હોવાનું જાણવા મળ્યું હતું. આથી નારોલા પોલીસે પંતનગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પંતનગર પોલીસે જંગમની શોધ આદરી હતી અન તેને કલાકમાં પકડી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## અભિનેતા અર્જૂન

હતું કે મેજિસ્ટ્રેટ કોર્ટે બિન-જામીનપાત્ર વોરંટ જારી કરતા પહેલા કોઈ કારણો પણ નોંધ્યાં નહોતાં.

હાઇકોર્ટે કહ્યું હતું કે જામીનપાત્ર ગુનાના કેસમાં બિન-જામીનપાત્ર વોરંટ જારી કરવાથી અભિનેતા પ્રત્યે પૂર્વગ્રહ રહેશે. હાઇકોર્ટે વધુમાં ઉમેર્યું હતું કે મેજિસ્ટ્રેટે એ હકીકતને અવગણી હતી કે અભિનેતાના વકીલ કોર્ટમાં હાજર હતા. હાઇકોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૧૬ જૂન પર મુલતવી રાખી હતી.

રામપાલના વકીલ સ્વપ્નિલ અંબુરેએ કોર્ટમાં દલીલ કરી હતી કે ડિસેમ્બર ૨૦૧૯ (નોટિસ જારી કરવા) અને એપ્રિલ ૨૦૨૫(બિન-જામીનપાત્ર વોરંટ જારી કરવા) ના મેજિસ્ટ્રેટના આદેશો ખોટા અને મનસ્વી હતા. ''નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે સંપૂર્ણ કર રકમ વિલંબથી ચૂકવવામાં આવી હતી. પરંતુ વિભાગ દ્વારા ફરિયાદમાં થયેલ આક્ષેપ મુજબ કોઈ કરચોરી કરવામાં આવી નથી,'' અંબુરેએ હાઇકોર્ટને જણાવ્યું હતું. કોર્ટે અર્જુન રામપાલના વકીલની દલીલ ગ્રાહ્ય રાખી હતી. (પીટીઆઈ)

## 'ઈ - બાઈક ટેક્સી'

કર્યો હતો અને તેના વિરોધનાં કારણો પણ આપ્યા હતા,'' યુનિયનના પ્રમુખ શશાંક રાવે જણાવ્યું હતું. ઈ-બાઈક ટેક્સીઓ/બાઈક પૂલિંગ શરૂ થવાથી ૧૫ લાખ રિક્ષાચાલકોની રોજગારી જોખમમાં મુકાશે.

રાજ્ય સરકારે ઈ-બાઈક ટેક્સીઓને મંજૂરી આપતા પહેલા યુનિયન સાથે ચર્ચા કરવી જરૂરી હતી, પરંતુ સરકારે એકપક્ષીય નિર્ણય લઈને આ ઈ-બાઈક ટેક્સીઓને મંજૂરી આપી છે, એમ શશાંક રાવે જણાવ્યું હતું.

## રાજ્યમાં જાન્યુઆરીથી

આરોગ્ય ખાતાએ જણાવ્યું હતું. જાન્યુઆરીથી અત્યાર સુધી ૬,૦૬૬ રક્તના નમૂનાની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૧૦૬ લોકોને કોરોના પોઝિટિવ આવ્યા હતા. તેમાંથી ૧૦૧ લોકો મુંબઈના અને બાકીના પુણે, થાણે અને કોલ્હાપુરના હતા. હાલ રાજ્યમાં કોરોનાના બાવન દર્દીઓ પર સારવાર ચાલી રહી છે, તેમનામાં કોરોનાનાં હળવાં લક્ષણો નોંધાયા છે, તેમાંથી ૧૬ પર જુદી જુદી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## સૂત્રધારે સીએ

ઊભું કર્યું હતું. બે કંપનીઓની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ અનુક્રમે ૧૧૩ અને ૫૭ બોગસ કંપનીઓ માટે કાગળ પર ખોટા વ્યવહારોની પ્રક્રિયા કરી હોવાનું જણાયું હતું. આ કંપનીઓ મારફત ભેગાં કરવામાં આવતાં નાણાં પછી હવાલા ચૅનલમાં જતા હતા, જે દર્શાવે છે કે કૌભાંડની વ્યાપ્તિ ધાર્યા કરતાં ઘણી મોટી છે. અત્યાર સુધીમાં બે જણ પોલીસ ફરિયાદ નોંધાવવા આગળ આવ્યા હતા. ફરિયાદીઓની સાચી ઓળખનો દુરુપયોગ કરી આરોપીઓએ આર્થિક ફ્રોડ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આરોપીઓએ ૧૬૦ કરોડ રૂપિયાનું ફ્રોડ કર્યું હોવાનું અત્યાર સુધીની તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ)

## 'આતંકવાદ સામેની

કહ્યું કે મારું માનવું છે કે જ્યારે દેશમાં કોઈ સંકટ આવે, ત્યારે આપણે એક થઈને સાથે ઊભા રહેવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે કિરેન રિજિજુએ મને ફોન કરીને કહ્યું હતું કે દેશ માટે તમારો સમય જોઈએ છે. આમાં બધા જ પક્ષોના લોકો છે. અમે કોઈ પક્ષનું નહીં, પણ દેશનું પ્રતિનિધિત્વ કરીશું. આ અમારા માટે દેશનું પ્રતિનિધિત્વ કરવાની એક મોટી તક છે. તેમણે કહ્યું કે ભારતમાં ઘણી પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને આ તેમાંથી એક છે. આજે પ્રથમ બેચમાં ત્રણ પ્રતિનિધિમંડળ રવાના થઈ રહ્યા છે. બીજી બેચ ૨૪ મેના રોજ રવાના થશે અને ત્રણ કે ચાર જૂનના રોજ પરત ફરશે. પોતાને પ્રાઉડ ઇન્ડિયન ગણાવતા સુપ્રિયા સુળેએ કહ્યું કે ભારત આતંકવાદ સામે લડી રહ્યું છે અને અમે દેશની સાથે ઊભા છીએ. ઉદ્ધવ ઠાકરે અને મમતા બેનર્જીએ પણ દેશ માટે સ્ટેન્ડ લીધું છે. તેમણે એમ પણ કહ્યું કે શરદ પવારે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે અમે એવું કંઈ નહીં કહીએ જે આપણી સેના કે સુરક્ષાને લઈને ખોટો મેસેજ જાય. આ દલીલોનો સમય નથી. કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નાના યુદ્ધ વિશેના નિવેદન પર, સુપ્રિયા સુળેએ કહ્યું કે દરેક યુદ્ધ, યુદ્ધ છે,ભલે તે નાનું હોય કે મોટું. તેમણે જળ જીવન મિશન માટે ખર્ચમાં વધારા અંગે પારદર્શિતાના મુદ્દા પર જળ ઊર્જા મંત્રી સીઆર પાટીલને પત્ર લખવાની પણ વાત કરી.

## સંજય રાઉતે

વિના તેમના પર નિશાન સાધ્યું. સંજય રાઉતે 'X' પર પોસ્ટ કરી, ''જો માણસ અને પતંગ હવામાં ખૂબ ઊંચે ઊડે, તો સમજી લેવું કે કપાવાનો છે.''

રવિશંકર પ્રસાદના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળમાં સમાવેશ થયો છે

ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળમાં પ્રિયંકા ચતુર્વેદીને સામેલ કરવામાં આવ્યાં છે. આ પ્રતિનિધિમંડળ યુનાઇટેડ કિંગડમ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી અને ડેનમાર્કની મુલાકાત લેશે. પ્રતિનિધિમંડળમાં ડી પુરંદેશ્વરી (ભાજપ), પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના-યુબીટી), ગુલામ અલી ખટાના (રાજ્યસભા સભ્ય), અમર સિંહ (કોંગ્રેસ), સમિક ભટ્ટાચાર્ય (ભાજપ) અને પંકજ શરણ (રાજદ્વારી) નો સમાવેશ છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ મલાડ, ગં.સ્વ. પ્રવિણાબેન ડાયાભાઈ દોશી (ઉ.વ. ૮૪) દયાળજીભાઈ સોમચંદભાઈ દોશીના પુત્રવધૂ. અમિચંદ દીપચંદ સરવૈયાના દીકરી. સ્વ. મનીષા હિતેશ સાવલા, જાગૃતિ નિલેશ શાહના માતા. મહિન્દ્ર, હર્ષદ, સુદીપ, હંસા રમેશ સગલિયા, જયશ્રીબેન શાહ, પ્રતિભા અજય શાહના બેન. મીત, ક્રિમલના નાની. તા. ૨૦-૫-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૨-૫-૨૫ના રોજ વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (મોટા ઉપાશ્રય), પારેખ લેન, એસ.વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ), સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રતનપર (ગાયકવાડ) નિવાસી હાલ ભિવંડી, શ્રી ચંપકલાલ અમૃતલાલ સંઘવીના ધર્મપત્ની ડોલરબેન સંઘવી (ઉં.વ. ૭૪) મંગળવાર, તા. ૨૦-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ રસિકલાલ અમૃતલાલ સંઘવીના ભાઈના પત્ની. જતીન-હેમાલી-રૂપેશના માતુશ્રી. ધારા અને ભાવેશકુમારના સાસુજી. પિયર પક્ષે શ્રી ભાઈચંદ ત્રિભોવનદાસ વોરાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૨-૫-૨૫ના ગુરુવારે સવારે ૧૦થી ૧૨ રાખેલ છે. પ્રાર્થના સ્થળઃ દિગંબર હોલ, સીલકો હાઉસની બાજુમાં, શિવાજી ચોક, ભિવંડી.

**શ્વેતાંબર દેરાવાસી જૈન**

વડાલી નિવાસી (હાલ મુંબઈ), મણીલાલ લક્ષ્મીચંદ દોશીનાં સુપુત્રી. અ.સૌ. રેખાબેન શાહ (ઉં.વ. ૬૯) મંગળવાર, તા. ૨૦-૫-૨૫નાં દિને અરિહંતશરણ પામેલ છે. તે વિજયભાઈ પોપટલાલ શાહનાં ધર્મપત્ની. તે વિશાલ અને સૌલિકનાં માતુશ્રી. શ્વેતા અને પરીતાનાં સાસુ. તે શ્રેયાંશભાઈ અને સ્વ. શાલીભદ્રભાઈનાં ભાભી. તે રશ્મીબેન અને બેલાબેનનાં જેઠાણી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૨-૫-૨૫નાં દિને બપોરે ૩થી ૫. પ્રાર્થના સ્થળઃ ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ-૪.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ મનફરાના અ.સૌ. ગોમતીબેન પ્રેમજી પોપટ સાવલાના પૌત્રી. કૃપાલી સમીરની સુપુત્રી જાન્હવી (ઉં.વ. ૧૬) સોમવાર, તા. ૧૯-૫-૨૫ના રોજ દહીંસર મધ્યે અરિહંતશરણ પામેલ છે. હીના, અમિત, શીતલ, હિરેનના ભત્રીજી. ચૈત્ય, ધર્મિલ, લબ્ધી, યતીની કાકાઈ બેન. અ.સૌ. નાનુબેન જયંતી પુંજાની દોહિત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૨-૫-૨૫ ૩.૦૦થી ૪.૩૦ સ્થળઃ ગોપાલજી હેમરાજ સ્કૂલ (જી.એચ.) એમ.જી. રોડ, સુકરવાડી, બોરીવલી (ઈસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી, હાલ મલાડ, સ્વ. મૂળવંતરાય લાભશંકર શાહના ધર્મપત્ની ગં.સ્વ. જ્યોત્સનાબેન (ઉં.વ. ૭૯) તા. ૧૯-૫-૨૫, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે અ.સૌ. જાગૃતિ શૈલેષ વોરા અને અ.સૌ. અંકિતા ગૌરવ પુનાતરના માતુશ્રી. વવાણીયા નિવાસી શાંતાબેન શામજીભાઈ મહેતાના દીકરી. સ્વ. સુરેશભાઈ, શરદભાઈ, કિરીટભાઈ, નિતીનભાઈ, સ્વ. ભારતીબેન અને ગં.સ્વ. ઈલાબેનના બેન. ચિ. ધરા, જિલ અને દર્શના નાની. પ્રાર્થનાસભા રાખેલ નથી. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ફરાદીના કસ્તુરબેન ગાલા (ઉ.વ.૮૬) તા. ૨૦-૫-૨૫ના અવસાન પામેલ છે. વેલબાઈ ખીમજી ના પુત્રવધુ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. પ્રફુલા, હરેશ, ચેતના, રાજેશના માતુશ્રી. મોટી ખાખરના કંકુબેન લાલજી ટોકરશીના સુપુત્રી. કલ્યાણજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હરેશ લક્ષ્મીચંદ ગાલા, ૬/૨, એ, સાઇનીકેતન, માઉન્ટ રોડ, મઝગામ, મુંબઇ ૧૦.

ભુજપુરના અ.સૌ. જયવંતીબેન અરવિંદ ગડા (ઉ.વ. ૭૫) તા. ૨૦-૫-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. મણીબેન શીવજીના પુત્રવધૂ. અરવિંદ શીવજીના ધર્મપત્ની. મહેશ, હિતેન, દીપક, ચેતન ના માતુશ્રી. રતનબેન દેવજી કાંઇયા ના પુત્રી. કાંતીલાલ, જેન્તીલાલ ના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરસન લધુ નીસર હોલ, દાદર. ૨ થી ૩.૩૦ નિ. મહેશ ગડા, ૫૦૨, સ્ટરલીંગ એપા., હરભાણજી લેન, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈ), મું. ૭૭.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

લાઠીદડ નિવાસી હાલ બોરીવલી, સ્વ. અંજવાળીબેન મણીલાલ શાહના પુત્રવધૂ ઉર્મિલાબેન (ઉં.વ.૭૮) તા.૧૯/૦૫/૨૫ના સોમવારે અરિહંતચરણ પામેલ છે. તે સ્વ. રસિકલાલના પત્ની. શૈલેષભાઈના માતા. અલ્પાબેનના સાસુ. માનસી, પરિતાના દાદી. સ્વ. શાંતાબેન નગીનદાસ કોઠારીના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી, હાલ પાર્લા, સ્વ. કાંતિલાલ રાઈચંદ દોશીના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં.વ.૮૯) ઉમેશ, નિશા, જિજ્ઞાના માતુશ્રી. અ.સૌ નીતા, દિપકકુમાર, સ્વ. કિરીટકુમારના સાસુ. મીતેષ, નિકિતા, ભાવિનના દાદીમા. સ્વ. નવનીતભાઈ, સ્વ. ભાનુબેનના બેન. વસંતબેન છેલશંકર દામાણીના દિકરી. તા.૧૯/૦૫/૨૫ના સોમવાર અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

લીંબડી નિવાસી, હાલ મુલુન્ડ, વિનોદભાઈ શાહ (ઉં.વ.૮૦) ૨૦-૦૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદુલાલ ધરમશી શાહના સુપુત્ર, સ્વ. નગીનભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. નરેશભાઈ, સ્વ. વિમળાબેન તથા સ્વ. સુશીલાબેનના ભાઈ. ગીતાબેનના પતિ. પંકજ તથા વિશાલના પિતાશ્રી. કોમલબેન તથા વૈશાલીબેનના સસરા. સ્વ. શ્યામજી પદમશ્રી લોડાયા ગામ સુથરીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

# પારસી મરણ

અદી દીનશાજી કરંજીયા તે મરહુમ જરુના ધની. તે મરહુમો દિનબઈ દિનશાજી કરંજીયાના દીકરા. તે જહાંગીર, હોશી ને વીસપીના પપા. તે અનજુના સસરા. તે મેહરુના ભાઈ. તે માલકમ ને દારાયસના બપઈજી. (ઉં. વ. ૯૮) રે. ઠે.: ૧-બી/ ૫૦૫ બ્રીન્દાવન કો.હા. સોસાયટી, પુનમ નગર, અંધેરી (ઈ), મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. બાન્દ્રા તાતા અગિયારીમાં છેજી.

રુમી મીનુ શરોફ તે મરહુમો કેતી મીનુ શરોફના દીકરા. તે મરહુમો પોલી, અદીલ, સાઈરસના ભાઈ. તે વઈસતા સાઈરસ શરોફના કાકા. તે મરહુમ દીનુ સી. શરોફના જેઠ. (ઉં. વ. ૭૩) રે. ઠે.: ૨૪ કોન્ટ્રાક્ટર ચાલ, દાદાજી કોન્ડકે મારગ, વી. જે. બી. ઉદ્યાન ભાઈખલા, મુંબઈ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૫-૨૫ના દિને બપોરે ૩.૪૫ વાગે, મેવાવાલા અગિયારીમાં છેજી.

ઝરીન ફલી તવદીયા તે મરહુમ ફલીના ધન્યાની. તે મરહુમો બાઈમાય દારબશા મીસ્ત્રીના દીકરી. તે રુખશાદ, કેશમીરા, રયોમંદના માતાજી. તે રોની, શેરીયાર ને મેહેરનાઝના સાસુજી. તે મરહુમો પરવેઝ, જીમી ને નરગીશના બહેન. તે દાનેશ ને શામાનાઝના મમઈજી. (ઉં. વ. ૮૧) રે. ઠે.: તાતા કોલોની, બિલ્ડિંગ નં. ૬, ફલેટ નં. ૧૬, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે કપાવાલા અગિયારીમાં છેજી.

ફીરોઝ ધનજીશા અંકલેસરીયા તે મરહુમો માનેકબઈ ધનજીશા અંકલેસરીયાના દીકરી. તે દાદી ને ફેનીના બહેન. તે બકતાવરના ફુઈ. (ઉં. વ. ૮૩) રે. ઠે.: ઓનરસ કોર્ટ કો.હા. સોસાયટી, ફલેટ નં. ૧, ભોંય તળે, આરથર બંદર રોડ, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં. ૧માં ડુંગરવાડી.

લીલી સોલી કરંજીયા તે મરહુમ સોલી અરદેસર કરંજીયાના ધણીયાણી. તે મરહુમ જીનીમાય દોસાભાઈ વાનીયાના દીકરી. તે દારાના માતાજી. તે ફરાહનાઝના સાસુજી. તે હોમાય, ડેઝી તથા મરહુમ ફરીદાના બહેન. તે ગેવ, વહીસતા, જેહાનના માસી. (ઉં. વ. ૮૫) રે. ઠે.: સુના વીલા, પાંચમે માળે, પેરી ક્રોસ રોડ, બાન્દ્રા (વે), મુંબઈ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. બાન્દ્રા તાતા અગિયારીમાં.

અસપી બમનશા દોસાભાઈ તે મરહુમો બમનશા ને નરગીશ દોસાભાઈ કોલસાવાલાના દીકરા. તે ઝરીન તથા મરહુમ હોમીના ભાઈ. તે નેવીલના ભાનજા, તે આઝમીનના ભાનજી. તે દીનયારના બનેવી. (ઉં. વ. ૮૫) રે. ઠે.: ૬૯૧, દીનશા માસ્તર રોડ, પારસી કોલોની, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૫-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં દાદર.

સોનુ ચિનોય (ઉં.વ. ૮૫) તા. ૨૧-૫-૨૦૨૫એ ગુજરી ગયા છે. તે તિલક ચિનોયના વાઈફ, ડેલનાના મધર. મિત્રેનના સાસુ. નિશક્કા, પાર્થ, શેરીના દાદી. મરહૂમ બહેરામ, ફ્રેની, મહેરુના બહેન. ઉઠમણુંઃ તા. ૨૨-૫-૨૦૨૫એ.

# હિન્દુ મરણ

**કપોળ**

સ્વ. ગીરીશ ઈશ્વરલાલ જગમોહનદાસ મહેતાના પત્ની ગં.સ્વ. ભાવના (ઉં.વ. ૭૪) તે ચિ. ચેતન તથા રાકેશના માતા. અ.સૌ. મોનાલીના સાસુ. જાફરાબાદવાળા હેમેન્દ્રભાઈ વૃજલાલ ગોરડિયા તથા અ.સૌ. પુષ્પા, સ્વ. અંજના, સ્વ. સુશીલાના બહેન તા. ૧૯-૫-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે ચિ. દર્શીલ તથા ચિ. સિદ્ધિના દાદી. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મોતાળા બ્રાહ્મણ**

સ્વ. વિભા અશોક ભટ્ટ તા. ૨૦-૫-૨૫ના કૈલાસવાસી થયા છે. તે સ્વ. અશોક નંદલાલ ભટ્ટના પત્ની. સ્મિતના માતા. અદિતિના સાસુ. કાવ્યા અને દર્શના દાદી. પ્રાર્થનાસભા તા. ૨૩-૫-૨૫, શુક્રવાર સ્થળઃ પહેલે માળે, વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પાર્લે (પશ્ચિમ), સાંજે ૫.૦૦થી ૭.૦૦.

**પરજિયા સોની**

તળાજા હાલ મુંબઈ, સ્વ. ગિરિશભાઈ માધવજીભાઈ સાગર તથા જ્યોત્સનાબેનના દીકરા સમીરભાઈ (ઉં.વ. ૪૬) તા. ૨૦-૫-૨૫, મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ધુમાબેનના પતિ. વંશિકા, વેદિકાના પિતાશ્રી. સંદીપ, સ્વ. અમરના ભાઈ. બિંદિયાના દિયર. લાઠીવાળા મુકેશભાઈ જમનાદાસ ધકાણના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મહુવા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. ભાનુમતીબેન ચુનીલાલ વાલજી મેહતાના પુત્રવધૂ તથા સ્વ. દિનેશભાઈના ધર્મપત્ની વર્ષાબેન (ઉ.વ.૬૦) તા ૧૯/૦૫/૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. રાજના માતુશ્રી, ભારતી જસ્મીન મેહતાના દેરાણી, પારુલ (પ્રફુલા) દિપકકુમાર મોદીના ભાભી, ગોકળદાસ મુલજીભાઈ ચીતલીયાની સુપુત્રી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જૂનાગઢ ગિરિનારાયણ બ્રાહ્મણ**

જૂનાગઢ નિવાસી હાલ મલાડ, સ્વ વસુમતીબેન દીલસુખરાય ઠાકરના સુપુત્ર વિજયભાઈ ઠાકર (ઉ.વ.૭૯) તા.૧૪/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અશ્વિનભાઈ, વિપીનભાઈ, મહેશભાઈ, વનલીલાબેન તથા હંસાબેનના ભાઈ, ઉપેન્દ્ર, દક્ષા શાહ, કાશ્મીરા, દક્ષા ઠાકર, ભદ્રેશકુમાર તથા કાર્તિકકુમારના કાકાજી, સર્વેશ, રાજવી તથા સૌમિલ, કિજલના દાદાજી, રચના તથા કરણના નાનાજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

આટકોટવાળા હાલ નેરૂલ નવી મુંબઈ, ચીનુભાઈ જગડ (ઉ.વ.૮૫) સોમવાર તા.૧૯.૦૫.૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.હેમકુવરબેન અમૃતલાલ શામજી જગડના પુત્ર, ચંદ્રિકાબેનના પતિ, રાહુલ, મયુરના પિતાશ્રી, સુધા, દીનાના સસરા, જીનીત, યથાર્થ, દીવીતના દાદા, સ્વ. કુસુમબેન સોનેજી, સ્વ.જીતુભાઇ, ગુલાબબેન પડિયા, સ્વ.કોકીલાબેન પડિયા, સ્વ.વસંતભાઇ, સ્વ.વિનોદભાઈ, સ્વ.રમેશભાઈ, જયસિંહ તથા વાસંતીબેન સોનેજીના ભાઈ. પ્રાર્થનાસભા તા.૨૨/૦૫/૨૫ ને ગુરુવારે ૪.૩૦થી ૬.૦૦. દેવાડીગા ભવન,બીજા માળે પ્લૉટ નંબર.૧૨, સેક્ટર ૧૨. નેરૂલ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

પ્રદીપભાઈ (ઉ.૭૩) તે ઇન્દુલા મથુરાદાસ ભાટિયા (બેરાઈ) ના પુત્ર. રૂપાના પતિ. સ્વ. કાનજીભાઈ વશનજી કાદિના જમાઈ. ઉર્વી, જયુથિકા સૌરભ ભાટિયા, ચિતન, શિવાનીના પિતા મલ્લિકા યતીન પાસ્તા, પ્રકાશભાઈના ભાઈ. ખુશાલ, મુસ્કાન, માઈશા, વિહાનના નાના /દાદા ૧૭/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૪/૫/૨૫ના ૫ થી ૭. પી ડી ખખ્ખર બેન્કવેટ હોલ, અસ્પી ઓડિટોરિયમ, પહેલે માળે,માર્વે રોડ, નૂતન સ્કૂલ પાસે, મલાડ વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

વાળુકડ નિવાસી હાલ રાજકોટ મુંબઈ, દેવેન્દ્ર દવે (ઉં.૬૬) તે સ્વ. સવિતાબેન બાબુલાલ દવેના પુત્ર. સ્વ. મહેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, ભારતીબેન સુશીલકુમાર ત્રિવેદી, અરુણાબેન ઉપેન્દ્રભાઈ જાની, રક્ષાબેન હરેનભાઈ રાવલના નાનાભાઈ. સ્વ. કાલિદાસભાઈ, સ્વ કેશવલાલ, સ્વ. વસંતબેન, સ્વ. કબૂબેન, સ્વ જયાબેનના ભત્રીજા. દીપ્તિ આશિષ વ્યાસ, કલ્પેશ, સ્વ. ગૌરવ, નીરવના કાકા. મિહિર, સેજલ, સ્નેહલ, સોનલ, ઉર્વી દિગંતના મામા. ૧૮/૫/૨૫ના રાજકોટ મુકામે કૈલાશવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

મૂળી નિવાસી, હાલ અંધેરી, સ્વ. અશોકભાઈ પરષોત્તમભાઈ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન પરમાર (ઉં.વ.૭૨) તા.૧૮-૫-૨૫ના શ્રીહરિચરણ પામ્યા છે. તે ગં. સ્વ. શારદાબેન હરિલાલ ટપુભાઈ ધામેચાના પુત્રી. વૈશાલી જયેશ કપૂરીયા, સાધના મિતેશ મકવાણા, જીજ્ઞા વિશાલ કપૂરીયા, કાજલ દક્ષેત મેહતાના માતાશ્રી.

**નવગામ ભાટિયા**

ચિરંજીવ પાર્થિવ (ઉં.વ. ૪૫) તે રેણુ ભીખુભાઈ સંપટના સુપુત્ર, અમરેલીવાળા સ્વ. રમાબેન તથા સ્વ. નરભેરામ વીરજી સંપટના પૌત્ર. સ્વ. રમાબેન તથા લક્ષ્મીદાસ રઘુનાથ છીછીયાના દોહિત્ર. અંજુકાકી, સ્વ. ખટુભાઈ, સ્વ. રંજનબેન, સ્વ. હંસાબેન કીરીટભાઇ ઉદેશી, રશ્મીબેન તુષારભાઈ વેદ, જયશ્રી બેન(કુકી) મૌલીનભાઈ પંડ્યાના ભત્રીજા. તા.૨૦મે ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૨૨ મે ૨૦૨૫ના ૫ થી ૬:૩૦. સ્થળઃ રોટરી ક્લબ હોલ, જુહુ તારારોડ, ઓડિયો સોનિકની સામે, જુહુ કોળીવાડાની પાસે, જુહુ, મુંબઈ ૪૦૦૦૫૪.

**શાકદ્વીપિય બ્રાહ્મણ**

પાટણ નિવાસી હાલ મુંબઇ, સ્વ. ત્રિલોક ચંદુલાલ પાંડેના પત્ની દિના (ઉં.વ.૭૧) સોમવાર તા.૧૯-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે વિભા અને દીપાના માતા. રમેશ ચંદુલાલ પાંડે(જેઠ)ના ભાભી. ઓમપ્રકાશ, લેખિની અને પ્રેમપ્રકાશ પાંડેના કાકી. ગૌરાંગ અને પ્રેયશના સાસુ. પિયરપક્ષે પાટણ રહેવાસી સ્વ. દેવકન્યા સ્વ. બચુભાઈ પાંડેના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એ ૬/૮ ૪૪ જીવન સંતોષ, જીવન બીમા નગર, બોરીવલી પશ્ચિમ.

**મરણ ખબર માટેની સૂચના** — મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ચોમાસા પૂર્વેનો વરસાદઃ હજી બે દિવસ ભારે રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કર્ણાટકના કિનારાથી પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં નિર્માણ થયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે મુંબઈ સહિત મહારાષ્ટ્રના અમુક રાજ્યોમાં ૨૪ મે સુધી ગાજવીજ અને ભારે પવનો ફૂંકાવાની સાથે વરસાદ ચાલુ રહેવાનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે. મુંબઈમાં બુધવાર માટે યલો એલર્ટની ચેતવણી હતી પણ મંગળવારની સરખામણીમાં મોટાભાગના વિસ્તારમાં હળવા વરસાદના ઝાપટાં પડયા હતા.

મંગળવાર સાંજ બાદ મુંબઈના મોટાભાગના વિસ્તારમાં વીજળીના ગડગડાટ સાથે ભારે વરસાદ પડી ગયો હતો. મંગળવાર સવારના આઠ વાગ્યાથી બુધવાર સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકના સમયગાળામાં દક્ષિણ મુંબઈમાં ૨૪ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૨૬ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૪૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. અચાનક આવી પડેલા વરસાદને પગલે અમુક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા, તો અંધેરી સબવેને પણ થોડા સમય માટે બંધ કરવો પડયો હતો. મંગળવારના રાતના સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધીના કલાકમાં ભારે વરસાદ રહ્યો હતો, જેમાં જોગેશ્વરીમાં ૬૩ મિ.મી. અને ડોંગરીમાં ૫૭ મિ.મી. વરસાદ પડી ગયો હતો. તો રાતના આઠ વાગ્યાથી નવ વાગ્યા સુધીના સમયગાળામાં બોરીવલીમાં સરેરાશ ૬૧ મિ.મી. અને કાંદિવલીના ચારકોપમાં ૪૯ મિ.મી. તો માલવણીમાં ૪૭ મિ.મી. જેટલો વરસાદ પડી ગયો હતો.

મંગળવારના ભારે વરસાદ બાદ જોકે બુધવારે મુંબઈમાં થોડી રાહત રહી હતી. દિવસ દરમ્યાન વાદળિયું વાતાવરણ રહેવાની સાથે જ અમુક વિસ્તારોમાં હળવા ઝાપટાં પડી ગયા હતા. હવામાન ખાતેએ મુંબઈ સહિત થાણે, પાલઘર અને રાયગઢ માટે ૨૪ મે સુધી યલો એલર્ટની ચેતવણી આપી હળવાથી મધ્યમ વરસાદ અને ઝડપથી પવન ફૂંકાવાની ચેતવણી આપી છે.

રાજ્યમાં હાલ પડી રહેલા કમોસમી વરસાદ અને પવન ફૂંકાવાને પગલે જોકે ભારે નુકસાન થયું છે. થાણે જિલ્લાના મુરબાડમાં મંગળવારના ભારે વરસાદ અને પવન ફૂંકાવાને કારણે પાવર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમને મોટું નુકસાન થયું હતું અને અનેક વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસીટી ડિસ્ટ્રીબ્યુશન કંપનીએ યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરીને વીજ પુરવઠો બુધવારે પૂર્વવત્ કર્યો હતો.

રાજ્યના અનેક વિસ્તારમાં ભારે વરસાદની સાથે જ કડાકા-ભડાકા સાથે વીજળી પણ પડી રહી છે, જેમાં છેલ્લા થોડા વર્ષો મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડામાં વીજળી પડવાને કારણે માણસ સહિત પશુ-પ્રાણીઓના મૃત્યુ થયા છે. ૨૦૨૩ની સાલમાં વીજળી પડવાને કારણે ૪૮ના મોત થયા હતા. ગયા વર્ષે ૭૬ લોકોના મોત થયા હતા.■



**તેજો વલયઃ** સૂર્ય આગ ઓકી રહ્યો છે ત્યારે બુધવારે નાગપુરમાં સૂર્યની આસપાસ પ્રકાશ વર્તુળ (વલય) જોવા મળ્યું હતું. આ અત્યંત દુર્લભ ઘટના છે જેમાં વાદળોમાં રહેલા બરફના કણો સૂર્યના પ્રકાશને પરાવૃત્ત કરીને આવું પ્રકાશ વર્તુળ તૈયાર કરે છે. (એજન્સી)

## રાજ્યમાં જાન્યુઆરીથી અત્યાર સુધી કોરોના સંબંધિત બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશ-વિદેશમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે. દેશમાં છેલ્લા થોડા દિવસથી કોરોનાના કેસમાં વધારો નોંધાયો છે ત્યારે રાજ્યના આરોગ્ય ખાતાએ જણાવ્યા મુજબ રાજ્યમાં ચાલુ વર્ષમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં કોવિડ સંબંધિત બેનાં મોત થયાં છે અને આ બંને મૃત્યુ મુંબઈની પાલિકા સંચાલિત કેઈએમ હૉસ્પિટલમાં થયા હતા પણ બંને મૃતકો મુંબઈ બહારના રહેવાસી હતા. પાલિકાના જણાવ્યા મુજબ આ બંનેના મૃત્યુ કોરોનાને કારણે નહીં પણ અન્ય ગંભીર બીમારીને કારણે થયાં હતાં. જોકે મૃતકોને કોરોના પોઝિટિવ હતા.

આ દરમ્યાન રાજ્યમાં કોરોનાના કેસમાં વધારો થાય નહીં તે માટે તમામ સ્તરે પગલાં લેવામાં આવી રહ્યાં હોવાનું (જુઓ પાનું ૪) ▸▸

## મરાઠવાડામાં પોલીસે ડ્રોનની કરી માગણી

છત્રપતિ સંભાજીનગરઃ ચોમાસુ નજીકમાં છે ત્યારે નદીઓમાં આવતા પૂર વિશે ગામવાસીઓને આગોતરી જાણકારી આપવા માટે મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડા વિભાગમાં પોલીસે ડ્રોનની માગણી કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મરાઠવાડા રિજનમાં ગોદાવરી, પૂર્ણા, દુધના, પેણગંગા, મંજારા તેમ જ તેરના નદીઓ છે અને આ રિજનમાં છત્રપતિ સંભાજીનગર, જાલના, પરભણી, હિંગોલી, નાંદેડ, બીડ, લાતુર અને ધારાશિવ એમ આઠ જિલ્લાઓનો સમાવેશ છે.

આ રિજનમાંના અનેક ગામોમાં ૨૦૦૫થી છાશવારે પૂર આવ્યાં છે. આથી આવી આપત્તિ દરમિયાન લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસ વિભાગ આ દરેક જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટીનો સભ્ય પણ છે.

કટોકટી અથવા પૂર જેવી પરિસ્થિતિ દરમિયાન પોલીસને ગામોમાં પહોંચીને ખતરા વિશે માહિતી આપવા માટે જાહેર ઘોષણા કરવી પડે છે. અમુક ગામોમાં દાવંડી (ઢોલ વગાડીને કરાતી વિશેષ ઘોષણા)નો પણ ઉપયોગ કરવામાં આવે છે.

પોલીસ વિભાગ હવે ટેક્નોલોજી અપનાવવા અને આવી ઘોષણાઓને વધુ કાર્યક્ષમ રીતે કરવા માટે ડ્રોનનો ઉપયોગ કરવા માગે છે, એમ ડ્રોનની માગણી કરવા પાછળનું કારણ સમજાવતા પોલીસે જણાવ્યું હતું.

ચોમાસામાં અમુક વખત પૂર અથવા અન્ય આપત્તિ વિશે ગામોમાં પહોંચવાનું અને લોકોને સતર્ક કરવાનું મુશ્કેલ અને સમય માગી લેનારું હોય છે. આથી પોલીસ હવે જાહેર ઘોષણા કરવા ડ્રોનની મદદ લેવા માગે છે, એમ ડિવિઝનલ કમિશનર દિલીપ ગાવડેએ કહ્યું હતું.

નાંદેડના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અબિનાશ કુમારે જણાવ્યું હતું કે તેઓ જિલ્લા નિયોજન સમિતિ થકી ડ્રોન પ્રાપ્ત કરવા માગે છે. જો તેને મંજૂરી મળી જાય તો નદીઓ પાસેના વિસ્તારમાં તે ઉપયોગમાં લેવાશે. (પીટીઆઇ) ■

## ૩૧મી પહેલાં રસ્તા સમથળ કરો

### એડિશનલ કમિશનરનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસું નજીક હોઈ મુંબઈમાં ૨૦ મે, ૨૦૨૫ બાદ રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું કોઈ પણ નવું કામ હાથ ધરવું નહીં અને ખોદી મૂકેલા રસ્તા પર ડામર નાખીને તેને સુરક્ષિત હાલતમાં લાવવાનો આદેશ કૉન્ટ્રેક્ટરને આપવામાં આવ્યો છે અને જો તે કામ કરવામાં નિષ્ફળ જાય તો બીજા કૉન્ટ્રેક્ટર પાસેથી તે કામ પૂરું કરાવી લેવું અને કરેલા ખર્ચની બમણી રકમ જેટલી દંડાત્મક રકમ સંબંધિત કૉન્ટ્રેક્ટર પાસેથી વસૂલ કરવાનો આદેશ પાલિકા પ્રશાસને આવ્યો છે.

મુંબઈમાં રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ ૩૧ મે, ૨૦૨૫ની મુદત સુધી પૂરા કરવાના છે. અત્યાર સુધી સરેરાશ ૬૫ ટકા જેટલું કૉંક્રીટાઈઝેશનનું કામ પૂરું થયું છે. ૨૦મે, ૨૦૨૫થી પેવમેન્ટ ક્વોલિટી કૉંક્રીટ (ખોદેલા રસ્તામાં સિમેન્ટ-કૉંક્રીટ નાખવુ)નું કામ બંધ કરવામાં આવ્યું છે. તેમ જ ૨૦મે બાદ કૉંક્રીટાઈઝેશનના નવા કોઈ કામ ચાલુ કરવા નહીં અને ૩૧ મે સુધીમાં રસ્તાઓને સુરક્ષિત હાલતમાં લાવવા અને જે જગ્યાએ કૉંક્રીટાઈઝેશનનું કામ અડધું થયું હોય ત્યાં ખોદી મૂકેલા રસ્તા પર ડામર નાખીને તેને સમથળ કરી નાખવાનો આદેશ પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આપ્યો છે.

બુધવારે અભિજિત બાંગરે કહ્યું હતું કે ચોમાસું નજીક હોઈ ખોદી મૂકેલા રસ્તાને જો ડામર નાખીને સમથળ નહીં કર્યો તો (જુઓ પાનું ૪) ▸▸

## ‘આતંકવાદ સામેની લડાઈમાં અમે દેશની સાથે છીએ’: સુપ્રિયા સુળે

મુંબઈઃ ઓપરેશન સિંદૂર પછી, ભારત સરકારે આતંકવાદને લઈને પાકિસ્તાનની ભૂમિકાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવા માટે સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોને વિવિધ દેશોમાં મોકલવાનો નિર્ણય કર્યો હતો. હવે આ પ્રતિનિધિમંડળને લઈને રાજકારણ ગરમાયું છે. કૉંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું છે કે ધ્યાન ભટકાવવા માટે પ્રતિનિધિમંડળ મોકલવામાં આવી રહ્યું છે. હવે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુળેનું પણ આ અંગે નિવેદન સામે આવ્યું છે.

બુધવારે પત્રકારો સાથે વાત કરતા સુપ્રિયા સુળેએ કૉંગ્રેસના નેતા જયરામ રમેશના નિવેદન વિશે પૂછવામાં આવતા કહ્યું કે મને ખબર નથી કે જયરામ રમેશે શું કહ્યું છે. પરંતુ હું જે પ્રતિનિધિમંડળમાં છું તેમાં આનંદ શર્મા અને મનીષ તિવારી પણ શામેલ છે, જેમને વિદેશી બાબતોની સારી સમજ છે. તેમણે કહ્યું કે અમે વિદેશી ધરતી પર અમારા દેશનું પ્રતિનિધિત્વ કરીશું. એનસીપી (એસપી) સાંસદ સુપ્રિયા સુળેએ (જુઓ પાનું ૪) ▸▸

**૧૫૫ કરોડ રૂપિયાની ઠગાઈના કેસમાં નવો ફણગો**

## સૂત્રધારે સીએ અને કોમર્સ ગ્રેજ્યુએટ્સની ટીમ રાખી હતી

નાગપુરઃ શેલ કંપનીઓનું જાળું ફેલાવીને તેના માધ્યમથી કાળાં નાણાં અને હવાલાના વ્યવહારો કરી અંદાજે ૧૫૫ કરોડ રૂપિયાની ઠગાઈ કરવાના કેસમાં પોલીસને ચોંકાવનારી માહિતી મળી હતી. આ કૌભાંડ સરળતાથી ચાલે તે માટે મુખ્ય આરોપીએ સીએ અને કોમર્સ ગ્રેજ્યુએટ્સની આખી ટીમ તૈયાર કરી રાખી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી સંતોષ ઉર્ફે બંટી રામપાલ શાહુના સ્મોલ ફૅક્ટરી વિસ્તારમાં આવેલી ‘કમર્શિયલ’ યુનિટ-કમ-ઑફિસમાં પોલીસે મંગળવારે રેઇડ કરી હતી. આ કેસમાં પોલીસે બંટી શાહુ (૫૨) સહિત જયેશ શાહુ (૩૬), બ્રિજકિશોર મણિયાર (૫૯), રિશી લાખાણી (૨૧) અને આનંદ હરડે (૩૩)ની ધરપકડ કરી હતી.

આ કેસમાં પોલીસે બૅન્ક પાસબુક્સ, ઈન્વેસ્ટમેન્ટ રેકોર્ડ્સ અને બોગસ કંપનીના પેપર્સ મળી મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કર્યા હતા, જેને આધારે આ કૌભાંડનો વ્યાપક ફેલાવો હોવાનું જણાય છે. શાહુ અને તેના પરિવારજનોનાં આઠ બૅન્ક ખાતાં ફ્રીઝ કરવામાં આવ્યાં હતાં અને ફોરેન્સિક ઓડિટ પણ કરાવાઈ રહ્યું છે, એમ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં એવું જણાયું હતું કે શાહુએ ઠગાઈની આ પ્રવૃત્તિ સરળતાથી ચાલે તે માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કોમર્સ ગ્રેજ્યુએટ્સની ૧૫ સભ્યની ટીમ બનાવીને વિસ્તૃત નેટવર્ક (જુઓ પાનું ૪) ▸▸

## અભિનેતા અર્જુન રામપાલ સામેનું વોરંટ હાઈ કોર્ટે રદ કર્યું

મુંબઈઃ ૨૦૧૯ના કરચોરીના એક કેસમાં અભિનેતા અર્જુન રામપાલ સામે સ્થાનિક કોર્ટ દ્વારા જારી કરાયેલ બિનજામીનપાત્ર વોરંટ મુંબઈ હાઈકોર્ટે રદ કર્યું છે, અને વોરંટના આદેશને ‘યાંત્રિક અને ભેદી’ ગણાવ્યો છે.

૧૬ મેના રોજ ન્યાયાધીશ અદ્વૈત સેઠનાની વેકેશન બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે મેજિસ્ટ્રેટનો આદેશ ‘કાયદાની વિરુદ્ધ’ હતો અને મનનો ઉપયોગ કર્યા વિના પસાર કરવામાં આવ્યો હતો.રામપાલે આવકવેરા કાયદાની કલમ ૨૭૬ઈ(૨) હેઠળના ગુના માટે આવકવેરા વિભાગ દ્વારા શરૂ કરાયેલા ૨૦૧૯ના કેસમાં મેજિસ્ટ્રેટની કોર્ટે તેમના વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાના ૯ એપ્રિલના આદેશને પડકારતા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

અભિનેતાની અરજી મુજબ, તેમના વકીલે મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહેવાથી મુક્તિ મેળવવા માટે અરજી કરી હતી. જોકે, કોર્ટે તેને ફગાવી દીધી અને રામપાલ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું, એમ તેમાં જણાવાયું છે. આદેશમાં, ન્યાયાધીશ સેઠનાએ નોંધ્યું હતું કે રામપાલ પર જે ગુનાનો આરોપ છે તે મહત્તમ ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે અને તે જામીનપાત્ર ગુનો છે.

મેજિસ્ટ્રેટ કોર્ટે આ બાબતને ધ્યાનમાં લીધી નથી અને જામીનપાત્ર ગુનામાં અભિનેતા સામે બિન-જામીનપાત્ર વોરંટ જારી કરવાનો આદેશ ‘યાંત્રિક રીતે’ પસાર કર્યો છે. તેમાં ઉમેર્યું (જુઓ પાનું ૪) ▸▸





**આગ હી આગઃ** મુંબઈ નાશિક હાઈવે પર એક ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગને કારણે આકાશમાં ઊઠેલા ધુમાડાના ગોટેગોટા ૫૦ કિલોમીટર દૂરથી દેખાતાં લોકોમાં ગભરાટનું વાતાવરણ ફેલાયું હતું. ફાયરબ્રિગેડના જવાનોએ આગને બુઝાવવા ખાસ્સી જહેમત ઉઠાવવી પડી હતી. (એજન્સી)

## ‘ઈ-બાઈક ટેક્સી’ સામે રિક્ષાચાલકોનું વિરોધ પ્રદર્શન

મુંબઈઃ રાજ્ય સરકારે બાઈક ટેક્સીઓને મંજૂરી આપી છે. જોકે, બાઈક ટેક્સીઓને કારણે રિક્ષાચાલકોના રોજગાર પર અસર થઈ રહી હોવાથી તેની પરવાનગી રદ કરવાની માગણી રિક્ષાચાલકોએ કરી છે. આ માટે, ગઇ કાલે મુંબઈ ઓટોરિક્ષા ટેક્સી મેન્સ યુનિયન વતી અંધેરી આરટીઓ ઓફિસ ખાતે મોરચો કાઢવામાં આવ્યો હતો. જો કે રાજ્ય સરકારે બેરોજગાર યુવાનોને સ્વરોજગારી પૂરી પાડવાના નામે ઈ-બાઈક ટેક્સીઓને મંજૂરી આપી છે.

‘‘રાજ્ય સરકાર દ્વારા ઇ-બાઇક ટેક્સી શરૂ કરવી કે નહીં તે નક્કી કરવા માટે રચાયેલી સમિતિ સામે અમારા યુનિયને વિરોધ (જુઓ પાનું ૪) ▸▸



મુંબઈમાં ઓટોરિક્ષા માલિકો અને ચાલકો દ્વારા બુધવારે અંધેરી આરટીઓ કચેરીની બહાર દેખાવો કરવામાં આવ્યા હતા. (એજન્સી)

## ધારાવીના સમગ્ર રહેવાસીઓને સાંકળી લેતી યોજના

### ધારાવી બહારની તમામ જમીનના પ્લોટ માટે આયોજનના સિદ્ધાંતો સમાન ▸ મેટ્રો લાઈન એક્સટેન્શન બાબત સરકાર સાથે ચર્ચા ▸ બસ રૂટને પ્લોટ ફાળવવા અંગે વિચારણા

મુંબઈઃ અપાત્ર રહેવાસીઓના પુનર્વસન માટે ધારાવીની બહાર ફાળવવામાં આવેલા તમામ પ્લોટના પોતાના સ્વતંત્ર માસ્ટરપ્લાન હશે.

જોકે, આ બધા પ્લોટને ધારાવી નોટિફાઇડ એરિયા (ડીએનએ)ના માસ્ટરપ્લાન સાથે જોડી દેવામાં આવશે. એશિયાના સૌથી મોટા અને ભારતના સૌથી અનોખા ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટમાં ટાઉન પ્લાનિંગનો આ સૌથી મૂળભૂત સિદ્ધાંત છે. આ સંદર્ભે ધારાવી માસ્ટરપ્લાનથી માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે ‘આ માર્ગદર્શક સિદ્ધાંતે ધારાવી અને અન્ય પ્લોટ માટે વિકાસ અને સ્થાનાંતરણને આકાર આપવામાં મદદ કરી છે. ધારાવીને એક મોડલ શહેરી વિસ્તારમાં રૂપાંતરિત કરવાની એક સારી રીતે વિચારેલી યોજના છે જે તેના રહેવાસીઓ અને તમામ મુંબઈવાસીઓને વધુ સારી રહેવાની ક્ષમતા અને ગૌરવ પ્રદાન કરે છે. ધારાવી માસ્ટરપ્લાનથી પરિચિત સૂત્રએ જણાવ્યું હતું કે, અન્ય તમામ પ્લોટ માટે પણ આ જ પ્રકારનું આયોજન અપનાવી ધારાવીના રહેવાસીઓનું પુનર્વસન કરવામાં આવશે.’ સૂત્રએ એમ પણ જણાવ્યું હતું કે ‘તમામ પ્લોટને ચાલવા યોગ્ય અને વિવિધ વપરાશના વિસ્તાર તરીકે ડિઝાઇન કરવામાં આવી રહ્યા છે. લોકોની આવનજાવન સરળ રહે એ માટે કેટલાક માર્ગ જોડાણોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.’

જાહેર પરિવહન માટે મેટ્રો લાઇન એક્સટેન્શન જેવી દરખાસ્તો અંગે સરકાર સાથે ચર્ચા થઇ રહી છે. ફાળવવામાં આવેલા પ્લોટ પર બસ રૂટ પણ વિચારણા હેઠળ છે. આ ઉપરાંત ઇલેક્ટ્રિક રિક્ષા, ઇ-સાઇકલ, ઈ-સ્કૂટર્સ અને આવન જાવન માટે અન્ય વાહનોની વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

ધારાવી મુંબઈ શહેરની મધ્યમાં આવેલું છે, જેની આસપાસ રેલવે લાઈન અને એક્સપ્રેસ-વે આવેલા છે. વિસ્તારના મહત્ત્વના કારણે બહારગામથી રોજગાર માટે શહેરમાં આવતા કામદારો એને વિશેષ પ્રાધાન્ય આપે છે અને એની ડિમાન્ડ પણ ખાસ્સી છે. રેલવે સ્ટેશનનો નજીક હોવાને કારણે દૈનિક વેતન મેળવવા કામ કરતા હજારો કામદારોને મુસાફરી કરવામાં આસાની રહે છે. ‘રેલવે પરિવહન ધારાવી અને મુંબઈના રહેવાસીઓની જીવાદોરી હોવાથી માસ્ટરપ્લાન હાલના રેલવે નેટવર્ક સાથે સારી રીતે સંકલન કરી શકે એ રીતે તૈયાર કરવામાં આવી રહ્યો છે.’’ આ માસ્ટરપ્લાનનો ઉદ્દેશ તમામ આવશ્યક સુવિધાઓ ડીએનએ (ધારાવી નોટીફાઈડ એરિયા)ની અંદર ૪૦૦ મીટર-૫૦૦ મીટર ઘરો અથવા ઓફિસની અંદર સ્થિત કરવાનો છે. સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર ‘આમ કરવાથી સુવિધાઓને વધુ સુલભ તો બનશે જ, પરંતુ નિકટતાને કારણે મુસાફરી વધુ સુરક્ષિત બનાવશે. ■

**કલ્યાણમાં ઈમારત દુર્ઘટના**

## ચોથા માળે અનધિકૃત કામ જવાબદાર, ફ્લેટના માલિકની ધરપકડ

મુંબઈઃ કલ્યાણ વિસ્તારમાં મંગળવારે બે વર્ષની બાળકી સહિત છ જણનો ભોગ લેનારી ઇમારત દુર્ઘટના માટે ચોથા માળે આવેલા ફ્લેટમાં ચાલતું અનધિકૃત કામ જવાબદાર હોવાનું સામે આવ્યું હતું. કોલસેવાડી પોલીસે આ પ્રકરણે સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ કરીને ફ્લેટના માલિકની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કલ્યાણ પૂર્વના ચિકણીપાડામાં આવેલી ચાર માળની સપ્તશ્રૃંગી ઇમારતના ચોથા માળના ફ્લેટમાં ફ્લોરિંગનું કામ ચાલી રહ્યું હતું.

મંગળવારે બપોરે ચોથા માળનો સ્લેબ નીચે ગ્રાઉન્ડ ફ્લોર પરના ઘર પર તૂટી પડ્યો હતો, જેમાં બે વર્ષની બાળકી સહિત છ જણનાં મોત થયાં હતાં, જ્યારે છ જણ ઇજા પામ્યા હતા.

આ દુર્ઘટના બાદ મંગળવારે મોડી રાતે ફ્લેટ નંબર-૪૦૧ના માલિક કૃષ્ણા લાલચંદ ચૌરસિયા (૪૦)ની ધરપકડ કરવામાં આવી હતી. તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ (સદોષ મનુષ્યવધ), ૧૨૫ (જુઓ પાનું ૪) ▸▸

## અમદાવાદમાં ચારિત્ર્ય પર શંકાને લઇ પત્નીની હત્યાઃ ફરાર પતિ ઘાટકોપરથી પકડાયો

મુંબઈઃ અમદાવાદમાં પત્નીની હત્યા કરી ફરાર થયેલા પતિને પંતનગર પોલીસે ઘાટકોપરથી ઝડપી પાડ્યો હતો. ચારિત્ર્ય પર શંકાને લઇ દંપતી વચ્ચે ઝઘડા થતાં હોવાથી આરોપીએ શસ્ત્રના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

પંતનગર પોલીસે ઘાટકોપરના રમાબાઇ આંબેડકર નગર ખાતેથી પકડી પાડેલા આરોપીની ઓળખ અનિલ ઉર્ફે બોબી જંગમ (૨૮) તરીકે થઇ હતી. જંગમને વધુ તપાસ માટે અમદાવાદની નારોલા પોલીસને હવાલે કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ઘાટકોપર પૂર્વના સાઠે નગરમાં રહેતા આરોપી જંગમનાં રિના વર્મા નામની યુવતી સાથે પ્રેમલગ્ન થયાં હતાં. જંગમ તેની પત્નીના ચારિત્ર્ય પર શંકા કરતો હતો, જેને કારણે તેમની વચ્ચે ઝઘડા થતા હતા. દરમિયાન ૨૦૧૭માં જંગમ અને તેની પત્ની કામ નિમિત્તે (જુઓ પાનું ૪) ▸▸

## સંજય રાઉતે પ્રિયંકા ચતુર્વેદી પર નિશાન સાધ્યું

મુંબઈઃ ‘ઓપરેશન સિંદૂર’ની સફળતા પછી, ભારતે દરેક મોરચે પાકિસ્તાન અને આતંકવાદ સામે પોતાની પકડ મજબૂત કરી છે. ભારત સરકાર ‘ઓપરેશન સિંદૂર’નો હેતુ અને પાકિસ્તાનનો અસલી ચહેરો દુનિયાને જણાવવા માટે સાત સાંસદના નેતૃત્વમાં પ્રતિનિધિ મંડળોને વિવિધ દેશોમાં મોકલી રહી છે. આમાં શિવસેના-યુબીટી નેતા અને રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીનું નામ પણ સામેલ છે. શિવસેના-યુબીટી નેતા સંજય રાઉતે આ પર નિશાન સાધ્યું છે. વાસ્તવમાં, સંજય રાઉત પ્રતિનિધિ મંડળમાં પ્રિયંકા ચતુર્વેદીની પસંદગીથી નારાજ છે. સંજય રાઉતે પ્રિયંકા ચતુર્વેદીનું નામ લીધા (જુઓ પાનું ૪) ▸▸

## પાલિકાના અધિકારીના સ્વાંગમાં બિલ્ડર પાસે રૂપિયા વસૂલ્યા

થાણેઃ પાલિકાના અધિકારીના સ્વાંગમાં દિવાના બિલ્ડરને ‘અનધિકૃત બાંધકામ’ બદલ કાર્યવાહી કરવાની ધમકી આપીને તેની પાસેથી રૂપિયા વસૂલવા બદલ ત્રણ જણ સામે ગુનો દાખલ કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.ફરિયાદ અનુસાર આરોપીઓએ પોતાની ઓળખ થાણે પાલિકા અને લોકાયુક્તના અધિકારી તરીકે આપી હતી અને દાવો કર્યો હતો કે બિલ્ડરનો પ્રોજેક્ટ અનધિકૃત છે.બિલ્ડર વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવાની ધમકી અને તેની બિલ્ડિંગને તોડી પાડવાની ધમકી આપીને આરોપીઓએ આઠ લાખ રૂપિયાની માગણી કરી હતી. બિલ્ડરે આરોપીઓને ૨૦ હજાર રૂપિયા ચૂકવ્યા હતા અને બાદમાં પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઇ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## આતશબાજીની મોસમ

# યશસ્વીએ માત્ર ૩૬ રન કરીને અનેક વિક્રમો રચ્યા

### આઈપીએલની એક સીઝનમાં પાંચ વખત દાવની શરૂઆત બાઉન્ડરીથી કરવાની સિદ્ધિ બે વાર મેળવી

નવી દિલ્હીઃ ૨૦૦૮નું પ્રથમ આઇપીએલ-ચૅમ્પિયન રાજસ્થાન રૉયલ્સ આ વખતે પ્લે-ઑફમાં ન પહોંચી શક્યું, પરંતુ એના ઓપનર યશસ્વી જયસ્વાલે એક કમાલ જરૂર કરી છે જેને કારણે તેનું અને રાજસ્થાનનું નામ ક્રિકેટ જગતમાં ચમકી રહ્યું છે. ૧૮ વર્ષની આઇપીએલમાં વર્તમાન ક્રિકેટના લગભગ બધા જ ક્રિકેટરો રમી ચૂક્યા છે એટલે વિશ્વભરના ખેલાડીઓ વચ્ચે યશસ્વી એકમાત્ર બૅટ્સમૅન બન્યો છે જેણે આઇપીએલની એક સીઝનમાં પાંચ વખત દાવની શરૂઆત બાઉન્ડરી (સિક્સર કે ફોર) સાથે કરી હોવાની સિદ્ધિ બે વાર (૨૦૨૩માં અને ૨૦૨૫માં) મેળવી છે. યશસ્વી દુનિયાનો એવો પ્રથમ બૅટ્સમૅન પણ બન્યો છે જેણે આઇપીએલમાં ઇનિંગ્સના પ્રથમ બૉલ પર બાઉન્ડરી ફટકારવાની સિદ્ધિ કુલ ૧૩મી વાર મેળવી છે.



**યશસ્વી રાજસ્થાનના બૅટ્સમેનોમાં અવ્વલઃ** યશસ્વી મંગળવારે દિલ્હીમાં ચેન્નઈ સામેની મૅચમાં ૩૬ રન કરી શક્યો હતો, પરંતુ તેનું એ સાધારણ યોગદાન રાજસ્થાનને ૧૮૮ રનનો લક્ષ્યાંક મેળવવા કામ લાગ્યું હતું. તેણે ૧૯ બૉલની ટૂંકી ઇનિંગ્સમાં બે સિક્સર અને પાંચ ફોર ફટકારી હતી. આ વખતની આઇપીએલમાં રાજસ્થાન વતી સૌથી વધુ ૫૫૯ રન તેના નામે છે. ધ્રુવ જુરેલ ૩૩૩ રન સાથે બીજા નંબરે અને વૈભવ સૂર્યવંશી ૨૫૨ રન સાથે ત્રીજા સ્થાને છે. જોકે યશસ્વી-જુરેલ તમામ ૧૪ મૅચ રમ્યા હતા, જ્યારે સૂર્યવંશી ફક્ત સાત મૅચ રમ્યો હતો. યશસ્વીના ૫૫૯ રન આ વખતની આઇપીએલના તમામ બૅટ્સમેનોમાં (બુધવારે સાંજ સુધીમાં) ગુજરાત ટાઇટન્સના સાઇ સુદર્શનના ૬૧૭ રન અને શુભમન ગિલના ૬૦૧ રન પછી ત્રીજા સ્થાને હતા.

**સીઝનમાં સૌથી વધુ વખત ઇનિંગ્સના પ્રથમ બૉલમાં બાઉન્ડરી**

યશસ્વી જયસ્વાલ, પાંચ વાર, ૨૦૨૫
યશસ્વી જયસ્વાલ, પાંચ વાર, ૨૦૨૩
વીરેન્દર સેહવાગ, પાંચ વાર, ૨૦૧૪
વિરાટ કોહલી, ચાર વાર, ૨૦૨૩
સુનીલ નારાયણ, ચાર વાર, ૨૦૧૮
ફિલ સૉલ્ટ, ચાર વાર, ૨૦૨૫

**એક સીઝનમાં પાવરપ્લેમાં સૌથી વધુ સિક્સર**

અભિષેક શર્મા (૨૦૨૫), ૨૯ વખત
યશસ્વી જયસ્વાલ (૨૦૨૫), ૨૨ વખત
સનથ જયસૂર્યા (૨૦૦૮) ૨૨ વખત
ટ્રૅવિસ હેડ (૨૦૨૪), ૨૨ વખત
ક્રિસ ગેઇલ (૨૦૧૫), ૨૧ વખત

**આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ વખત દાવના પ્રથમ બૉલમાં બાઉન્ડરી**

યશસ્વી જયસ્વાલ, ૧૩ વખત
વિરાટ કોહલી, ૧૧ વખત
ક્વિન્ટન ડિકૉક, ૧૧ વખત
રૉબિન ઉથપ્પા, ૧૦ વખત

**પાવરપ્લેમાં સૌથી વધુ સિક્સરઃ અભિષેક પ્રથમ, યશસ્વી બીજોઃ**

રાજસ્થાન રૉયલ્સનો યશસ્વી જયસ્વાલ આઇપીએલની એક સીઝનમાં પાવરપ્લે દરમ્યાન (ઇનિંગ્સની પ્રથમ છ ઓવરમાં) સૌથી વધુ સિક્સર ફટકારનાર બીજો બૅટ્સમૅન છે. તેણે આ વખતની સીઝનમાં પાવરપ્લેમાં કુલ બાવીસ છગ્ગા માર્યા હતા. જોકે આ યાદીમાં સનરાઇઝર્સ હૈદરાબાદનો અભિષેક શર્મા (૨૯ છગ્ગા) પહેલા નંબરે છે. ■

# મુંબઈ પ્લે-ઑફમાં, દિલ્હી આઉટ

### સૂર્યકુમારના ૭૩ રન પછી સૅન્ટનરની ૧૧ રનમાં, બુમરાહની ૧૨ રનમાં ત્રણ વિકેટ

મુંબઈઃ અહીં વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ (૨૦ ઓવરમાં ૧૮૦/૫)એ દિલ્હી કૅપિટલ્સ (૧૮.૨ ઓવરમાં ૧૨૧/૧૦)ને ૫૯ રનથી હરાવીને આઇપીએલની ૧૮મી સીઝનના પ્લે-ઑફમાં પ્રવેશ કર્યો હતો. ગુજરાત, બેંગલૂરુ અને પંજાબ અગાઉ જ પ્લે-ઑફમાં પહોંચી ગયા હતા. દિલ્હીની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે. એક સમયે ઉપરાઉપરી છ મૅચ જીતીને જબરદસ્ત કમબૅક કરનાર મુંબઈ વતી સૅન્ટનરે માત્ર ૧૧ રનમાં ત્રણ વિકેટ તથા બુમરાહે ૧૨ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બૉલ્ટ, ચાહર, જૅક્સ, કર્ણ શર્માએ એક-એક વિકેટ લીધી હતી. સમીર રિઝવી દિલ્હીનો ટૉપ-સ્કોરર હતો. તેણે ૩૫ બૉલમાં ૩૯ રન કર્યા હતા. એ પહેલાં, મુંબઈની ઇનિંગ્સમાં સૂર્યકુમાર (૭૩ અણનમ, ૪૩ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) અને નમન ધીર (૨૪ અણનમ, ૮ બૉલ, બે સિક્સર, બે ફોર) વચ્ચે માત્ર ૨૧ બૉલમાં ૫૭ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. છેલ્લી બે ઓવરમાં સૂર્યકૂમાર અને નમન ધીરે મળીને કુલ ૪૮ રન બનાવ્યા હતા. ■


સૂર્યકુમાર (અમય ખરાડે)

# પંત-પૂરન પાછળ ૪૮ કરોડ રૂપિયા ખર્ચી નાખો તો પછી આવું જ થાયને!: ટૉમ મૂડી

### લખનઊની ટીમ પ્લે-ઑફની રેસની બહાર થનારી પાંચમી ટીમ બની છે



લખનઊઃ વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતના સુકાનમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદ સામેના પરાજયને પગલે પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ બૅટ્સમૅન, કોચ અને મેન્ટર ટૉમ મૂડીએ કહ્યું છે કે એલએસજીના ફ્રૅન્ચાઇઝીએ રિષભ પંત (૨૭ કરોડ રૂપિયા) અને નિકોલસ પૂરન (૨૧ કરોડ રૂપિયા)ને ખરીદવામાં તોતિંગ ખર્ચ કરી નાખ્યો એટલે બોલર્સની અસરદાર ફોજ તૈયાર જ નહોતું કરી શક્યું.

એલએસજીના માલિકોએ પંત-પૂરનને મેળવવા ઑક્શનમાં કુલ ૪૮ કરોડ રૂપિયા વાપરી નાખ્યા હતા. મૂડીએ એક જાણીતી વેબસાઇટ પરના શૉમાં કહ્યું હતું કે 'પંત-પૂરનને ખરીદવામાં જ મોટા ભાગનું ફંડ વપરાઈ ગયું એટલે ઑક્શનમાં સારા બોલર્સને મેળવવા એલએસજીની ટીમ પાસે પૂરતું ભંડોળ નહોતું બચ્યું. સારા બોલર્સ પણ મેળવવા પડે. હરીફ ટીમ સામે પાવરપ્લેમાં સારા બોલર હોવા જરૂરી છે. મિડલ-ઓવર્સમાં પણ દમદાર બોલર્સ હોવા જરૂરી છે અને ડેથ ઓવર્સ માટે તો હોવા જ જોઈએ.' પેસ બોલરની વાત કરીએ તો મોહસિન ખાને આખી ટૂર્નામેન્ટ ગુમાવી, રીટેન કરવામાં આવેલા ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવને વારંવાર ઈજા નડી અને આવેશ ખાન તેમ જ આકાશ દીપને પણ ફિટનેસની સમસ્યાઓ નડી હતી. મોહસિન ખાનને બદલે શાર્દુલ ઠાકુરને ટીમમાં સમાવવામાં આવ્યો હતો, પણ તે માત્ર શરૂઆતમાં સારો હતો. ■

**આજે કઈ મૅચ?** ગુજરાત વિરુદ્ધ લખનઊ
અમદાવાદ, સાંજે ૭.૩૦

# બીસીસીઆઇએ 'વરસાદના પાણી પહેલાં પાળ બાંધી લીધી': જાણો, કેવી રીતે...

નવી દિલ્હીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના લીગ રાઉન્ડમાં સામાન્ય રીતે વરસાદને કારણે રમતમાં વિલંબ થાય તો એ સરભર કરવા માટે ૬૦ મિનિટનો વધારાનો સમય રાખવામાં આવે છે, પરંતુ બીસીસીઆઇએ મંગળવારે કરેલી જાહેરાત મુજબ મંગળવાર, ૨૭મી મે સુધી ચાલનારા લીગ રાઉન્ડમાં જો વરસાદનાં વિઘ્નો નડશે તો એ ખોરવાઈ ગયેલી મૅચમાં ૬૦ મિનિટને બદલે ૧૨૦ મિનિટનો વધારાનો સમય લાગુ કરાશે અને એમાં પૂરી ૨૦-૨૦ ઓવરની મૅચ રમાડીને મૅચનું પરિણામ લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

હવે પછીની બાકીની સાત લીગ મૅચ આ મુજબની છેઃ ગુજરાત વિ. લખનઊ, બેંગલૂરુ વિ. હૈદરાબાદ, દિલ્હી વિ. પંજાબ, ગુજરાત વિ. ચેન્નઈ, કોલકાતા વિ. હૈદરાબાદ, મુંબઈ વિ. પંજાબ અને લખનઊ વિ. બેંગલૂરુ.

સામાન્ય રીતે મૅચ દીઠ વધારાના ૧૨૦ મિનિટની સુવિધા પ્લે-ઑફની મૅચોમાં જ મળતી હોય છે, પરંતુ આ વખતે ભારત-પાકિસ્તાન જંગને લીધે શેડ્યૂલ નવ દિવસ માટે ખોરવાઈ ગયું અને હવે વરસાદની મોસમ વહેલી શરૂ થઈ જતાં લીગ મૅચને પણ ૧૨૦ મિનિટના વધારાના સમયની સગવડ આપવામાં આવી રહી છે કે જેથી કરીને આખી મૅચ રમાડી શકાય.

બાકીના લીગ રાઉન્ડમાં એકમાત્ર ડે-મૅચ (ગુજરાત વિરુદ્ધ ચેન્નઈ) રમાવાની છે. નવા ફેરફાર મુજબ બાકીની સાત નાઇટ મૅચ છે. ડે મૅચમાં વરસાદનું વિઘ્ન નડશે તો મોડામાં મોડું સાંજે ૫.૩૦ વાગ્યા સુધીમાં ૨૦-૨૦ ઓવરની મૅચ શરૂ કરી શકાશે. નાઇટ મૅચમાં વરસાદ નડે તો મોડામાં મોડું રાત્રે ૯.૩૦ વાગ્યા સુધીમાં ૨૦-૨૦ ઓવરની મૅચ શરૂ કરી શકાશે. ■

# મલયેશિયા બૅડમિન્ટનમાં સિંધુ હારી ગઈ

ક્વાલાલમ્પુરઃ મલયેશિયા માસ્ટર્સ બૅડમિન્ટન ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં બુધવારે ભારતીયોનો મિશ્ર દેખાવ રહ્યો હતો જેમાં પુરુષ ખેલાડીઓ બીજા રાઉન્ડમાં પહોંચી ગયા હતા, પરંતુ ઑલિમ્પિક્સના બે મેડલ જીતી ચૂકેલી પી. વી. સિંધુ પરાજિત થતાં સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી.

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન કિદામ્બી શ્રીકાંતે ફર્સ્ટ રાઉન્ડમાં ચીનના લુ ગુઆન્ગ ઝુને ૫૭ મિનિટમાં ૨૩-૨૧, ૧૩-૨૧, ૨૧-૧૧થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. એ પહેલાં એચ. એસ. પ્રણોયે જાપાનના કેન્તા નિશીમોતોને પ્રથમ ગેમની હાર બાદ ૧૯-૨૧, ૨૧-૧૭, ૨૧-૧૬થી હરાવી દીધો હતો.

ભારતના જ સતીશ કરુણાકરને અપસેટ સર્જ્યો હતો. તેણે ત્રીજા ક્રમાંકિત ચાઇનીઝ તાઇપેઇના ચોઉ ટિએન ચેનને માત્ર ૩૯ મિનિટમાં ૨૧-૧૩, ૨૧-૧૪થી હરાવી દીધો હતો. ચોથો ભારતીય આયુષ શેટ્ટી પણ પ્રથમ રાઉન્ડ જીત્યો હતો. તેણે કૅનેડાના બ્રાયન યૉન્ગને ૨૦-૨૨, ૨૧-૧૦, ૨૧-૮થી પરાજિત કરીને બીજા રાઉન્ડમાં એન્ટ્રી કરી હતી.

જોકે પી. વી. સિંધુએ ભારતને નિરાશ કર્યું હતું. તેનું ખરાબ ફૉર્મ ચાલુ જ રહ્યું છે. તે વિયેટનામની ઍન્ગુયેન થુય લિન સામે ૧૧-૨૧, ૨૧-૧૪, ૧૫-૨૧થી હારી ગઈ હતી.

મિક્સ્ડ-ડબલ્સમાં ભારતનાં ધ્રુવ કપિલા તથા તનિશા ક્રાસ્ટોની જોડી પણ જીતી હતી. ■

# સ્ટેડિયમમાં અસંખ્ય ચાહકોના આગમન પહેલાં જ રોહિત આઉટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હિટમૅન રોહિત શર્માએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધા બાદ અને વાનખેડેમાં એક સ્ટેન્ડને તેનું નામ આપવામાં આવ્યું ત્યાર બાદ તે પહેલી જ વાર વાનખેડેમાં રમ્યો, પરંતુ તે દિલ્હી કેપિટલ્સ (ડીસી) સામેની મહત્ત્વની મૅચની ત્રીજી જ ઓવરમાં આઉટ થઈ જતાં તેના અસંખ્ય ચાહકો નિરાશ થયા હતા. તેના અનેક ચાહકો હજી સ્ટેડિયમમાં આવ્યા પણ નહોતા. એક તરફ તેણે એક ફોર માર્યા બાદ પાંચમા બૉલ પર ફક્ત પાંચ રનના પોતાના સ્કોર પર જ વિદાય લીધી ત્યાં બીજી બાજુ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ)ના અનેક ફેન્સ હજી તો વાનખેડેમાં પ્રવેશી રહ્યા હતા. મુખ્ય ગેટ પર તેમ જ મરીન ડ્રાઇવ તરફના એન્ટ્રન્સ ખાતે લાંબી કતાર હોવાથી લગભગ ૧,૦૦૦ જેટલા ક્રિકેટપ્રેમીઓ તેની વિકેટ બાદ સ્ટેડિયમમાં આવ્યા હતા.

એમઆઈના ૨૩ રનના સ્કોર પર રોહિત બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝૂર રહમાનના બૉલ પર વિકેટકીપર અભિષેક પોરેલના હાથમાં કૅચઆઉટ થયો હતો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| वंचना | ઈંટ |
| वीट | વેચવું |
| विकणे | ઠગાઈ |
| विख | બડાઈ |
| वल्मना | ઝેર |

### ઓળખાણ પડી?



લાગલગાટ બાવન વર્ષ સુધી રાજાશાહી ભોગવ્યા પછી ગયા વર્ષે અધિકારો સ્વેચ્છાએ છોડી દેનારાં રાણી કયા દેશના હતાં એ જાણો છો?

અ) નેધરલેન્ડ્સ  બ) સ્પેન  ક) ડેનમાર્ક  ડ) મોનેકો

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. મહિલાના સાસુના એકમાત્ર વેવાઈના એકમાત્ર દીકરાની પત્ની મહિલાની પુત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી  બ) ફોઈ  ક) મામી  ડ) માસી

### જાણવા જેવું

કેદમાં હોય ત્યારે ખુલ્લી હોય અને પિંજરની બહાર હોય ત્યારે બંધાયેલી હોય એવી પાંખોનો કોઈ અર્થ ખરો? પંખી તો પ્રતીક છે, પણ આપણામાંથી કેટલા બધા લોકો આ પ્રકારની દોગલી આઝાદી કે ચાતુર્યપૂર્ણ કેદના શિકાર હશે એ આપણે જાણીએ જ છીએ. ખાસ કરીને સ્ત્રીઓને આ વાત વધુ લાગુ પડે છે.

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક ધાન્ય સંતાઈને બેઠું છે એ શોધી કાઢો.
વસુંધરામાં હજાર જાતના પ્રાણીઓ જોવા મળે છે

### નોંધી રાખો

મનગમતી પ્રવૃત્તિ કરતી વખતે સ્ત્રી જાણે કે સમાધિ લાગી ગઈ હોય એટલી એમાં ઓતપ્રોત થઈ જતી નજરે પડે છે.

### માઈન્ડ ગેમ

ગયા વર્ષે ફ્રાન્સના પેરિસ શહેરમાં આયોજિત કરાયેલા પેરા - ઓલિમ્પિક્સમાં ઝળહળતો દેખાવ કરનારા ભારતે કેટલા મેડલ મેળવ્યા હતા?

અ) 16  બ) 21
ક) 26  ડ) 29

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ન | ૨ સ | ના | ૩ ટી | ■ | ૪ વા | ૫ ઈ | ર | ૬ સ |
| ક | ■ | દ | ■ | ૭ પ | ૮ ન | ઘ | ટ | ■ | ટ |
| ૯ ર | ૧૦ હ | સ્ય | ■ | ■ | વ | ■ | ૧૧ લી | ૧૨ વ | ર |
| ૧૩ ટે | ક | ■ | ૧૪ પ | ૧૪અ ચ | રં | ગી | ■ | ૧૫ ગ | પ |
| ૧૬ ટી | પ | ણી | ■ | ૧૭ મા | ગી | ■ | ૧૮ સ્વ | ■ | ટ |
| ■ | ત્ર | ■ | ૧૯ વ | ર | ■ | ૨૦ સુ | ધા | ૨૧ ક | ર |
| ૨૨ ત | ■ | ૨૩ સ | ળ | ■ | ૨૪ ક | રા | મ | ત | ■ |
| ૨૫ ર | ૨૬ ક | મ | ■ | ૨૭ ક | લીં | ગ | ■ | ૨૮ લ | ૨૯ ગી |
| ૩૦ બૂ | રા | ઈ | ■ | ૩૧ ડ | ગ | ■ | ૩૨ સુ | ■ | ર |
| ૩૩ ચ | ર | ■ | ૩૪ અ | વા | ર | ન | વા | ર | ■ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| | ■ | ૮ | | | ૯ | ■ | | ■ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | ■ |
| ૧૫ | | | ■ | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ |
| ■ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | ■ | |
| ૨૧ | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ | | ■ | |
| ૨૪ | | | | | ■ | ૨૫ | | ૨૬ | |
| | ■ | | ■ | ■ | ૨૭ | | ■ | | ■ |
| ૨૮ | ૨૯ | | | ૩૦ | | ■ | ૩૧ | | ૩૨ |
| ૩૩ | | | ■ | | ■ | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. ઘણું દૂર (૫)
૫. લોકોનું રાજ (૪)
૮. મરણ, ગ્રામાંતર કરવું તે (૪)
૧૦. ખ્રિસ્તીઓનું મંદિર (૩)
૧૨. બે ખેતર વચ્ચે હોય (૨)
૧૩. પાકો રસ્તો (અં.) (૨)
૧૫. નવું નવું --- જરૂરી છે (૩)
૧૬. મહિનો (૨)
૧૭. બગીચો (૨)
૧૯. મૂરખ (૩)
૨૨. ઓછું (૨)
૨૩. સાથે (૨)
૨૪. ગરમ મિજાજનું, બડાઈખોર (૫)
૨૫. મહારાષ્ટ્રનો એક ભક્તિ સંપ્રદાય (૪)
૨૭. બૂમ, બોલાવવું તે (૨)
૨૮. અવસર, ઉત્સવનું પર્વ (૨,૪)
૩૧. લાજ (૩)
૩૩. દૃષ્ટિ, નિગાહ (૩)
૩૪. સગવડ (૪)

**ઊભી ચાવી**

૧. દીર્ઘ દૃષ્ટિ હોવી તે (૪)
૨. ઝટ સુગાય એવું (૪)
૩. પૂંછડી (૨)
૪. લોહીનો વિકાર (૩)
૬. અસત્કાર, 'જાઓ' એવો ઉદ્‌ગાર (૩)
૭. ત્રાસેલો (૨)
૯. માણસની ખોપરીઓનો હાર (૪)
૧૧. સમય (૨)
૧૪. રેલવેના ---ને કોચ પણ કહેવાય (૨)
૧૮. અંદાજ, માન, ગણવું તે (૪)
૧૯. હવામાં ઊડતી ધૂળનો ગોટા (૩)
૨૦. દરિયાકિનારે મીઠાના --- હોય (૩)
૨૧. પ્રતિભાવાળું (૫)
૨૨. માવતર ---ના થાય (૫)
૨૩. બે જણ વચ્ચેની વાતચીત (૩)
૨૬. પંખીઓનો અવાજ (૪)
૨૭. સહાય, મદદ, કસ, સત્ત્વ (૨)
૨૯. ધૂળ (૨)
૩૦. --- વિવાદ એટલે ચર્ચા (૨)
૩૧. લુચ્ચો, ધુતારો (૨)
૩૨. વજનનું જૂનું દેશી માપ (૨)

### સુડોકુ-૮૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૬ | | ૫ | ૧ | | |
| ૧ | | ૨ | ૩ | | ૪ | | | |
| ૩ | | | ૧ | | | | | |
| ૮ | | ૭ | | | | | | |
| | ૯ | | | | | | ૫ | |
| | | | | | | ૮ | | ૯ |
| | | | | | ૨ | | | ૮ |
| | | | ૫ | | ૧ | ૩ | | ૨ |
| | | ૬ | ૪ | | ૭ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૮ | ૯ | ૫ | ૧ | ૨ | ૩ | ૭ |
| ૧ | ૯ | ૩ | ૨ | ૪ | ૭ | ૬ | ૮ | ૫ |
| ૫ | ૨ | ૧ | ૭ | ૬ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૫ | ૧ | ૯ | ૪ | ૭ | ૨ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૨ | ૩ | ૫ | ૬ | ૧ |
| ૮ | ૪ | ૫ | ૩ | ૭ | ૬ | ૧ | ૨ | ૯ |
| ૭ | ૧ | ૯ | ૪ | ૮ | ૨ | ૩ | ૫ | ૬ |
| ૬ | ૩ | ૨ | ૧ | ૯ | ૫ | ૭ | ૪ | ૮ |

### ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| खोली | ઓરડો |
| खोल | ઊંડું |
| खीळ | ખીલી |
| खमंग | મસાલેદાર |
| खरबूज | તરબૂચ |

**ઓળખાણ પડી?** જેનેટ યેલેન

**માઈન્ડ ગેમ** Fanny Blankers - Koen

**ચતુર આપો જવાબ — માથું ખંજવાળો** મની

**ગુજરાત મોરી મોરી રે** સાળી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) હર્ષા મહેતા (૯) નુતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જગદીશ ઠક્કર (૨૮) કિશોર બી. સંઘરાજકા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) પ્રવીણ વોરા (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન જયંતીલાલ બજરિયા (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અંબરીષ ઓઝા (૪૨) દિપીકા દોશી (૪૩) મહેશ સંઘવી (૪૪) અલ્કા વાણી (૪૫) જયવંત પદમશી ચિખલ

# પુરુષ



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# દીકરીના ઘરનું પાણી પણ ના પીવાય...!

ડિયર હની,

એકવાર ભત્રીજાના સસરાનો ફોન આવ્યો ને એમની દીકરીની વાત નીકળી. તો એ કહે કે,એ તો હવે તમારી થઇ
ગઈ. મેં કહ્યું, ના હો, બાપ દીકીરનો સબંધ કદી ખતમ થાય જ નહિ. તો એમણે કહ્યું કે,હવે તો મારે કોઈ કામ હોય
તો તમને કહેવું પડે,

હો ...

આવો જ એક બીજો પ્રસંગ. મારા સાસુ એટલે કે તારી મમ્મી જેને તું કાકી કહે છે એ આપણા ઘેર આવે તો બહુ
રોકાય નહિ. વધુ રોકાવાનું કહીએ તો એ કહે: ના હો, દીકરીના ઘેર વધુ ના રોકાવાય. લોકો શું કહે..... મારા સસરા
પણ આપણા ઘેર આવતા તો જમવા પૂરતું રોકાય પછી ચાલ્યા જાય. કોઈ વાર રાત રોકાયા હોય એવું બન્યું નહોતું.
'આવું કેમ?'એવો પ્રશ્ન તને તો થતો જ હશે. મને ય ઘણીવાર થાય છે. દીકરીને એકવાર પરણાવી પછી તો એના
ઘરનું પાણી પણ હરામ... આવી રૂઢ માન્યતા આજે પણ છે. અને હજુ ય દીકરીનાં મા- બાપ એના ઘેર એટલે કે
દીકરીના સાસરે જાય તો સંકોચ અનુભવે છે. મને તો હજુ ય સમજાતું નથી કે,આવી માન્યતા કોણે શરૂ કરી?અને
આજના જમાનામાં પણ હજુ ઘણા લોકો એને અનુસરે છે કેમ?

ગુજરાતી સંસ્કૃતિ અને હિંદુ પરંપરામાં દીકરીના ઘરનું પાણી ન પીવું અથવા દીકરીના સાસરે ભોજન ન લેવું એવી
પ્રથાનો ઉલ્લેખ ઘણી વાર જોવા મળે છે. કદાચ આ માન્યતાનું મૂળ કન્યાદાનમાં છે. હિંદુ ધર્મમાં કન્યાદાનને અશ્વમેધ
યજ્ઞ જેવું પવિત્ર દાન માનવામાં આવે છે. લગ્ન દરમિયાન પિતા પોતાની પુત્રીને વરના પરિવારને સોંપે છે, જેને દેવી
લક્ષ્મીના સ્વરૂપ તરીકે જોવામાં આવે છે. આ દાન પછી,પિતા અને એનો પરિવાર દીકરીના સાસરિયાઓ પાસેથી કોઈ
પણ પ્રકારનો લાભ (જેમ કે ભોજન કે પાણી) લેવાનું ટાળે છે, કારણ કે દાનની પવિત્રતા જાળવવા માટે દાતાએ કોઈ
પણ પ્રકારનું પ્રતિદાન સ્વીકારવું ન જોઈએ. આ એક પ્રકારનો નૈતિક અને આધ્યાત્મિક શિષ્ટાચાર છે.

એક દલીલ એવી ય થાય છે કે,આ પ્રથા દીકરીના માતા-પિતા અને સાસરિયાઓ વચ્ચે ઔપચારિક અને આદરયુક્ત
અંતર જાળવવા માટે પણ અમલમાં મુકાય છે. દીકરીના સાસરે ભોજન કે પાણી ન લેવું એ એક પ્રકારની નમ્રતા અને
આદરનું પ્રતીક માનવામાં આવે છે,જે સાસરિયાઓને દર્શાવે છે કે માતા- પિતા એમની પાસેથી કોઈ અપેક્ષા રાખતા
નથી. ઉપરાંત,દીકરીના માતા-પિતા દ્વારા સાસરેથી કંઈ ન લેવું એ એમના સ્વાભિમાનનું પ્રતીક છે. આ દર્શાવે છે કે
એ પોતાની પુત્રીને દાનમાં આપીને કોઈ આર્થિક કે ભૌતિક લાભની અપેક્ષા રાખતા નથી અને એમાં કેટલીક
માન્યતાઓએ પણ ભૂમિકા ભજવી છે.દીકરીના સાસરે ભોજન કે પાણી લેવું એ પાપનું કારણ બની શકે છે,કારણ કે
તે દાનની પવિત્રતાને ખંડિત કરે છે. આવું પણ માનવામાં આવે છે.

આ બધું ગળે ઊતરે એવું નથી જ....

મારે તને એક વાર્તા કહેવી છે,મેં ક્યાંક વાંચી છે. એક નાનું ગામ, જ્યાં લોકો મહેનતુ અને રીત-રિવાજોને વળગી
રહેનારા હતા. ગામમાં રહે રામાકાકા. રામાકાકાએ એકની એક દીકરી લક્ષ્મીને ખૂબ લાડકોડથી ઉછેરી હતી. લક્ષ્મી
નાનપણથી જ હોશિયાર અને સંસ્કારી હતી. સમય જતાં લક્ષ્મીના લગ્ન ગામથી થોડે જ દૂર આવેલા એક સમૃદ્ધ
પરિવારમાં થયા.

વર્ષો વીત્યાં. રામાકાકા અને એમના પત્નીની ઉંમર થતી જતી હતી. લક્ષ્મીને હંમેશાં પોતાના મા-બાપની ચિંતા
રહેતી. એ વારંવાર એમને મળવા આવતી અને સેવા ચાકરી કરતી. જ્યારે પણ એ જતી ત્યારે મા-બાપની આંખો
ભીની થઈ જતી.

એક ઉનાળાની ધોમધખતી બપોરે રામાકાકાને તીવ્ર તરસ લાગી. ઘરમાં પાણી ખૂટી ગયું હતું અને કૂવેથી પાણી
ભરવા જવાની શક્તિ નહોતી. લક્ષ્મી તે જ દિવસે એમને મળવા આવી હતી. એણે જોયું કે બાપુજી તરસ્યા છે. તુરંત
તે પોતાના ઘેર જઈ અને પાણીનો લોટો ભરી લાવી:

'બાપુજી, આ લ્યો પાણી પી લ્યો,' કહીને એણે લોટો રામાકાકા સામે ધર્યો.

રામાકાકાએ લોટા તરફ જોયું. એમની આંખોમાં દીકરી પ્રત્યેનો પ્રેમ હતો,પણ સાથે જ એક જૂનો સંસ્કાર પણ
ઝળકતો હતો. એમણે હળવેકથી લોટો પાછો ધકેલ્યો :

'ના, બેટા,' એમણે ધીમા અવાજે કહ્યું, 'દીકરીના ઘરનું પાણી ન પીવાય.'

લક્ષ્મી દુ:ખી થઈ ગઈ : 'બાપુજી,હું તમારી જ દીકરી છું. આ ઘર મારું જ છે. આટલી ગરમીમાં તમે તરસ્યા છો
અને હું તમને પાણી પણ ન આપી શકું?'

રામાકાકાએ લાંબો શ્વાસ લીધો :

'બેટા, તું સાચું કહે છે , પણ આપણા રીત-રિવાજ,આપણી પરંપરા... તે કહે છે કે દીકરીના ઘરેથી કઈ પણ લેવું
એ સારું ન કહેવાય. દીકરી એ તો પારકું ધન છે,લગ્ન પછી એનું ઘર સાસરી જ ગણાય.'

લક્ષ્મીની આંખોમાં પાણી આવી ગયા. એણે હિંમત કરીને કહ્યું:, 'બાપુજી,રીત-રિવાજ સારા હોય છે, પણ જો તે
માણસાઈને બાધક બને,તો શું તે યોગ્ય છે? શું તમારી તરસ કરતાં પણ મોટા આ રીત-રિવાજ છે?''

રામાકાકા મૌન રહ્યા. વર્ષોથી મનમાં ઘૂંટીને રાખેલી માન્યતા સામે આજે એમની જ દીકરી પ્રશ્ન કરી
રહી હતી. એમને અહેસાસ થયો કે તરસ્યા પિતા માટે દીકરીના હાથનું
પાણી એ કોઈ અપમાન નહીં, પણ પ્રેમનો અમૃત છે.

એમણે ધીમેથી હાથ લંબાવ્યો. લક્ષ્મીના હાથમાંથી પાણીનો લોટો
લીધો. એક ઘૂંટડો ભર્યો. એ પાણી એમને વધુ મીઠું લાગ્યું. એ માત્ર
પાણી નહોતું,એ સ્નેહનો સ્વીકાર હતો,જુનવાણી વિચારધારા પર પ્રેમનો
વિજય હતો.

બસ, આ જ વાત દરેક દીકરીના મા-બાપે ગાંઠે બાંધવા જેવી છે અને
જૂની માન્યતાઓનો છેદ ઉડાડવો જોઈએ. દીકરી પરણી જાય પછી એ
પારકી કેમ થાય?બાપ દીકરીનો સંબંધ ક્યારેય તૂટતો નથી કે ઓછો
થતો નથી.

તારો બન્ની

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

# શું તમારી જોબ એ જ તમારી ઓળખ છે?



અનેક વર્ષોથી આપણે જોઈએ છીએ કે લોકો એમની નોકરી કે જોબને અથવા એમના પદને પોતાની ઓળખ સાથે જોડી દે છે. કોઈ પૂછે, 'તમે કોણ છો?' તો જવાબમાં ઘણીવાર આવે છે, 'હું એક ડોક્ટર છું,' હું એન્જિનિયર છું,' કે 'હું મેનેજર છું.'

પરંતુ શું ખરેખર નોકરી કે જોબ જ આપણી ઓળખ છે? શું આપણું મૂલ્ય ફક્ત આપણા વ્યવસાય પર આધારિત હોવું જોઈએ? તો પછી વ્યવસાય ઉપરાંત આપણે જે અન્ય કાર્ય કરીએ છીએ, જે જીવન જીવીએ છીએ એનું કોઈ મહત્ત્વ નહીં ? સી, આપણે એ ધ્યાન રાખવું પડશે કે આપણી જોબ એ જીવનનો એક ભાગ છે, પણ તે આપણું સંપૂર્ણ અસ્તિત્વ નથી. આપણે આપણી ખુશી, આત્મસન્માન અને સફળતાને નોકરીની સીમાઓથી આગળ વધારવાની જરૂર છે.

ઘણીવાર એ પણ જોવા મળ્યું છે કે લોકો જોબને પોતાના અસ્તિત્વનો કે પોતાના સુખ-દુ:ખનો પણ એકમાત્ર આધાર બનાવી દે છે. પ્રમોશન મળે, બોનસ મળે કે સાથીદારો પ્રશંસા કરે ત્યારે એ પોતાને શ્રેષ્ઠ માને છે, પરંતુ જો નોકરીમાં મુશ્કેલી આવે, નોકરી જાય કે કામમાં નિષ્ફળતા મળે તો એ પોતાને નકામા ગણવા માંડે અને નિરાશ થઈ જાય.. પરંતુ આવી સ્થિતિ ભાવનાત્મક રીતે તેમજ ટકી રહેવાની આપણી સદીઓ જૂની જિજીવિષાને લઈને ખૂબ જોખમી બની શકે છે. નોકરીમાંથી આવતી સફળતા કે નિષ્ફળતા આપણી ભાવનાઓને રોલરકોસ્ટરની જેમ ઉપર-નીચે લઈ જાય છે. આથી જ આપણે આપણા આત્મસન્માનને નોકરીથી અલગ રાખવું જોઈએ, નહીંતર પછી આપણી પાસે જીવવાનું કારણ શું રહેશે ?

આપણે સમજવું જોઈએ કે જોબ -નોકરી એ આપણા જીવનનો એક ભાગ છે, પણ આખું જીવન નથી- પૂરું અસ્તિત્વ નથી. જીવનમાં ઘણી બીજી બાબત છે જે આપણને ખુશી અને સંતોષ આપી શકે છે. પરિવાર સાથે સમય વિતાવવો, મિત્રો સાથે હસવું, શોખ પૂરા કરવા, નાની-નાની ખુશીઓ માણવી આ બધું આપણા જીવનને સમૃદ્ધ બનાવે છે. જો આપણે નોકરીને જ આપણી ઓળખ બનાવીશું આપણા જીવનને એમાં જ મર્યાદિત કરી દેશું તો આપણે આવી નાની ખુશીઓ ગુમાવી દઈશું.

એક ઉદાહરણ લઈએ, એક વ્યક્તિ જે દરરોજ ઓફિસમાં ઘણા કલાકો કામ કરે છે, જો એ પોતાનાં બાળકો સાથે રમવા કે પોતાના શોખ માટે થોડો સમય કાઢે તો એનું જીવન વધુ સંતુલિત અને આનંદદાયક બની રહેશે.

આ બધા વચ્ચે, સફળતાની વ્યાખ્યા પણ બદલવાની જરૂર છે. આજે ઘણા લોકો સફળતાને ઊંચી નોકરી, મોટી ડિગ્રી કે ઊંચા પગાર સાથે જોડે છે, પરંતુ સફળતા એટલે શું? ફક્ત નોકરીમાં આગળ વધવું છે એ? કે પછી જીવનના દરેક પાસામાં સંતુલન જાળવવું એ? સાચી સફળતા એ છે કે તમે તમારી જાતને કેટલી ઓળખો છો, તમે તમારી ખુશીને કેટલું મહત્ત્વ આપો છો અને તમે અન્યો સાથે કેટલા સારા સંબંધો બનાવો છો... અલબત્ત, તમારી જોબ આ બધામાં મદદ કરી શકે, પણ તે એકમાત્ર માપદંડ ન હોવો જોઈએ.

લીડર્સ અને મેનેજર્સે પણ આ વાત પર ધ્યાન આપવું જોઈએ. પોતાની ટીમના સભ્યોને એવું વાતાવરણ આપવું જોઈએ કે જ્યાં નોકરી ઉપરાંત પણ એ પોતાની આગવી ઓળખ બનાવી શકે. જો કોઈ સ્ટાફને લાગે કે એનું મૂલ્ય ફક્ત એના કામના આધારે જ નક્કી થાય છે તો એ હંમેશાં તણાવમાં રહેશે. કંપની મેનજરે કે વડાએ સ્ટાફરને એની રોજિંદી જોબ ઉપરાંત અન્ય વાતોમાં પણ રસ લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. આનાથી કામની જગ્યાએ સંતુલન અને સકારાત્મક વાતાવરણ ઊભું થશે.

ઈનશોર્ટ, આપણે આપણા આત્મસન્માનને કે આપણા હોવાપણાનેનોકરીની સફળતા કે નિષ્ફળતા સાથે ન જોડવું જોઈએ. જીવનમાં નાની નાની ખુશી, સંબંધ અને અંગત વિકાસ પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે.

ધારી લો કે આવતી કાલે નિવૃત્ત થશું - વૃદ્ધ થશું જ્યારે આપણે કામ કરવા સક્ષમ નહીં હોઈએ ને આપણી પાસે નોકરી પણ નહીં હોય તો શું ત્યારે આપણું અસ્તિત્વ પણ નહીં હોય... શું ત્યારે આપણી કોઈ ઓળખ પણ ન હોય?

વિચારો.... ■

## સંધ્યા છાયા

# મનને ગમે એવું જીવો...

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**મિનાક્ષીબહેનની** ઉંમર ૭૦ વર્ષ. જીવનના આ પડાવે એ એકલા છે. જીવનસંધ્યાએ ઘણી વ્યક્તિની સાથે એવું બને છે. જીવનસાથીનો સાથ છૂટી જાય છે. સંતાનો પોતાની જિંદગીમાં વ્યસ્ત થઈ જાય છે. ત્યારે સ્ત્રી કે પુરુષ, બેમાંથી જે હયાત હોય તે એકલા પડી જાય છે. હવે આ એકલતાના રોદાણાં રોવા કે પછી આ એકલતાને 'એકાંત'માં ફેરવીને બાકી રહેલાં બોનસનાં વર્ષોમાં આનંદથી જીવવું એ વ્યક્તિના વિચારો પર, એના વર્તન પર, એની રહેણીકહેણી પર આધાર રાખે છે.

આજે મિનાક્ષીબેનની વાત કરીએ. ૭૦ વર્ષીય મિનાક્ષીબેનના જીવનસાથી સ્વર્ગે સિધાવ્યા છે. ત્રણ દીકરી વરી-પરણીને પોતાના જીવનમાં, પોતાના પરિવારમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગઈ છે. મુંબઈમાં - મલાડમાં પોતાના એક બેડરૂમના ઘરમાં મિનાક્ષીબેન એકલાં જીવે છે. એમને પતિની યાદ સતાવે છે. ઘરમાં એકલા કંટાળો આવે છે. પ્રભુભજન કરે છે, કરી કરીને પણ કેટલો વખત પ્રભુભજન કરી શકે? દેવ-દર્શન કરવા જાય છે , પણ સાંજે ઘેર આવ્યા પછી ઘર ખાવા ધાયા છે. એમને યાદ આવે છે પોતાનો કલરવતો ઘરસંસાર. પોતે બે અને કલબલ કરતી કાબર જેવી ત્રણ દીકરી સાંજે પડે બધા ઘેર આવે પછી રાત્રે તો ઘરમાં શોરબકોર હોય. ત્રણ દીકરી હસતી હોય, મસ્તી કરતી હોય, ક્યારેક લડતી હોય. પોતે બંને એમની દીકરીઓની મજાક-મસ્તી જોઈને રાજી થતા હોય. દીકરીઓ એમને ખૂબ વહાલી. એ ત્રણેય દીકરી પણ સ્વરૂપવાન, ગુણવાન, તેજસ્વી. આજે ભલભલા લોકોને દીકરીને પરણાવતા નાકે દમ આવે છે, કેટલીયે જોડ પગરખાં ઘસાઈ જાય છે ત્યારે મિનાક્ષીબેનની દીકરીઓના માગાં તો સામેથી જ આવ્યા. એક દીકરીના લવમેરેજ, બાકીના બંનેના અરેન્જ મેરેજ, પણ મિનાક્ષીબેને દીકરીઓના લગ્ન માટે સારું ઘર શોધવા જવું ન પડ્યું, સામેથી જ શ્રીમંત-ખાનદાન ઘરમાં એમની ત્રણેય દીકરીઓ વારાફરતી પરણી ગઈ.

એ પછી મિનાક્ષીબેન અને તેમના પતિ બેજ જણ ઘરમાં રહ્યા. પતિ હજુ રિટાયર્ડ થયા નહોતા. મિનાક્ષીબેન આખો દિવસ ઘરમાં એકલાં જ રહેતાં , પણ સાંજે પતિ ઘેર આવવાના છે એમની રાહ જોતા પતિ માટે વિવિધ વાનગીઓ બનાવતા. દીકરીઓના જવાથી ઘરમાં કલરવ શમી ગયો હતો પણ પતિ-પત્ની જમીને વોક કરવા જતા. ગલીને નાકે આવેલા આઈસક્રીમ પાર્લરમાં આઈસક્રીમ ખાતા. ઘેર આવીને એ બંને એક ગેમ 'રમી' રમતા અને પછી સાથે મળીને ટીવી પર કોઈ શો કે સિરીઝ જોતા. આમ પરસ્પરના સહારે બંને જણ જીવન જીવી રહ્યા હતા. શનિ-રવિ કે રજાના સમયમાં દીકરીઓ પોતાના સંતાનો સાથે આવતી ત્યારે ઘરમાં જાણે ગોકુળ-વૃંદાવન ઊતરી આવતું.

સ-રસ ચાલતા જીવન પર કાળની કાળી નજર પડી અને એક રોડ અકસ્માતમાં મિનાક્ષીબેનના પતિને કાળ ભરખી ગયો. મિનાક્ષીબેન એકલાં પડી ગયાં. થોડા દિવસ તો દીકરીઓ રહી પણ પછી તો એમનોયે સંસાર હોયને? સાંજે પડેને મિનાક્ષીબેનને ઘર ખાવા દોડે. સાંજે ઉદાસી એમને ઘેરી વળે. દીકરીઓને ફોન કરે પણ દીકરીઓ પોતાના કામમાં વ્યસ્ત હોય એટલે વધારે વાત ન કરી શકે. હવે એમને સાંજે રસોઈ બનાવવી પણ ગમતી નહીં.. ટી.વી. જોવાનું પણ ગમતું નહીં. રડ્યાં કરતાં .

મિનાક્ષીબેનની આ હાલત જોઈને ત્રણેય દીકરી-જમાઈએ મિટિંગ કરી. મમ્મી માટે શું કરી શકાય? સૌ પ્રથમ તો દીકરીઓએ પોતાના ઘેર આવવા આગ્રહ કર્યો જે પ્રસ્તાવ મિનાક્ષીબેને નકારી કાઢ્યો. મોટી દીકરીને યાદ આવ્યું- મમ્મીને હિલ-સ્ટેશન પર રહેવાનો બહુ શોખ હતો. મમ્મીને હિલ-સ્ટેશન રહેવા મોકલી દઈએ, પણ મુંબઈમાં એમને એકલતા લાગે છે તો હિલ-સ્ટેશનમાં તો કેટલી એકલતા લાગે? બીજી દીકરીને સરસ વિચાર આવ્યો. હિલ-સ્ટેશનની સ્કૂલમાં ભણતા બાળકો માટે નાનકડી હોસ્ટેલ ખોલીએ તો કેવું? પણ એને માટે પૈસા જોઈએ. મલાડનો ફ્લેટ વેચી નાખવાનું નક્કી કર્યું. એ પૈસામાંથી મુંબઈની નજીકના હિલ સ્ટેશન પર વીસેક બાળકો રહી શકે તેવું મકાન બનાવ્યું. મકાનમાં બાળકોને જોઈએ એ બધી સગવડનું ધ્યાન રાખીને ફર્નિચર બનાવડાવ્યું. બાળકોને સાચવવા બે આયા, રસોઈ કરવા માટે બે બહેનોને રાખ્યા. મિનાક્ષીબેન તો બધી તૈયારીમાં લાગી ગયાં . હવે એમનો સમય ક્યાં જાય છે તેની હવે ખબર જ પડતી નથી. પહેલાં સમય પસાર કરવાના વાંધા હતા હવે સમય ક્યાં પસાર થઈ જાય છે તેની જ ખબર પડતી નથી. થોડી જાહેરાત કરવાને કારણે શરૂઆતમાં બે-ત્રણ બાળકોએ મિના-બાની હોસ્ટેલમાં એડમિશન લીધું. બે-ત્રણ બાળકો, બે આયા, બે રસોઈવાળા બહેન. હવે મિનાક્ષીબેનનો પરિવાર મોટો થઈ ગયો. હવે કામ છે, કલબલાટ છે, બાળકોની મસ્તી છે. બાળકોને સરસ મજાનો ગરમ નાસ્તો, ગરમાગરમ જમવાનું અને સ્વાદિષ્ટ ડિનર મળે છે. બાળકોને મજા આવે છે. સરસ જમવા સાથે મિના-બાનો પ્રેમ પણ મળે છે. જેને કારણે બાળકો પોતાના માતાપિતાનો વિરહ જીરવી શકે છે. રાતના બાળકો જમી લે અને હોમવર્ક કરી લે પછી બધાને ભેગાં કરીને મિનાબા રમતો રમાડે છે, વાર્તા કહે છે. બાળકોને મજા આવે છે. બધાંને દૂધ-ફ્રૂટ આપવામાં મિનાબા ક્યાંય કરકસર કરતા નથી.

ધીરે ધીરે બીજા વીસ બાળક આવી ગયા છે. મિનાબા હોસ્ટેલનું નામ થઈ ગયું છે. કેટલાંયે એડમિશન આપવા વિનંતી કરે છે પણ મિનાબા પાસે જગ્યા નથી. એ વિચારે છે થોડા પૈસા જમા થઈ જાય તો બીજા બે-ત્રણ ઓરડા ચણાવી લઉં તો થોડા વધુ બાળકોનો સમાવેશ થઈ શકે. મિનાબાની હોસ્ટેલમાં બાળકોને દાદીનો પ્યાર મળે છે. વાલીઓ ખુશ છે, ખાસ તો મિનાક્ષીબેન ખુશ છે- હવે એ રડતાં નથી, હસતાં રહે છે. દીકરીઓના ફોન આવે તો એમની સાથે વાત કરવા પણ એમની પાસે સમય નથી. મિનાક્ષીબેન દીકરીઓની મદદથી પોતાની એકલતાને એક સરસ સામાજિક સેવામાં પરિવર્તન કરી દીધી છે. પોતે તો આનંદિત રહે છે સાથે સાથે અન્યને આનંદ આપે છે.

એકલતા ઘેરી વળે ત્યારે મનગમતું કામ એ જ નીજ-આનંદ પામવાનો અકસીર ઉપાય છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



# અમે ૪૦ શહેર બદલ્યાં... દરેક શહેરની સાથે મારી શાળા - મારા મિત્રો બદલાઈ જતાં!

(ભાગ: ૧)
નામ: ડેમી મૂર
સમય: ૨૦૨૫
સ્થળ: હેલી, ઈડાહો
ઉંમર: ૬૨ વર્ષ

આજે અહીં હેલી, ઇડાહોના મારા ઘરમાં બેઠી છું. દૂર પેસિફિક નોર્થવેસ્ટ અને માઉન્ટેન વેસ્ટ પ્રદેશ દેખાય છે. પૂર્વમાં મોન્ટાના અને વ્યોમિંગ, દક્ષિણમાં નેવાડા અને ઉટાહ અને પશ્ચિમમાં વોશિંગ્ટન અને ઓરેગોન સાથે જેની સરહદો વહેંચાય છે એવો આ વિસ્તાર પહાડો પર આવેલો ભૂમિગત વિસ્તાર છે. અહીં મારું સુંદર ઘર છે. છ શયનખંડ અને આઠ બાથરૂમ સાથે ૧૦.૫ એકરની એસ્ટેટમાં હું વિચિત્ર પ્રકારની માનસિક શાંતિ અનુભવું છું... મારો મોટાભાગનો સમય હું અહીં જ વિતાવું છું... જિંદગીના છ દાયકા ઉપર બે વર્ષ. ૬૨ વર્ષની ઉંમરે ત્રણ લગ્નો પછી, આજે મારી જાતને પાછી વળીને જોઉં તો મને દેખાય છે એક એવી છોકરી જેની બે આંખોનો રંગ જુદો હતો... આને વિષમવર્ણતા કહેવાય, જે જન્મથી જ શરીરમાં રહેલા રંગસૂત્રોની ખામીને કારણે ઉદ્ભવે છે. મારી આંખો ત્રાસી હતી, હું થોડું ફાંગુ જોતી. આ રોગને લેઝી આઈ કહે છે, એક આંખ ફરે જ નહીં. મારી લેઝી આઈના રોગને કારણે મારે આંખમાં એક તરફ પેચ પહેરવો પડતો. મને સ્કૂલમાં મારી બહેનપણીઓ ચીડવતી, કહેતી કે હું શેતાનનું બાળક છું, એને કારણે મારી આંખો આવી અલગ અલગ છે! અથવા, આંખ પર પહેરવાના પેચને કારણે ક્યારેક મને પાયરેટ (ચાંચિયો) કહીને ચીડવતી. હું બહુ દુઃખી થતી, રડતી અને મારી માને ફરિયાદ કરતી. જોકે, એની પાસે મારી ફરિયાદ સાંભળવાનો સમય ભાગ્યે જ હતો!

મારી મા વર્જિનિયા કિંગ એના પોતાના પ્રશ્નોમાં એટલી અટવાયેલી હતી કે, એ અમારી તરફ ધ્યાન આપી શકતી જ નહીં. મારી મા એના માતા-પિતાનું લાડકું સંતાન હતી. મારી નાની અત્યંત વ્યવસ્થિત અને સમજદાર પ્રિય હતી, પરંતુ મારા નાના એમની યુવાની પૂરી થતાં સુધીમાં મૃત્યુ પામ્યા. મારી નાનીએ શાળામાં નોકરી કરીને એના બંને બાળકો- મારી મા અને મારા મામાને ઉછેર્યા, પરંતુ મારી નાનીની ડિસિપ્લિન અને સખ્તીને કારણે મારી મા નાનપણમાં જ વિદ્રોહી બની ગઈ. એ હાઈસ્કૂલના દિવસોમાં ‘ટોમબોય’ કહેવાતી. એ ખૂબ સુંદર હતી, પરંતુ એનામાં એ સમયની સ્ત્રીઓ જેવા કોઈ લક્ષણો નહોતા. આજથી ઘણા વર્ષો પહેલાં, એટલે કે ‘૬૦ના દાયકામાં મારી મા સિગારેટ પીતી, શરાબ પીતી, પાર્ટીઓમાં જતી... કદાચ, એટલે જ બાકીની સ્ત્રીઓ એને પોતાનાથી જુદી અથવા ઊતરતા ચારિત્ર્યની સમજવા લાગી હતી. એ સમયે મારી મા મારા પિતા ચાર્લ્સ હર્મનને મળી. બંને જણાં હાઈસ્કૂલમાં સાથે ભણતાં હતાં. ચાર્લ્સ પણ એક વિદ્રોહી અને ‘કાસાનોવા’ (‘કાસાનોવા’ એ એવા પુરુષ માટે એક ઉપનામ છે જે સ્ત્રીઓ પ્રત્યે આકર્ષાય છે અને તેમની સાથે સંબંધ બાંધવામાં આરામદાયક છે. આ



ડેમી મૂર પરિવાર સાથે

શબ્દ ઘણીવાર ૧૮મી સદીના ઇટાલિયન સાહસિક અને લેખક ગિયાકોમો કાસાનોવાના નામ પરથી બનાવવામાં આવે છે, જે સ્ત્રીઓ પ્રત્યેના તેમના આકર્ષણ માટે પ્રખ્યાત હતા.) હતો. એ અનેક છોકરીઓ સાથે સંબંધ રાખતો. મારી મા પણ એમાંની એક હતી. બંને જણાં એકબીજા પ્રત્યે ખૂબ આકર્ષાયેલાં હતાં એટલે મારા બાયોલોજિકલ પિતા ચાર્લ્સ હર્મને ઉતાવળમાં મારી મા સાથે લગ્ન કરી લીધાં. મારી મા આખી જિંદગી શરાબ પીને ચાર્લ્સ હર્મનને ગાળો દેતી, એ કહેતી કે, ‘હું એને અન્ય સ્ત્રીઓથી દૂર રાખવા, મારો બનાવવા મેં એની સાથે લગ્ન કરી લીધાં. મને ખબર નહોતી કે, એને માટે લગ્ન એક રમત હતી. એણે કોઈ નાટકમાં ભજવાતા કિરદાર જેમ ડાયલોગ બોલે એવી જ રીતે લગ્નના ‘વાઉ’ (વચનો) આપ્યાં અને લીધાં. એ નાલાયક માણસ માટે લગ્નના એ વચનોની કોઈ કિંમત નહોતી...’ ચાર્લ્સ હર્મન અને વર્જિનિયા કિંગ, પરણ્યાં ત્યારે મારી મા ૧૮ વર્ષની હતી અને ચાર્લ્સ ૧૯ વર્ષનો... મારી માએ આખી જિંદગી પોતાની એ મૂર્ખતા બદલ અફસોસ કર્યો. એ અફસોસના કારણે મારી મા શરાબી થઈ ગઈ. એ ચાર્લ્સ હર્મનને ખૂબ પ્રેમ કરતી હતી, પરંતુ ચાર્લ્સ પોતાની જવાબદારી ઉપાડી શક્યો નહીં. પ્રેમ અને દિવાનગીમાં બંને જણાં પરણી તો ગયા, પરંતુ ચના છ જ મહિનામાં બંને જણાં એકબીજાની સાથે નહીં જીવી શકે એ વાત એમને સમજાઈ ગઈ. ચાર્લ્સ અને વર્જિનિયાને જ્યારે આ સત્ય સમજાયું ત્યારે હું મારી માના ગર્ભમાં આકાર લઈ રહી હતી.

હું જન્મી ત્યારે ચાર્લ્સ હર્મન મારી માના જીવનમાં નહોતો. એ મને ક્યારેય જોવા ન આવ્યો. જિંદગીમાં એકવાર એને મળવાની તીવ્ર ઈચ્છા સાથે હું એને મળવા ગઈ હતી... એણે મને કહ્યું, ‘તારી મા એક બેફામ, શરાબી અને ઉદ્દંડ સ્ત્રી છે. એની સાથે લગ્ન કરીને મને સમજાયું કે આવી સ્ત્રીઓ સાથે પથારીમાં અને પાર્ટીમાં મજા કરી શકાય, લગ્ન કરીને એને જીવનસંગિની ન બનાવી શકાય.’ મારું દિલ તૂટી ગયું. એ પછી મેં ચાર્લ્સ પાસે મારી મા વિશે સાંભળેલી ભદ્દી વાહિયાત વાતોને મારા મગજમાંથી કાઢવાનો મેં બહુ પ્રયત્ન કર્યો, પરંતુ એ બધી વાતો જીવનભર મને પીડા આપતી રહી કારણ કે, ચાર્લ્સની વાત સાવ ખોટી નહોતી. મારી મા શરાબી રહી, જીવનભર! એક વાર એ પીવા લાગતી પછી એને પોતાના સંતાનોની કોઈ ચિંતા રહેતી નહીં. હું અને મારો ભાઈ- સગો ભાઈ નહીં, પરંતુ મારા સાવકા પિતા ડેની ગઈનસનો દીકરો, મોર્ગન ગઈનસ, જે મારાથી પાંચ વર્ષ નાનો હતો. અમે બંને જણાં અમારી મા જ્યારે નશામાં ચકચૂર હોય ત્યારે એને સંભાળીને બેડરૂમમાં લઈ જતી વખતે એકબીજાનો સહારો લેતા. મોર્ગન મારો સાવકો ભાઈ હતો, પણ અમે એકબીજાના ઉત્તમ મિત્રો હતા... અમે આખી જિંદગી મિત્રો રહ્યાં.

અમારા માતા-પિતાને કારણે અમારે ઘરે અમારા મિત્રો રમવા આવતા નહીં. મારા સાવકા પિતા ડેની ગઈનસ પણ, શરાબી હતા. મારી મા અને મારા પિતા વચ્ચે અવારનવાર ઝઘડા થતા. એ બંને એકબીજાને મારતા, પીટતા, વાસણો ફેંકતા અને ગાળો બોલતા. એ સ્વભાવે રોમેન્ટિક હતા, દિલફેંક! મારી મા અને ડેની ગઈનસ વચ્ચે અન્ય સ્ત્રીઓને લઈને પણ ખૂબ ઝઘડા થતા. જોકે, મારે એવું કહેવું જોઈએ કે એ બંને જણાં પતિ-પત્ની કરતાં વધારે, મિત્રોની જેમ રહેતા. મારા પિતાને જુગાર રમવાનો શોખ હતો. એ અવારનવાર પૈસા હારી જતા, દેવું થઈ જતું. અમારે શહેરો બદલવા પડતા. અમે લગભગ ૪૦ શહેર બદલ્યાં. દરેક શહેરની સાથે મારી શાળા, મારા મિત્રો બદલાઈ જતાં. મારા માતા-પિતાના મિત્રો પણ સમય સાથે બદલાતાં રહેતાં, કારણ કે જૂના શહેરના મિત્રો સાથે એમણે સંબંધ તોડી નાખવો પડતો કારણ કે, મારા પિતાના દેવાંને કારણે કોઈપણ એમને શોધી ન શકે એ જરૂરી બની જતું...

એક વર્ષમાં લગભગ બેથી ત્રણ વાર અમે શહેર બદલી નાખતા... શરૂઆતમાં અમને બહુ જ અકળામણ થતી, પરંતુ ધીરે ધીરે હું અને મોર્ગન ટેવાઈ ગયા હતા. ૧૯૮૦ના ઓક્ટોબર મહિનાની એક સવારે મારી માની ચીસથી અમે જાગ્યા. મારા પિતા ડેની ગઈનસે આત્મહત્યા કરી લીધી હતી. હું ૧૬ની હતી અને મોર્ગન ૧૩નો. મારા પિતાએ મારી મા માટે ખૂબ મોટું દેવું અને લાંબી, સંઘર્ષમય જિંદગીનો વારસો મૂકી અને આ દુનિયા છોડી દીધી હતી. (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# વાત ડિજિટલી સ્માર્ટ જનરેશનની...

**મીરાં મહેતા** - સેન્ટ મેરી હાઇસ્કૂલની અનઓફિશ્યલ ટેક ગુરુ. સ્કૂલમાં ટીચર્સને કોઈ પીડીએફ કન્વર્ટ કરવાની હોય, ઈન્સ્ટાગ્રામ રીલ્સ બનાવવાની હોય કે પછી કોઈને પ્રોજેક્ટ્સ માટે પીપીટી તૈયાર કરવી હોય તો લગભગ બધાંને મીરાં પાસે આવવું પડતું. એનો ફોન હંમેશાં રણકતો રહેતો. ગ્રૂપ ચેટ્સ, સ્નેપ સ્ટ્રીક, રીલ્સ અને પોસ્ટની દુનિયાની ‘ક્વીન બી’ હતી મીરા.

સ્કૂલમાં મળેલું ‘ટેક ગુરુનું આ બિરુદ એને સ્પેશ્યલ ફીલ કરાવતું. મીરાંને એ જાણીને મજા આવતી કે પોતે હંમેશાં આ રીતે આખી સ્કૂલ સાથે સંકળાયેલી રહે છે. એક દિવસ મીરાં કેમેસ્ટ્રી ક્લાસમાં સૌથી પાછળ બેસી ચુપચાપ પોતાના ફોનને સ્ક્રોલ કરી રહેલી. ત્યારે જ કોઈ અજાણ્યા નંબર પરથી એને મેસેજ આવ્યો :

‘હાય મીરાં, મેં તારા ડાન્સની રીલ જોઈ. શું જબરદસ્ત છે. યુ આર અમેઝિંગ ડાન્સર.’

મેસેજ વાંચી મીરાંના ચહેરા પર ખુશી ફરી વળી. આખરે હવે સ્કૂલની બહાર પણ પોતે જાણીતી બનવા લાગી છે. એ વાતે મીરાં રોમાંચિત થઈ ઊઠી. એણે સામે જવાબ લખ્યો: ‘થેન્ક યુ... પણ તમે કોણ?’

ઘડીના છઠ્ઠા ભાગમાં ફરી મેસેજ આવ્યો :

‘હું અર્જુન. તને સોશિયલ મીડિયા પર ફોલો કરું છું. એક ડાન્સ ઈવેન્ટ માટે તારી સાથે કોલાબરેશન કરવું છે. શું આપણે વ્હોટ્સ એપ પર વાત કરી શકીએ?

મીરાં થોડી ખુશ અને વધુ ઉત્સાહિત હતી. એટલે તુરંત જ હા પાડી દીધી. આગલા થોડા દિવસોમાં તો અર્જુન એનો જાણે ખાસ મિત્ર બની ગયો. એ સતત અર્જુન સાથે વાતો કરવા લાગી. એને અર્જુન કુલ લાગતો. મીરા માટે એ છોકરો સ્માર્ટ અને શાલીન હતો. એકદમ શાંત, ડાહ્યો અને તેમ છતાં વાતો કરવામાં ક્લેવર અને ક્લિયર... હોંશિયાર અને આખાબોલો. અર્જુન સાથેની વાતોમાં મીરાંને આનંદ સાથે એજ્યુકેશન મળતું.

થોડા દિવસ પછી અર્જુને એક એપની લીન્ક મોકલી, જેનું નામ હતું ‘ઈન્ફ્લ્યુન્સર એડિટિંગ એપ’. મીરાંએ ઉત્સાહમાં આવી લીન્ક પર ક્લિક કર્યું. પણ, એ ખુલ્યા બાદ કંઈ કામનું મળ્યું નહીં. એને લાગ્યું કે, કદાચ નેટવર્કમાં કોઈ તકલીફ હશે. અમુક કલાકો વીત્યા ત્યાં એનો ફોન ધીમો થઈ ગયો. ઈન્સ્ટાગ્રામ એની જાતે લોગ આઉટ થઈ ગયું. જી-મેઈલ અકાઉન્ટ પણ એ ખોલી નહોતી શકતી.

મીરાં હજુ કંઈ સમજે એ પહેલા એની ફ્રેન્ડ રીયાનો કોલ આવી ગયો. એકદમ ગભરાયેલા અવાજમાં રીયા વરસી પડી.




‘અરે મીરાં, તારું એકાઉન્ટ હેક થઈ ગયું છે કે શું? એમાં કોઈ ખૂબ અજીબ પોસ્ટ મૂકી રહ્યું છે.એક રીલમાં લખ્યું છે કે આઈફોન જીતવા માટે અહીં ક્લિક કરો. અને બીજામાં ખરાબ ગંદા શબ્દો. તારી પ્રોફાઈલ બાયોમાં પણ કોઈ ગંદી વેબસાઈટની લીંક ખુલે છે...’

મીરાં ચોંકી ગઈ. ‘અરે, મેં તો કંઈ જ પોસ્ટ નથી કર્યું. એણે ઝડપભેર રીયાનો ફોન કટ કરી અર્જુનને મેસેજ કરવા ચેટ બોક્સ ખોલ્યું. એના આશ્ચર્ય વચ્ચે અર્જુનના નંબર પર વ્હોટસ એપ નહોતું. ઈન્સ્ટા આઈડી પણ નહોતું દેખાતું. મીરાને સમજતાં વાર લાગી નહીં કે, આ અર્જુન નામનો કોઈ મોર જ કળા કરી ગયો છે.

બીજા દિવસે સ્કૂલમાં ચારેકોર એની જ વાતો ચાલી. અમુક પારકી પંચાતનો આનંદ લઈ રહ્યા હતા તો અમુક એને સલાહો આપવા લાગેલા. કોઈને એની ચિંતા થતી હતી તો કોઈને અંદરથી રાજીપો. અંદરોઅંદર કાનાફૂસી પણ ચાલી કે, ‘હવે ખબર પડી ને. બહુ મોટી ટેક ગુરુ થઈને ફરતી હતી...’

વાત ઉડતી-ઉડતી સ્ટાફરુમમાં પહોંચી. એક ટીચરે ક્લાસમાં જઈ, ખાસ મીરાંનો ઉલ્લેખ કરી, ડિજિટલ છેતરામણી પર એક આખો લેક્ચર લઈ લીધો. મીરાં હવે ભોંઠપ અનુભવવા લાગી. ક્લાસ પૂરો થતાં એ સીધી આઈ.ટી. લેબમાં દોડી ગઈ. કોમ્પ્યુટર સાયન્સના સાઉથ ઈન્ડિયન શિક્ષક એવા મિસ્ટર ઐય્યરને એણે માંડીને વાત કરી. એમણે શાંતિથી ફોન ચેક કર્યા પછી કહ્યું :

‘આ કોઈ સામાન્ય તકલીફ નથી. જે લીન્ક તને અર્જુને મોકલી હતી એને ‘માલવેર’ કહેવાય. એના દ્વારા લગભગ તારી બધી જ લોગ-ઈન ડિટેલ્સ ચોરાય ગઈ છે. જોકે આ રીતે અજાણ્યા લોકો સાથે ચીટચેટ શરૂ કરવી એ નરી મૂર્ખામી કહેવાય...’

સરના કડક અવાજે કહેવાયેલા શબ્દોએ મીરાંની આંખમાં આંસુ લાવી દીધા. એના બધાં પર્સનલ મેસેજીસ, સ્કૂલના આઈડી, અંગત ફોટોગ્રાફ્સ,બેંકની ડિટેલ્સ બધું જ હવે ખતરામાં હતું.

‘સર, એ તો બહુ જ નોર્મલી વાત કરી રહ્યો હતો...’ મીરા એકદમ ધીમા સ્વરે બોલી.

‘એ જ તો મોટી તકલીફ છે. અર્જુને જે કર્યું એને ‘સોશ્યલ એન્જિનિયરિંગ’ કહેવાય. ઓનલાઈન છેતરામણી કરનારા લોકો પહેલા તમારો ભરોસો જીતે. પછી પગપેસારો કરે. આજના જમાનામાં તમારા જેવા ટીનએજર્સે અજાણ્યા લોકો સાથે ક્યારેય પોતાની પર્સનલ વાતો ના કરવી. અજાણી લીન્ક પર ક્લિક ના કરવું. દરેક જગ્યાએ ‘ટુ ફેક્ટર ઓથેન્ટીકેશન’ રાખવું તેમજ દરેક એપ માટે અલગ અલગ પાસવર્ડ રાખવા જરી છે..’.

આ બધું જ મીરા માટે આંખો ખોલી દેનારું હતું. ઐયર સરની મદદથી મીરાએ પોતાના એકાઉન્ટ્સ રિકવર કર્યા. પાસવર્ડ બદલ્યા અને એક ઇન્સ્ટા રીલ પણ બનાવી કે ‘હું કેવી રીતે ડિજિટલી છેતરાય ગઈ...’. એ રીલ સ્કૂલમાં વાયરલ થઈ ગઈ. આ વખતે ડાન્સ કે દેખાડો કરવાને બદલે મીરાંએ પોતાના જેવા ટીનએજર્સને માર્ગદર્શન આપવાની જવાબદારી નિભાવી. એ વાયરલ રીલ થકી મીરાં ફરી જાણીતી બની. સ્કૂલમાં એને ડિજિટલ વર્કશોપ લેવા માટે કહેવામાં આવ્યું.

મીરાની અંદર હવે એક અલગ આત્મવિશ્વાસ હતો. એણે કહ્યું ઓનલાઈન રહેવું મજેદાર છે. અને સાથોસાથ આપણી ડિજિટલ સુરક્ષાનું ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે. ડિજિટલી થોડી વધુ લાઈક્સ માટે આપણી પ્રાયવસી ખતરામાં નાખવી બિલકુલ જરૂર નથી. પહેલા વિચારો અને પછી જ સ્ક્રોલ કરો. પહેલા ખરાઈ કરો અને પછી જ મિત્રો બનાવો...’

મીરાના વક્તવ્યને તાળીઓના ગડગડાટ સાથે બધાએ વધાવી લીધું. થોડા સમય પછી મીરાના ઈન્સ્ટાગ્રામ પર એક મેસેજ આવ્યો. ‘હાય મીરા, તારા વર્કશોપનો વીડિયો જોયો. અદભુત વાક્છટા છે તારી... શું અમારી સાથે કોલોબરેશન કરવાની ઈચ્છા ખરી?

મીરાંના હોંઠ પર વ્યંગાત્મક સ્મિત હતું : ‘ચોક્કસ, પણ પહેલાં તમે તમારી પ્રોફાઈલ, ઈ-મેલ તેમજ કોન્ટેક્ટ ઈન્ફો મને મોકલી આપો. આટલું લખી, ફોન બાજુ પર રાખી મીરા ગણગણી:

‘નાઉ નો મોર ડિજિટલ ડિસેપ્શન....હવે આ રીતે ફરી છેતરાય એ મીરાં નહીં!’ ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# સુભદ્રાકુમારી ચૌહાણ

*બુન્દેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી*
*ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી*



અંગ્રેજો વિરુદ્ધ લડીને શહીદી વહોરનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના પરાક્રમ અને સાહસનું વર્ણન કરતું અને એને ઘેર ઘેર ગુંજતું કરનાર આ વીરકાવ્ય કોણે રચ્યું છે, એ જાણો છો ?

એનું નામ સુભદ્રાકુમારી ચૌહાણ... સ્વતંત્રતા સેનાની અને અસહયોગ આંદોલનમાં અને ઝંડા સત્યાગ્રહમાં ધરપકડ વહોરનાર નાગપુરની પહેલી મહિલા સત્યાગ્રહી. જોકે સુભદ્રાકુમારીને પ્રસિદ્ધિ મળી ‘ઝાંસીની રાણી’ રચનાથી. રાણી લક્ષ્મીબાઈની પરાક્રમગાથાને આલ્હા કે પવાડારૂપે ગૂંથીને સુભદ્રાએ એને ઘેર ઘેર પહોંચાડી. આલ્હા અને પવાડા એટલે વીરોની ગાથા, યશગાન કે કીર્તિકથા... ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અંગેના યશગાને સુભદ્રાકુમારીને પણ એટલો જ યશ અપાવ્યો છે ! ભારત સરકારે ૬ ઓગસ્ટ ૧૯૭૬ના પચીસ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડીને સુભદ્રાકુમારીની સ્મૃતિને ચિરંજીવી બનાવી છે !

આ સુભદ્રાકુમારી ચૌહાણનો જન્મ ઉત્તર પ્રદેશના અલાહાબાદ સ્થિત નિહાલપુર ગામમાં થયેલો. માતા ધીરજકુંવરી. પિતા ઠાકુર રામનાથસિંહ. જુનવાણી સમાજ હોવા છતાં સુભદ્રાને ભણવાનો મોકો મળેલો. જોકે નિહાલપુરથી ક્રાસ્થવેટ શાળા સુધીનો રસ્તો લાંબો હોવાથી પરદા લાગેલા એક્કામાં બેસીને ભણવા જવું પડતું. એ સમયની રૂઢિચુસ્ત સામાજિક પરિસ્થિતિને કારણે રસ્તામાં કોઈ એક્કાનો પરદો ખેંચી ન કાઢે એ માટે સુભદ્રાના ભાઈ રજજુભૈયા સાઈકલ પર એક્કાની સાથે જતા અને શાળા છૂટવાના સમયે પણ એ જ રીતે લેવા જતા. સુભદ્રાને નાનપણથી જ કવિતામાં રસ પડતો. એ કાવ્ય રચતી. ૧૯૧૩માં નવ વર્ષની ઉંમરે લીમડાના વૃક્ષ અંગે ‘નીમ’ શીર્ષક સાથે એણે લખેલી કવિતા ‘મર્યાદા’ પત્રિકામાં પ્રકાશિત થયેલી.

પંદર વર્ષની ઉંમરે, ૧૯૧૯માં સુભદ્રાનાં લગ્ન ખંડવાના ઠાકુર લક્ષ્મણસિંહ સાથે થયાં. લક્ષ્મણસિંહ એમ.એ. કર્યા પછી કાનૂનનો અભ્યાસ આગળ વધારવા ઉત્સુક હતા. માધ્યમિક શિક્ષણ પૂરું વિદ્યાલય સુધીનું ભણેલી સુભદ્રા પણ આગળ ભણવા માગતી હતી, પણ ગાંધીજીએ વિદ્યાર્થીઓને દેશ માટે કામ કરવાનું આવાહન કરેલું. દેશપ્રેમી દંપતીએ ભણવાનું છોડીને આઝાદી આંદોલનમાં ઝુકાવ્યું. રાષ્ટ્રીય વિચારોના પ્રચારપ્રસાર માટે મધ્ય પ્રદેશના જબલપુરમાં ૧૯૨૦માં ‘કર્મવીર’ પ્રકાશનનો પ્રારંભ થયો. લક્ષ્મણસિંહ આ પત્રિકાના સાહિત્ય સંપાદક થયા. સુભદ્રા અને લક્ષ્મણસિંહ જબલપુર જઈ વસ્યાં. દરમિયાન, સુભદ્રાની કવિતાઓ પત્રિકાઓમાં પ્રકાશિત થયા કરતી. તેનાં કાવ્યોમાં પરાધીન ભારતમાતાને ગુલામીમાંથી આઝાદ કરવાનો સૂર ઊઠતો. અન્યાય અને અત્યાચાર વિરુદ્ધ આક્રોશનો સ્વર બુલંદ થતો. સુભદ્રાની રચનાઓમાંથી દેશપ્રેમનો સાદ સંભળાતો અને અંગ્રેજો સામે રોષ વ્યક્ત થતો.

જલિયાંવાલા બાગ હત્યાકાંડના એક વર્ષ પછી, ૧૯૨૦માં લોકમાન્ય બાલ ગંગાધર તિલકનું અવસાન થયું. એમની સ્મૃતિમાં તિલક સ્વરાજ્ય ફંડ માટે એક લાખ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્ય હતું. જોકે માત્ર લાખ રૂપિયા ભેગા કરવાનો ઉદ્દેશ નહોતો. એ તો શેઠ અને શાહુકારો પાસેથી બે દિવસમાં ઉઘરાવી લેવાય. એક-એક, બે-બે પૈસા ઉઘરાવીને ફંડફાળો એકત્ર કરવાનું મૂળ કારણ એ હતું કે વધુમાં વધુ લોકો સુધી પહોંચીને કોંગ્રેસનો પ્રચાર કરી શકાય. સુભદ્રા પોતાની ચારપાંચ સહકર્મી સાથે ઘેર ઘેર ફરીને ફાળો ઉઘરાવતી. સુભદ્રા પરાધીનતામાંથી મુક્તિ, સ્વદેશીનો પ્રચાર, અસહયોગ અને અહિંસાના સંદેશ સાથે નીકળી પડેલી. એણે ઘેર ઘેર ફરીને એક-એક બે-બે પૈસા ઉઘરાવીને ફાળો એકત્ર કર્યો.

દરમિયાન, ૧૯૨૧માં લક્ષ્મણસિંહ અને સુભદ્રા અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમમાં ગયાં. ગાંધીજી અને કસ્તૂરબાને મળ્યાં. સુભદ્રા શૃંગારની શોખીન હોવા છતાં સાજશણગાર કર્યા વિના જ ગયેલી. સફેદ, કિનારી વગરની સાડી પહેરેલી સુભદ્રા પતિ સાથે જોઈને કસ્તૂરબાએ કહ્યું, ‘તું પરણેલી છો તો આવો વેશ કેમ બનાવ્યો છે ? ચૂડી પહેરીને, સિંદૂર લગાવીને અને કિનારીવાળી સાડી પહેરીને મળવા આવજે...’ જોકે હળવીફૂલ વાતો પછી ગાંધીજીથી પ્રભાવિત થયેલાં પતિપત્નીના મનમાં ખરલમાં પીસાતા સુખડની પેઠે દેશપ્રેમ વધુ ને વધુ ઘૂંટાયો. એનાં દેશપ્રેમનાં કાવ્યોમાં પણ એવો જ નિખાર આવ્યો.

સુભદ્રાનો દેશપ્રેમ માત્ર લેખની પૂરતો સીમિત નહોતો. એ પોતે આઝાદી આંદોલનમાં આગળ પડતો ભાગ લેતી. જબલપુર મહાપાલિકામાં વર્ષ ૧૯૨૩માં કોંગ્રેસની બહુમતી થયેલી. એ સમયે કોઈ પણ સાર્વજનિક સ્થાન પર ત્રિરંગો ફરકાવવા પર પ્રતિબંધ હતો. પરંતુ બહુમતી મળવાથી કોંગ્રેસીઓ જબલપુર મહાપાલિકા ભવન પર ત્રિરંગો ફરકાવવા માગતા હતા. મહાપાલિકા સમિતિએ હકીમ અજમલ ખાનના હાથે ભવન પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો અંગ્રેજ અમલદારે તરત જ ધ્વજ ઉતારી લીધો. કોઈ કર્મચારીએ વધુ પડતા ઉત્સાહમાં ધ્વજને પગતળે કચડ્યો.

રાષ્ટ્રીય ધ્વજનું અપમાન દેશનું અપમાન હતું અને તેનો તત્કાળ પ્રતિકાર કરવો અનિવાર્ય બની ગયું. આંદોલનના નેતા પંડિત સુંદરલાલે લક્ષ્મણસિંહ ઠાકુરને કહ્યું હમણાં જ સુભદ્રાને બોલાવો. સુભદ્રા ત્વરાથી હાજર થઈ. પંડિત સુંદરલાલે સુભદ્રા સહિત દસ માણસોની એક સત્યાગ્રહ સમિતિ રચી. આ સમિતિ ત્રિરંગો લઈને કેન્ટોન્મેન્ટ તરફ આગળ વધી. જોકે સત્યાગ્રહીઓ કેન્ટોન્મેન્ટમાં પ્રવેશે એ પહેલાં અંગ્રેજ પોલીસે એમની ધરપકડ કરી. પંડિત સુંદરલાલને છ મહિનાની સજા કરાઈ. અન્ય તમામ સત્યાગ્રહીઓને એક રાત પોલીસની કેદમાં રાખ્યાં પછી બીજે દિવસે છોડી મુકાયા. દેશનો પહેલો ઝંડા સત્યાગ્રહ અને સુભદ્રાને કેદનો એ પહેલો અનુભવ !

એ પછી નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ધરપકડ વહોરનાર પહેલી મહિલા સુભદ્રા બની. ત્યાર બાદ ૧૯૪૨ના ભારત છોડો આંદોલનમાં લક્ષ્મણસિંહ અને સુભદ્રા, બન્નેને જેલવાસ થયેલો. જેલમાં સુભદ્રાનું સ્વાસ્થ્ય કથળ્યું. બીમારીને પગલે સુભદ્રાને જેલમુક્ત કરવામાં આવી. એ જેલમાંથી તો છૂટી, પણ નાદુરસ્તીની બીજી કેદમાં સપડાઈ. દિવસે દિવસે બગડતી તબિયત વચ્ચે સુભદ્રા કામ કરતી રહી. રાજ્ય વિધાનસભાની સભ્ય તરીકે કામ કર્યું. ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૮ના એક માર્ગ અકસ્માતમાં સુભદ્રાનું અકાળે અવસાન થયું.

સુભદ્રાનો દેહવિલય થયો, પણ એણે રચેલું રાણી લક્ષ્મીબાઈ અંગેનું વીરકાવ્ય ભારતના કણ કણમાં ગુંજતું રહેશેઃ ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી...! ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com

# સ્ટ્રેચેબલ પેન્ટ્સ



**સ્ટ્રેચેબલ** પેન્ટ્સ એટલે કે જે પેન્ટ્સ સ્ટ્રેચ કરીને પહેરી શકાય. કે જે પેન્ટમાં બટન કે ડ્રો સ્ટ્રિંગ ન હોય. સ્ટ્રેચ પેન્ટમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, ની લેન્થ , થ્રિ ફોર્થ લેન્થ અને ફૂલ લેન્થ.સ્ટ્રેચેબલ પેન્ટ્સમાં બોડી ફિટ, સ્ટ્રેટ ફિટ, પ્લાઝો ફિટ અને બેલ બોટમ ફિટ આવે છે. તમે તમારી હાઈટ અને પર્સનાલિટી મુજબ સ્ટ્રેચ પેન્ટની પસંદગી કરી શકો. સ્ટ્રેચ પેન્ટ તમે કેઝ્યુઅલી અને ફોર્મલી એમ બન્ને રીતે પહેરી શકો. સ્ટ્રેચેબલ પેન્ટ્સમાં બોડી ફિટ, સ્ટ્રેટ ફિટ, પ્લાઝો ફિટ અને બેલ બોટમ ફિટ આવે છે. ચાલો જાણીયે સ્ટ્રેચ પેન્ટ કઈ રીતે પહેરી શકાય.

**બોડી ફિટઃ** બોડી ફિટ સ્ટ્રેચ પેન્ટ એટલે કે પહેર્યા પછી પેન્ટ તમારા બોડીનો શેપ લઈ લે. એટલે કે, જે સ્ટ્રેચેબલ બોડિફિટ પેન્ટ જીમ કે યોગા માટે પહેરી શકાય. સ્ટ્રેચેબલ પેન્ટનું ફેબ્રિક લાઇક્રા અને કોટનમાંથી બનેલું હોય છે. આ પેન્ટ સાથે તમે તમારી બોડી ટાઈપ મુજબ ટી શર્ટની પસંદગી કરી શકો. જેમકે, જો તમારું શરીર સુડોળ હોય તો તમે શોર્ટ લેન્થનું ક્રોપ ટોપ પહેરી શકો. કે પછી સ્પેગેટી કે ટી બેક પણ પહેરી શકાય. જો તમારું શરીર ભરેલું હોય તો તમે હિપ કવર થાય તેટલી લેન્થના ટી- શર્ટ પહેરી શકો. સુડોળ શરીર ધરાવતી યુવતીઓ પોતાની પસંદના કલરના પેન્ટ પહેરી શકે જયારે ભરેલું શરીર ધરાવતી યુવતીઓએ ખાસ કરીને ડાર્ક શેડના પેન્ટ પહેરવા.

**સ્ટ્રેટ ફિટઃ** સ્ટ્રેટફીટ એટલે , જે પેન્ટ પહેર્યા પછી ગોઠણ પર જે માપ હોય તે જ માપ નીચે સુધી હોય છે. આ પેન્ટનું ફિટિંગ હિપ અને સાથળ પાસે ટાઈટ લાગે છે અને ગોઠણ પછી સીધું લાગે છે. આ સ્ટ્રેટ ફિટિંગ પેન્ટ ખાસ કરીને જેમનું શરીર ભરેલું છે તેમને વધારે સારું લાગે છે. આ પેન્ટ સાથે બધી જ લેન્થના ટી શર્ટ સારા લાગે છે. જો હિપ લેન્થ કે વેસ્ટ લેન્થના ટી શર્ટ પહેરો તો વધારે સારું લાગશે જેથી યોગા કે વર્ક આઉટ કરતી વખતે તમારા હાથ ઉપર થાય તો કમર ન દેખાય. જો તમને સ્કિન શો કરવામાં કશો જ વાંધો ન હોય તો તમે કોઈ પણ લેન્થના ટી શર્ટ પહેરી શકો. જો તમે સ્ટ્રેટફિટના પેન્ટ્સ કેઝ્યુઅલી પહેરવા માગતા હોવ તો આ પેન્ટ સાથે તમે કોટન ફેબ્રિકના ફેન્સી ટોપ પહેરી શકો. જો તમારી કમર અને હિપ્સનો ભાગ વધારે હોય તો ટોપ્સની લેન્થ થોડી લાંબી રાખવી. જો તમારું સુડોળ શરીર હોય તો તમે કોઈ પણ લેન્થના ફેન્સી ટોપ્સ પહેરી શકો.

**સ્ટ્રેચેબલ સ્ટ્રેટ પેન્ટ્સઃ** તમે ફોર્મલી પણ પહેરી શકો. આ પેન્ટ એક સ્લીક લુક આપે છે. આ પેન્ટ સાથે ફોર્મલ શર્ટ ખૂબ જ સુંદર લાગશે. ફલોઈ ફેબ્રિકના ટોપ્સ પણ સારા લાગી શકે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે ટ્રાંસપેરન્ટ ટોપ્સ પહેરી શકો. ટ્રાન્સપેરન્ટ ટોપ્સની અંદર કોન્ટ્રાસ્ટ કલરનું ઇનર પહેરી શકો. જો તમારે વધારે સ્ટાઈલાઈસ્ડ લુક જોઈતો હોય તો સ્ટ્રેટ પેન્ટ સાથે વેસ્ટ લેન્થનું બોડી હગિંગ ટોપ અને તેની પર કોન્ટ્રાસ્ટ કલરનું કાફ લેન્થ શ્રગ. આ ડ્રેસ સાથે તમે હાઈ હિલ્સ પહેરી એક પરફેક્ટ લુક ક્રિએટ કરી શકો. જો તમારે કોઈ મિટિંગમાં જવાનું હોય તો આ પેન્ટ સાથે તમે સેમ કલરનું કે કોન્ટ્રાસ્ટ કલરનું બ્લેઝર પહેરી શકો.





**થ્રી ફોર્થઃ** સ્ટ્રેચેબલ પેન્ટ્સમાં થ્રી ફોર્થ લેન્થ ખૂબ જ કમ્ફર્ટેબલ છે. ખાસ કરીને વરસાદમાં . સ્ટ્રેચેબલ પેન્ટ્સ વરસાદમાં ભીના થાય તો પણ શરીરને ચિપકતા નથી . પાણી જલ્દી નીકળી જાય છે અને સુકાતા વાર પણ નથી લાગતી. આ પેન્ટ સાથે તમે ફલોઈ ફેબ્રિકના ફેન્સી ટોપ્સ પહેરી શકો. કે જે વરસાદમાં ભીના થાય તો જલ્દીથી સુકાય જાય. થ્રી ફોર્થ પેન્ટ કેઝ્યુઅલી જ સારા લાગે છે. તમે તમારી બોડી ટાઈપ અને હાઈટ મુજબ ટી શર્ટ કે ટોપની પસંદગી કરી શકો. જો તમે ઘરમાં થ્રી ફોર્થ પેન્ટ્સ પહેરવા માગતા હોવ તો હોઝિયરીના સ્ટ્રેચેબલ પેન્ટ્સ પહેરવા અને જો બહાર પહેરવા માગતા હોવ તો લાયક્રા અને કોટન ફેબ્રિકના મિક્સ સ્ટ્રેચેબલ પેન્ટ્સ પહેરવા. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

# વેકેશનના ઘંટનો રણકાર



હા... વેકેશનના ઘંટનો રણકાર તો ભાઈ, વાલી, વિદ્યાર્થી, રિક્ષાવાળા અને શિક્ષકો સહિત આચાર્યને પણ ખૂબ જ ગમે છે, કારણ કે વેકેશનના ઘંટનો રણકાર જ કોઈપણ પ્રકારનાં મ્યુઝિક કરતાં (સહુથી વધારે) કર્ણપ્રિય હોય છે અને સાથે હોય છે છેલ્લું એલાન કે... 'કાલથી વેકેશન શરૂ થાય છે.'!

એ એલાન અને તે પણ અમારા એન્ટિક પિત્તળના ઘંટ દ્વારા શાળામાં થતું, ત્યારે સાંજનો છેલ્લો ઘંટ છ વાગ્યે પડતો હોય, તો વિદ્યાર્થીઓ લગભગ બપોરથી નોટ - ચોપડાનાં પડીકાં વાળીને તૈયાર થઈને બેસી ગયા હોય છે. એ છેલ્લા દિવસે, કોણ ક્યાં ફરવા જવાનું છે એની રસપ્રદ સાચી- જૂઠી વાતોના ગપગોળા આખી શાળામાં ચાલતા હોય.

વિદ્યાર્થી કરતાં પણ શિક્ષકો તો અઠવાડિયા પહેલાં પેકઅપ કરતાં નજરે ચડે. કેટલાક લગભગ છેલ્લા મહિનાથી જ સરકારી એલ. ટી. સી. નો લાભ લેવા (ફરવા જવાની ટિકિટના પૈસા પૂરા કરવા) ઊંટી, મસૂરી, નૈનિતાલ જેવાં હવા ખાવાનાં સ્થળોની ટિકિટ લઈને છેલ્લા એક મહિનાથી ગામ, ઘર અને સ્કૂલના તમામ શિક્ષકો, પટાવાળા સહિત સહુને એમનો જોરદાર ફરવા જવાનો પ્લાન અને બુકિંગ કરી દીધાના (વિજય પતાકા) સમાચાર કહીને આખા વરસે છોકરાઓએ જે હવા કાઢી નાખી હતી, તે હવા પૂરવા હવા ખાવાનાં સ્થળે જઈ રહ્યાની ઘોષણા કરતાં ફરે છે. કેટલાક શિક્ષકો તો 'વેકેશનમાં હવા ખાવાનાં સ્થળો, હવા ખાવાના ફાયદા, વેકેશનના લાભાલાભ અને માનસિક શાંતિ માટે ક્યાં જશો?' એવા નિબંધો ભલે અભ્યાસક્રમમાં ન હોય, તો પણ લખાવે અથવા તો વ્યાસપીઠ ઉપરથી ચાલીસ મિનિટ સુધી બાળકોના માથા ઉપર ફરજિયાત 'મોસ્ટ આઇ. એમ. પી. 'રૂપે રજૂ કરી, પોતે પણ ક્યાં જવાના છે એ અંતે રજૂ કરી ધન્યતાનો અનુભવ (લ્હાવો) પ્રાપ્ત કરે છે. એમ પણ શિક્ષકોને બાળકો સિવાય સાંભળે છે પણ કોણ?!

કેટલાંક બાળકો શિક્ષકનો સારો મૂડ જોઈને ઊભા થઈને પ્રેમથી કહે છેઃ 'ટીચર, ટીચર, તમે તો હવા ખાઈને તાજા માજા થઈને આવશો. પણ અમારી દશાની તો તમને કંઈ ખબર જ નથી.' (નાનું મોં લટકાવીને પૂરી આર્દ્રતાથી રજૂ થાય છે.)

એટલે ટીચર પૂછે, 'કેમ? તમે પણ ફરવા જશો જ ને?'

'ટીચર, અમારી પાસે એટલા પૈસા નથી ને, એટલે.'

ટીચર ફરી કહેશે, 'તો મામાના ઘરને હિલ સ્ટેશન સમજીને ત્યાં જઈને રહેવાનું. એ તમારો જન્મસિદ્ધ હક છે.'

'પણ ટીચર, અમારામાંથી ઘણાને મામા પણ નથી.'

'ઓહ...! તો હું તમને શું મદદ કરી શકું?'

'ટીચર પ્લીઝ, એક કામ કરશો તો આપનો ખૂબ ખૂબ આભાર.'

'હા, બોલો જોઉં. હું તમને મારાથી બનતી બધી મદદ કરીશ.'

'ટીચર, તમે જે સો સો વાર કવિતા, સવાલ - જવાબ અને ટૂંકનોંધ લખવા આપી છે, એ લખવા નહીં પણ ખાલી વાંચવા આપી દેશો તો અમારી પાસે થોડો સમય બચશે. અને તો જ, કંઈ નહીં તો થોડીવાર ફળિયામાં રમીને ચોખ્ખી હવાનો આનંદ માણી શકીશું. બાગ બગીચામાં જઈ આવશું. અમારાથી નૈનિતાલ કે દાર્જિલિંગ તો જઈ શકાવાનું જ નથી. હા, સપનામાં કદાચ એકાદ વાર... પણ ટીચર, તમે તો સારી રીતે ફરી આવજો. યુ આર સો લકી ટીચર...'

અને ભલી ભોળી ટીચર ભીની આંખે લેસન માફ કરી દે, એમ પણ ક્યારેક બનતું.

આવા જ ઇમોશનલ ડ્રામા, વારાફરતી દરેક શિક્ષકો લેસન આપતા હોય, ત્યારે બાળકો 'પ્લીઝ ટીચર, દયા કરો. પ્લીઝ ટીચર... આખું વર્ષ તો લખી લખીને અમારા હાથ દુઃખી ગયા છે. હવે આ હાથોને બેટ બોલ પકડવાનો લ્હાવો લેવા દો. પ્લીઝ ટીચર...' અને ટીચરને પલળી જતાં પણ જોયાં છે. જોકે, એમાં અપવાદ ટીચર પણ હતાં. જે શ્રેષ્ઠ ટીચરનો ઍવોર્ડ જીતવા સો સો વાર આખા પાઠો જ લખવા આપીને કોલર ઊંચા કરતાં અથવા પોતે બાળકોનાં હિતમાં (હકીકતમાં અહિતમાં ! ) કામ કરી રહ્યાં છે, એવો અહમ અંદરોઅંદર પોષતાં રહેતાં.

આ છેલ્લો વેકેશન એલાન કરતો ઘંટનો રણકાર જેમણે જોયો હશે, એમને આ બાળકોનાં મુખ ઉપરની હાશનો, હૃદયના દબાયેલા ડૂમાનો અને વર્ષોથી પુરાયેલા કેદીઓનો ચિત્કાર મિશ્રિત અવાજ 'ઓ... ઓ... ઓ... ઓ...' છૂટતી વેળાએ સાંભળ્યો હશે. ઘંટ પૂરો થાય તે પહેલાં કેટલાક તો શિક્ષકને ક્લાસરૂમમાં એક તરફ ધક્કે ચડાવીને, ખભે ચોપડાનો કોથળો, વોટર બોટલનો ભાર લઈને વાયુવેગે દોડીને રિક્ષા, વાન, બસ કે મા- બાપના સ્કૂટર પર બેસીને નાસી છૂટતાં જોયા હશે.

આમાંના માંડ દસ ટકા બાળકો આ વિદ્યામંદિરોમાંથી હસતાં હસતાં કે પછી સ્કૂલ ઝૂરાપો વ્યક્ત કરતાં બહાર નીકળતાં. આ તરફ લેવા આવનાર વાલીઓ એક મહિનાથી પોતપોતાના તોફાની ટપુડાઓને કેમના જોતરવા, કયા ખીલે બાંધવા, કયા મામાને આ વરસે એમના ભાણિયાઓનો લાભ આપવો... એ વિચારી વિચારી ડિપ્રેશનમાં સરી જતાં આ લખનારે જોયાં છે તો વિવિધ સ્કિલ ગુરુઓ વેકેશનના બે મહિના પહેલાં બિલાડીના ટોપની જેમ વરસાદ પડતાં પહેલાં જ (વેકેશન પહેલાં) પોતાના સ્કિલ વર્ગમાં મૂકવાથી બાળક કેટલો ચીંધો (અણીદાર, હોશિયાર, ચબરાક, પથ્થરમાંથી પાણી કાઢે એવો) બની જશે! એનાં બેનરો આખા શહેરમાં, શાળાની દીવાલો પર, પૈસા ખર્ચીને શહેરના થાંભલે કે દીવાલે પોસ્ટર્સ લગાવીને, મા - બાપને હાશ કરાવીને પોતાનાં ખિસ્સાં ભરવાની સ્કીમ જાહેર કરે છે

તો મા - બાપ રાતોરાત પોતાનાં બાળકને સર્વાંગ સંપૂર્ણ અને ઉત્તમ બાળક બનાવવા તરફના મરણિયા પ્રયાસમાંના આ છેલ્લા પ્રયાસ હેઠળ બાળકને વેકેશન ક્લાસના અઢળક પૈસા ખર્ચી બાળકને ખોળે રમાડવા કરતાં, એ ક્લાસમાં ફરી ગોંધીને પોતે ફરજ મુક્તતાનો અહેસાસ કરી નિરાંતે ઊંઘી જાય છે. અડધો સ્કૂલમાં ને અડધો આવા ક્લાસમાં વહેરાતો, પીસાતો બાળક કરે તોય બીજું તો શું કરે? ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# પ્રત્યેક સફળ પુરુષનું ખરું પીઠબળ હોય છે એક સ્ત્રી

**માનવ** જીવનના વિકાસમાં સ્ત્રીએ એના શોખ અને પસંદગીના ઉદાત્ત ધોરણો સ્થાપીને એવું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે કે

* કલાના દરેક ક્ષેત્રમાં, જ્ઞાનના પ્રત્યેક ક્ષેત્રમાં અને માનવ મનની વિભાવનાના, સ્ત્રીને નમસ્કાર યોગ્ય ગણવામાં આવી છે.

- વાસ્તવમાં આ વિષય એવા ઊંડા અભ્યાસનો છે કે આ સબ્જેક્ટના કેટલા વિભાગો પાડવા તે નિશ્ચિત કરવું પણ કઠિન છે પરંતુ તેમ છતાં એક વાત નિર્વિવાદપણે કહી શકાય તેમ છે કે

* સ્ત્રી ખુદ ઉત્સવની અધિષ્ઠાત્રી છે અને તેના વિના ઉત્સવનો સંભવ નથી.

- પુરુષ ચિત્રકાર હોઈ શકે, લેખક, સંગીતકાર કે કંઈ પણ બીજું હોઈ શકે,

- પરંતુ જ્યારે ઉત્સવ અનુરૂપ સંવેદનાની વાસ્તવિક વાત આવે ત્યારે સ્ત્રીભાવ વિના એને નિખારવાનું શક્ય નથી એ વિજ્ઞાને સાબિત કર્યા વિના છૂટકો નથી, પરંતુ એક હાઈમોથીસીસ તરીકે અત્યારે પણ બધા જ સમાજ અને મૂળ વિજ્ઞાનના નિષ્ણાતો માન્ય કરતા થઈ ગયા છે.

- આપણી ભારતીય સંસ્કૃતિએ સ્ત્રીને મનોરંજના કહીને એક એવું સ્થાન આપ્યું છે જેનો પણ અભ્યાસ કરવો જરૂરી છે, કારણ મનોરંજનની વ્યાખ્યા આપણે બૌદ્ધિક સ્તર છોડીને માત્ર પ્રમોદ સ્થાન સુધી નીચે લઈ આવ્યા છીએ.

- વાસ્તવમાં મનોરંજન એ સસ્તી નહીં ખૂબ અમૂલ્ય સંવેદના છે અને એને મૂળ સ્થાને પ્રસ્થાપિત કર્યા વિના એનો અર્થ કરવો લગભગ અસંભવ છે.

- સંસ્કૃતમાં મનોરંજનને પ્રમાદ નહીં પરંતુ બૌદ્ધિક સંતોષની પરમ કક્ષા અપાઈ છે અને બૌદ્ધિક સંતોષ એ દેહ થવા સંવેદનાના સંતોષની વાત નથી, પરંતુ આચાર-વિચાર બંનેના તાલમેલ દ્વારા કેળવાયેલી સિદ્ધિની વાત છે. આવી સિદ્ધિ જેને સહજ ઉપલબ્ધ છે એ સ્ત્રી જ મનોરંજના બની શકે છે અને એટલે જ

- પ્રત્યેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રી હોય છે એવું કહીને અંગ્રેજી કહેવતે એના સ્થાનને ખૂબ ઊંચું ગણ્યું છે.

- સંસ્કૃતમાં દેવી મહિમતના યા દેવી સર્વ ભૂતેષુ અને નમોસ્તુતે નમોસ્તુતે નમોસ્તુતેના આરંભ તથા અંતવાળા શ્લોકોમાં સ્ત્રીશક્તિના વ્યાપનો જે વિચાર કરવામાં આવ્યો છે એ પણ અધૂરો છે એવું એના રચયિતા ઋષિ કહી ગયા છે અને એટલે જ યા દેવી સર્વ ભુતેષુ શ્રદ્ધા રૂપેણ સંસ્થિતાની વાત કરી ગયા છે.

- આ શ્રદ્ધાનો અર્થ જ્ઞાનમાં વિશ્વાસ થાય છે, ધર્મની જડ રૂઢીઓમાં નહીં એ અજ્ઞાને અર્થ બદલ્યો હોવા છતાં સ્ત્રી પોતાની રીતે આપણા માનવ જીવનના કેન્દ્ર સ્થાને રહી છે.



- શણગાર અને સૌંદર્યની હજી સુધી કોઈ નિયત કે નિશ્ચિત વ્યાખ્યા બની નથી એ જેટલું સાચું છે એટલું જ સ્ત્રીની ગુણ સમષ્ટિની કોઈ વ્યાખ્યા હજી બંધાઈ નથી એ પણ સાચું છે.

એટલે જ

* નિર્જળા ઉપવાસ કરતી સ્ત્રી જેટલી જ નગરવધૂનું સ્થાન લેનાર આમ્રપાલીને સંસ્કૃત સાહિત્ય મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

- આ સ્ત્રી આપણી ઉત્સવ પ્રણાલીનો પાયો છે અને એટલે જ

- અશુભ કાર્યોમાં પુરુષ એકલાની ઉપસ્થિતિનો સમાજે સ્વીકાર કર્યો છે પણ

- શુભ કાર્યોમાં સહધર્મચારિણીને અત્યંત આવશ્યક જ નહીં અનિવાર્ય ગણવામાં આવી છે અને

- શ્રી રામે અશ્વમેધ યજ્ઞ વખતે સીતાની સુવર્ણ પ્રતિમાને બાજુમાં રાખવી પડી હતી એ આ વાસ્તવિકતાનો પુરાવો છે.

પ્રેરણાસ્રોતઃ - ઉત્સવને શુભપણાનું ગૌરવ કદાચ એટલે જ બક્ષવામાં આવ્યું છે કે સ્ત્રી વિના એનો નિખાર શક્ય નથી.

- એ સંજોગોમાં સ્ત્રીનું સ્થાન જૂતી ગણનારાઓની અક્કલશૂન્યતા અને મૂર્ખાઈ વિષે કશું કહેવાની જરૂરત દેખાય છે ખરી? ■

વિશેષ
નમ્રતા નદીમ
feedback.ladki@
bombaysamachar.com

# તમારા વ્યક્તિત્વનો અરીસો છે તમારી હેન્ડ બૅગ

**તમારા** માટે હેન્ડ બૅગ પસંદ કરતી વખતે તમે શું વિચારો છો? તમારી હેન્ડ બૅગની પસંદગી તમારા વિશે ઘણું બધું કહી જાય છે. તમે તમારી બૅગ કેવી રીતે રાખો છો અને તમે તેમાં કઈ વસ્તુઓ રાખો છો? તમારી બૅગ કેટલી વ્યવસ્થિત છે. જો તમે તેને ખોલો ત્યારે તેમાં ઘણી બધી અસામાન્ય વસ્તુઓ હોય તો તેનો શું અર્થ થાય? આવો જાણીએ.



મહિલાઓની હેન્ડ બૅગની વાત કરવામાં આવે તો તેમાં અનેક પ્રકારની બૅગ માર્કેટમાં ઉપલબ્ધ છે, જેમાં અલગ-અલગ સાઈઝ, કલર અને આકાર હોય છે અને બૅગ પ્રમાણે તેની કિંમત હોય છે. સ્ત્રીઓ માટે બૅગ એક આવશ્યક વસ્તુ છે, જેમાં તેઓ પોતાની જરૂરિયાતની ઘણી વસ્તુઓ રાખે છે. ખાસ પ્રસંગે વપરાતી બૅગમાં એવી ખાસ વસ્તુઓ પણ હોય છે, જેના વિશે મહિલાઓ ઘણીવાર ભૂલી જાય છે કે તેમની બૅગમાં તે વસ્તુઓ પણ છે. કેથરિન આઈઝમેને આ બાબતે સતત બે વર્ષ સુધી સંશોધન કર્યું અને સંશોધન પછી તેણે પોતાનું પુસ્તક 'હાઉ ટુ ટેલ અ વુમન બાય હર હેન્ડ બૅગ' લખ્યું જે તેનું બેસ્ટ સેલર રહ્યું છે. આ લેખમાં, તેમણે અલગ-અલગ પર્સનાલિટી ધરાવતી મહિલાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી બૅગના આધારે તેમની અલગ-અલગ શ્રેણીઓ વર્ણવી છે.

**ક્રિએટિવ સ્ત્રીઓ**

આ તે મહિલાઓ છે જે પોતાને સ્વતંત્ર માને છે, પરંતુ તેમના પર્સમાં જૂની રસીદો, બિલ અને અન્ય ઘણી વસ્તુઓ જોવા મળે છે. તે પોતાનું પર્સ એવી રીતે જાળવે છે કે તે વ્યવસ્થિત હોય છે, પણ દેખાવમાં અવ્યવસ્થિત લાગે છે. ક્રિએટિવ સ્ત્રીઓ સામાન્ય રીતે બ્રાઇટ રંગની બૅગ પસંદ કરે છે, જે તેમની સ્વતંત્રતા-પ્રેમાળ, નિખાલસતા અને સામાજિક રીતે સક્રિય સ્વભાવને પ્રતિબિંબિત કરે છે.

**મિનિમિસ્ટિક**

આ શ્રેણીમાં આવતી મહિલાઓ ખૂબ જ વ્યવસ્થિત હોય છે. તેની નાની બૅગમાં મની પર્સ, ચાવીઓ, સેલફોન અને સનગ્લાસ હોય છે. તે પોતાની બૅગમાં ક્યારેય બિનજરૂરી વસ્તુઓ રાખતી નથી. તેઓ જાણે છે કે જે પ્રસંગ માટે તેઓ બૅગનો ઉપયોગ કરી રહ્યા છે તે માટે આટલી વસ્તુઓની જ જરૂર છે. આ ખૂબ જ વ્યવસ્થિત મહિલાઓ છે.

**અન્યો માટે વિચારતી**

ઘણી સ્ત્રીઓ પોતાની બૅગમાં એવી વસ્તુઓ રાખે છે જેનો ઉપયોગ માત્ર પોતે જ નહીં, પરંતુ અન્ય લોકો પણ કરે છે જેમ કે સેફ્ટી પીન, હેર પીન, સોય, દોરો, ક્લચર, રબર, ટીશ્યુ પેપર, નેપકીન, બેન્ડેડ, પેઈનકિલર વગેરે. તેમને હંમેશા બીજાની પણ ચિંતા રહે છે. જ્યારે પણ કોઈને કોઈ વસ્તુની જરૂર હોય છે, ત્યારે બધા તેને યાદ કરે છે. બીજાની આટલી સંભાળ રાખનારી સ્ત્રીઓ હંમેશા અત્યંત સંવેદનશીલ હોય છે. તેની બૅગમાં હંમેશા એક પુસ્તક હોય છે, જેને તે ગમે ત્યારે, ગમે ત્યાં ખોલીને વાંચે છે.

**ગ્લેમરની દુનિયા સાથે સંકળાયેલ**

આવી મહિલાઓ જાણે છે કે જીવનમાં ઘણી આશ્ચર્યજનક બાબતો હોય છે, જેના માટે તેઓ પોતાને તૈયાર રાખે છે. તેમની બૅગમાં જે પણ છે તે ખૂબ જ અર્થપૂર્ણ હોય છે. ટૂથબ્રશ, હેર ઈલાસ્ટિક, મોબાઈલ ફોન ચાર્જર, ઘરેણાં અને તેમના ઈમરજન્સી ઉપયોગ માટે એવી ઘણી વસ્તુઓ છે જેનો તેઓ ઉપયોગ કરી શકે છે.

**નાનાં પર્સ**

ઘણી સ્ત્રીઓને ખૂબ નાનું પર્સ રાખવાની આદત હોય છે. ઘણી તો મોબાઈલ અને રૂમાલ સિવાય પર્સ લઈને ક્યાંય જવાનું પસંદ કરતી નથી. આ એવી મહિલાઓ છે જેમને ખુશ રહેવા માટે પૈસા કે લોકો જેવી ઘણી બધી વસ્તુઓની જરૂર નથી હોતી. તેઓ જ્યાં જાય છે, ત્યાં અન્ય લોકો સાથે સારા સંબંધ બનાવી લે છે અને જેની સાથે તેના સારા સંબંધો હોય છે તેમની સાથે તે ખુશ રહે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૫૦૨નો અને ચાંદીમાં ₹ ૧૫૩૨નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત આજે અમેરિકાના વ્યાપક વેરા બિલ અંગે અમેરિકી કૉંગ્રેસમાં ચર્ચા થવાની હોવાથી સલામતી માટેની માગનો ટેકો મળતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદામાં તથા ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવ વધી આવ્યા હતા, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૯૬થી ૧૫૦૨ અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫૩૨ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ ૧૫૩૨ વધીને રૂ. ૯૭,૩૩૨ના મથાળે અને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૯૬ની તેજી સાથે રૂ. ૯૪,૯૨૭ના મથાળે તથા ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૫૦૨ વધીને રૂ. ૯૫,૩૦૯ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો તથા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહી હતી.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ઘટીને ગત સાતમી મે પછીની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ વેરા બિલની અમેરિકી કૉંગ્રેસમાં થનારી ચર્ચાને ધ્યાનમાં લેતા અમેરિકાની રાજકોષીય સ્થિતિની ચિંતા સપાટી પર આવતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૩૧૪.૪૮ ડૉલર અને વાયદામાં ભાવ એક ટકો વધીને



૩૩૧૭.૨૦૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને ગત ૧૨મી મે પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે હાજરમાં ચાંદીના ભાવ પણ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૩.૧૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

મૂડીઝ દ્વારા અમેરિકાના ક્રેડિટ રેટિંગ્સમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ ૨૪ કલાકમાં ડૉલર ઈન્ડેક્સમાં એક પૉઈન્ટનો ઘટાડો આવી ગયો છે. વધુમાં ટ્રમ્પનું ટેક્સ બિલ પસાર થવાની ચિંતાને કારણે પણ ડૉલરમાં પીછેહઠ જોવા મળતા સોનામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું મેરેક્સના વિશ્લેષક એડવર્ડ મેઈરે જણાવ્યું હતું.

એકંદરે ટ્રમ્પના વેરા કપાતના અને ખર્ચ અંગેના બિલને પસાર કરવામાં કટોકટીનો સામનો કરવો પડશે કેમ કે અમેરિકી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવમાં મેડિકેડ હેલ્થ પ્રોગ્રામમાં કાપ અને અને ઊંચા ખર્ચવાળા દરિયાકાંઠાના રાજ્યોમાં કરવેરા રાહતો અંગેના આંતરિક મતભેદ દૂર કરવાનાં પ્રયાસો રિપબ્લિકન કરી રહ્યા છે.

સામાન્યપણે નીચા વ્યાજદર, આર્થિક અને રાજકીય અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે. આગામી મધ્યમથી લાંબા સમયગાળા દરમિયાન સુધારાતરફી વલણ જળવાઈ રહેશે. જોકે, અમેરિકાની સકારાત્મક ટ્રેડ ડીલ તેજી અવરોધી શકે છે, એમ કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે સોનું પુનઃ ઔંસદીઠ ૩૫૦૦ ડૉલરની સપાટી અંકે કરે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

વધુમાં ગઈકાલે લુઈસ ફેડનાં પ્રમુખ અલ્બર્ટોએ ઈકોનોમિક ક્લબ ઑફ મિન્નેલોટાને જણાવ્યું હતું કે વેપારને લગતા તણાવ દૂર થતાં શ્રમ બજારમાં મજબૂત સુધારો જળવાઈ રહેવાની સાથે ફુગાવો પણ ફેડરલની બે ટકાની લક્ષ્યાંકિત સપાટી અંકે કરશે તેમ જણાય છે.

# અમેરિકી ટૅરિફની નકારાત્મક અસરનો સામનો કરવા ભારત સારી સ્થિતિમાંઃ મૂડીઝ

નવી દિલ્હીઃ સ્થાનિક આર્થિક વૃદ્ધિને ટેકો આપનારા પરિબળો અને નિકાસ પર ઓછી નિર્ભરતા અર્થતંત્રોને ટેકો આપતી હોય છે અને તેથી જ અમેરિકાનાં ટૅરિફ અને વૈશ્વિક અવરોધોની નકારાત્મક અસરોનો સામનો કરવા માટે ભારત એકંદરે સારી સ્થિતિમાં હોવાનું મૂડીઝ રેટિંગ્સે આજે જણાવ્યું છે.

મૂડીઝે એક નોટમાં જણાવ્યું છે કે ખાનગી વપરાશ અને ઉત્પાદન વધારવા તથા માળખાકીય ખર્ચ વધારવા માટે સરકારની પહેલ વૈશ્વિક માગ માટે નબળા પડી રહેલા અંદાજને સરભર કરવામાં મદદરૂપ થશે. તેમ જ ફુગાવાને હળવો કરવાથી અર્થતંત્રને ટેકો આપવા માટે વ્યાજદરમાં ઘટાડો થાય તેવી શક્યતા વ્યક્ત કરતાં મૂડીઝે જણાલ્યું હતું બૅન્કિંગ ક્ષેત્રની પ્રવાહિતા ધિરાણને વધુ સરળ બનાવે છે.

એકંદરે અમેરિકાની ટૅરિફ અને વૈશ્વિક સ્તરે ખોરવાયેલા વેપારોનો સામનો કરવા માટે અન્ય ઊભરતા અર્થતંત્રોની સરખામણીમાં ભારતમાં નોંધપાત્ર સ્થાનિક માગ અને ઓછી આયાત નિર્ભરતાને કારણે ભારત સામનો કરવા માટે સારી સ્થિતિમાં હોવાનું મૂડીઝે જણાવતા ઉમેર્યું હતું કે મે મહિનામા ભારત-પાક વચ્ચે ઊભા થયેલા તણાવની પણ ભારત કરતાં પાકિસ્તાનના અર્થતંત્ર પર વધુ માઠી અસર પડશે. સ્થાનિક સ્તરે તણાવમાં સતત વધારો થવાના સંજોગોમાં ભારતની આર્થિક પ્રવૃત્તિમાં કોઈ મોટા વિક્ષેપ થવાની પણ શક્યતા નથી કારણ કે ભારતના પાકિસ્તાન સાથેના આર્થિક સંબંધો ન્યૂનતમ સ્તરે છે. વધુમાં ભારતમાં કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદન થાય છે તે પૈકીના મોટા ભાગના વિસ્તાર ભૌગોલિક સંઘર્ષાના ક્ષેત્રથી ઘણાં દૂર છે. જોકે, સંરક્ષણ ખર્ચમાં વધારાની દેશની રાજકોષીય સ્થિતિ પર અસર પડશે અને રાજકોષીય એકિકરણ ધીમું પડી શકે છે, એમ મૂડીઝે ઉમેર્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર સરકારનો માળખાકીય ખર્ચ જીડીપી વૃદ્ધિને ટેકો આપે છે, જ્યારે વ્યક્તિગત આવકવેરામાં ઘટાડો વપરાશને પ્રોત્સાહન આપે છે.

એકંદરે માલસામાનનાં વેપારમાં ભારતની મર્યાદિત નિર્ભરતા અને સર્વિસીસ ક્ષેત્રની મજબૂતીને અમેરિકાની ઊંચી ટૅરિફની અસરો અમુક અંશો હળવી કરશે. તેમ છતાં ઑટો જેવા ક્ષેત્રો જે યુએસમાં નિકાસ કરે છે તેની વૈવિધ્યસભર કામગીરી હોવા છતાં વૈશ્વિક પડકારોનો સામનો કરી રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે મૂડીઝે આ મહિનાની શરૂઆતમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માટે દેશનાં આર્થિક વિકાસદરનો અંદાજ જે અગાઉ ૬.૭ ટકા રાખ્યો હતો તે ઘટાડીને ૬.૩ ટકા કર્યો હતો, પરંતુ જી-૨૦ અર્થતંત્રો પૈકી ભારતનો વૃદ્ધિદર ઊંચો રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે એપ્રિલનાં આરંભમાં અમેરિકી વહીવટી તંત્રએ વેપારી ભાગીદાર દેશો પર દેશ અનુસાર વિશિષ્ટ ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી અને ત્યાર બાદ તેનો અમલ ૯૦ દિવસ માટે સ્થાગિત કર્યો હતો.

# ભાવની પારદર્શકતા અને સંગ્રહખોરી અટકાવવા જ્યૂટ કમિશનરે રૉ જ્યૂટ સ્ટોક કન્ટ્રોલ ઓર્ડર જારી કર્યો

કોલકાતાઃ જ્યૂટ કમિશનરના કાર્યાલયે જ્યૂટના ભાવમાં પારદર્શકતા તેમ જ સંગ્રહખોરી અટકાવવા માટે ગત મંગળવારે રૉ જ્યૂટ સ્ટોક કન્ટ્રોલ ઓર્ડર જારી કર્યો છે. આ ઓર્ડર હેઠળ વિવિધ હિસ્સેધારકો માટે સ્ટોકની મર્યાદા લાદવામાં આવી છે તેમ જ દૈનિક ધોરણે સ્ટોક દર્શાવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

ઓપરેશન સિંદૂર પશ્ચાત્ આવશ્યક ચીજવસ્તુઓનાં ભાવ પર નિયંત્રણ લાવવાના કેન્દ્ર સરકારના પ્રતિભાવને ધ્યાનમાં લેતા આ ઓર્ડર જારી કરવામાં આવ્યો હોવાનું ઈન્ડિયન જ્યૂટ મિલ એસોસિયેશનનાં એક અધિકારીએ જણાવ્યું હતુ. જ્યૂટ કમિશનર મોલોય ચંદ્રન ચક્રવર્તી દ્વારા જારી કરવામાં આવેલા ઓર્ડર અનુસાર ઈનહાઉસ બેલર્સ માટે સ્ટોકની મર્યાદા ૧૫૦૦ ક્વિન્ટલ, ટ્રેડરો અને ડીલરો માટે ૩૦૦ ક્વિન્ટલ અને રજિસ્ટર્ડ ન હોય તેવા એકમો માટે માત્ર ૫૦૦ કિલોગ્રામની સ્ટોક મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે, જ્યારે જ્યૂટ મિલો માટે વર્તમાન ઉત્પાદનના સ્તરના આધારે બે મહિનાના વપરાશ પૂરતી રાખવામાં આવી છે. જોકે, જ્યૂટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા દ્વારા પ્રાપ્ત કરાયેલા રૉ જ્યૂટને સ્ટોક મર્યાદામાંથી બાકાત રાખવામાં આવ્યું છે.

વધુમાં આદેશ અનુસાર રૉ જ્યૂટની તમામ સપ્લાય ચેઈન, બેલર્સ, ટ્રેડરો, સ્ટોકિસ્ટો, મિલો અને એજન્સીઓને ખૂલતો સ્ટોક, ખરીદી, વેચાણ અને આખર માલનાં સ્ટોકની દૈનિક ધોરણે માહિતી આપવાની રહેશે. તેમ જ જો તેઓ માહિતી આપવામાં નિષ્ફળ જશે તો તેના પર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ઓર્ડર અનુસાર દરેક એકમોને અતિરિક્ત સ્ટોકના નિકાસ માટે ૧૦ દિવસનો સમયગાળો આપવામાં આવ્યો છે અને તેઓને જ્યૂટ કમિશનરની કાર્યાલયમાં ૩૧મી મે ૨૦૨૫ સુધીમાં દસ્તાવેજી પુરાવા આપવાના રહેશે અને જો મર્યાદા મુજબ સ્ટોક રાખવામાં નિષ્ફળ જાય તો જ્યાં સુધી પર્યાપ્ત મર્યાદાની નીચે સ્ટોક ન આવે ત્યાં સુધી તેઓ નવી ખરીદી નહીં કરી શકે. વાસ્તવમાં હવે મહત્ત્વનો સમયગાળો છે. વર્ષ ૨૦૨૪-૨૫ના જ્યૂટ વર્ષને પૂરા થવામાં માત્ર ૪૦ દિવસ શેષ રહ્યા હોવાનું અધિકારીએ જણાવતા ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકારના આ હસ્તક્ષેપથી ભાવમાં પારદર્શકતા આવશે અને સંગ્રહખોરી પણ અટકશે. ઉલ્લેખનીય બાબત એ છે કે તાજેતરમાં રૉ જ્યૂટના ભાવ વધીને ક્વિન્ટલે રૂ.૬૫૦૦થી ૭૦૦૦ની સપાટીએ પહોંચ્યા છે, જ્યારે લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલે રૂ. ૫૩૩૫ નિર્ધારિત કરવામાં આવ્યા છે. ભાવમાં વધારા માટે માત્ર ખેડૂતો જ નહીં પરંતુ સંગ્રહખોરો અને ટ્રેડરો પણ જવાબદાર છે અને બજારમાં તેઓએ પુરવઠાખેંચ સર્જી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ડૉલર સામે રૂપિયો એક પૈસાનો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે આયાતકારો અને વિદેશી બૅન્કોની ડૉલરમાં લેવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી આજે ડૉલર સામે રૂપિયો કોન્સોલિડેટ થઈને સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૫.૫૭ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર હાલમાં ૧૦ વર્ષીય અમેરિકી બૉન્ડની ઊપજમાં વધારો થવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો, પરંતુ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આવ્યો હોવાથી સુધારાને ટેકો મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૬૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૦ અને ઉપરમાં ૮૫.૫૩ સુધી મજબૂત થયા બાદ એક પૈસાના સુધારા સાથે ૮૫.૫૭ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા તૂટ્યો હતો. હાલમાં માસાન્તના દિવસો ચાલી રહ્યા હોવાથી ડૉલરમાં આયાતકારોની લેવાલી, મધ્ય પૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ અને ક્રૂડતેલના વાયદામાં વધી રહેલા ભાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર નરમાઈના અન્ડરટોને ૮૫.૪૦થી ૮૬ની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા ઘટીને ૯૯.૬૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૧૦.૧૯ પૉઈન્ટનો અને ૧૨૯.૫૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને ટેકો મળ્યો હતો. તેમ છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦૧૬.૧૦ કરોડની ચોખ્ખી વેચવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૪ ટકા વધીને બેરલદીઠ ૬૬.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાડ ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં હાજરમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૩૯૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડનાઊ વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૬૦માં ટકેલા ધોરણે થયા હતા.



# વપરાશકારો અને સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ધાતુમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એક માત્ર કોપર કેબલ સ્ક્રેપમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી ૧૭ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ, કોપર વાયરબાર અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૬૦, રૂ. સાત વધીને રૂ. ૮૮૬ અને રૂ. છ વધીને રૂ. ૨૮૮૮ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૫૮૩ અને રૂ. ૨૪૫ના મથાળે, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૫૦ અને રૂ. ૨૬૨ના મથાળે અને કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૨૫ અને રૂ. ૮૧૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર કોપર કેબલ સ્ક્રેપમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૮૩૬ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૫૧, રૂ. ૨૦૦ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં છ સેન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ એક્સચેન્જ ખાતે ક્રૂડતેલના વાયદામાં ૧૨ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં હાજર અને ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા કામકાજો રહ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ એકમાત્ર આરબીડી પામોલિનના ભાવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦નો અને સન રિફાઈન્ડ તથા સિંગતેલમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.



સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રીનાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૮ અને ગોલ્ડન એગ્રી તથા રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ.૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની માગ પ્રબળ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ના સુધારા સાથે રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૩૭૫માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૫૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૫૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૭૫થી ૪૪૭૫માં થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# નાણાકીય વર્ષ ૨૦૨૫માં આયર્ન ઑરનાં ઉત્પાદનમાં ૪.૩ ટકાની વૃદ્ધિ

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં આયર્ન ઑરનું ઉત્પાદન આગલા નાણાકીય વર્ષનાં ૨૭.૭ કરોડ ટન સામે ૪.૩ ટકા વધીને ૨૮.૯ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું.

દેશમાં સ્ટીલ ઉદ્યોગ દ્વારા આયર્ન ઑરનાં વપરાશમાં થઈ રહેલી વૃદ્ધિને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષમાં પણ માગને ટેકે ઉત્પાદનમાં વૃદ્ધિનો દર જળવાઈ રહે તેવી ધારણા મુકાઈ રહી છે. વધુમાં ગત નાણાકીય વર્ષમાં અન્ય ધાતુઓનાં ઉત્પાદનમાં મેંગેનિઝનું ઉત્પાદન ૨.૮ ટકા વધીને ૩૮ લાખ ટન (૩૪ લાખ ટન), પ્રાઈમરી એલ્યુમિનિયમનું ઉત્પાદન આગલા વર્ષના ૪૨ લાખ ટન સામે ઘટીને ૪૧.૬ લાખ ટન અને રિફાઈન્ડ કોપરનું ઉત્પાદન આગલા વર્ષનાં ૫.૦૯ લાખ ટન સામે ૧૨.૬ ટકા વધીને ૫.૭૩ લાખ ટનની સપાટીએ રહ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ભારત એલ્યુમિનિયમના વૈશ્વિક ઉત્પાદનમાં બીજો ક્રમાંક ધરાવે છે અને આયર્ન ઑરના વૈશ્વિક ઉત્પાદનમાં ચોથો ક્રમાંક ધરાવે છે, જ્યારે રિફાઈન્ડ કોપરનાં ઉત્પાદનમાં ટોચના ૧૦ ઉત્પાદક દેશોમાં સમાવેશ થાય છે.

# તળાજા પંથકમાં મીની વાવાઝોડુંઃ ખેડૂતોની વળતરની માગઃ અડધો દિવસ વીજળી ગુલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા શહેર અને સમગ્ર તાલુકામાં આજે વરસાદી માહોલ વચ્ચે સવારે ૭.૪૫ ના સમયગાળા દરમિયાન અચાનક તેજ પવન સાથે ધોધમાર સ્વરૂપે વરસાદે વરસવાનું શરૂ કર્યું હતું. ધોધમાર પવન સાથે પવનની ગતિ પણ તેજ હોઈ સાથે આકાશી કડાકા ભડાકા, વીજળીના ચમકારા ને લઈ મિનિ વાવાઝોડું ત્રાટક્યું હતું. જેના પગલે તળાજા શહેર ના ગોપનાથ રોડપર વૃક્ષ તૂટવું, રોયલ ગામે વૃક્ષો જમીન દોસ્ત થવા, સરતાનપર, ગોપનાથ અને અલંગમાં છાપરા ઊડવા સહિતના બનાવો સામે આવ્યા હતા. ૨૦ મિનિટથી વધુ સમય વરસેલા ધોધમાર વરસાદને લઈ તંત્રએ ૧૫ મીમી વરસાદ નોંધાયો હોવાનું જણાવ્યું હતું.

દરિયાઈ પટ્ટીના ગામડાઓમાં પવનની ગતિ વધુ તેજ હતી. બોરડા, પસ્વી, ઝાંઝમેર, દિહોર, ત્રાપજ, રોયલ, સાંગાણા સહિતના ગામડાઓમાં વરસાદ અને પવનની તેજગતિના વાવડ મળ્યા હતા.

કામરોળ ગામના સરપંચ અશોકસિંહ સરવૈયાએ જણાવ્યું હતુ કે ગત પખવાડિયામાં થયેલા માવઠાને લઈ નુકસાન વ્યાપક થયું હતુ છતાંય સરકારે વળતર આપ્યું નથી. આ માવઠું ફરીને વિનાશ વેરી ગયું છે. હજુ વધુ માવઠાની આગાહી છે.સર્વે કરી ત્વરીત વળતર આપવાની માગ કરી છે.

પાદરી (ભં)ના સરપંચ જીવાભાઈ આહીરે તૈયાર થયેલા અને ખેંચીને મૂકેલા તલ અને મગફળી પલળી ગઈ હોય જેના કારણે તલમગફળી અને મગફળીનું પશુ માટેનું ચારોલા ને નુકસાન થયું હોવાની વેદના ઠાલવી હતી. ■



ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ગામોમાં બુધવારે સવારે એક ઇંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. આ કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. (તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

# જામનગરના ખિજડિયા ગામ પાસે રેસ લગાવતા આઠ યુવકનાં પોલીસે બાઈક ડીટેન કર્યાંઃ ટ્રક ડ્રાઈવરે ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના ખિજડિયા બાયપાસ નજીક શનિવારે મોડી રાત્રે કેટલાક યુવાનો બાઈકની રેસ લગાવી સ્ટન્ટબાજી કરતા હતા. એક યુવાન આગળ જતાં ટ્રકના પાછળના ભાગમાં ટકરાયો હતો. ટ્રકચાલકે તેની સામે ફરિયાદ નોંધાવી હતી. આ સિવાય પોલીસે પણ ખુદ ફરિયાદી બની આ યુવાન સાથે રેસ લગાવતા અન્ય સાત બાઈકચાલક સામે ગુન્હો નોંધી બેના બાઈક ડીટેઈન કર્યાં હતાં. અન્ય યુવાનોની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

જામનગર-રાજકોટ માર્ગ પર આવેલા ખિજડિયા ગામ પાસે શનિવારની રાત્રે એક બાઈક જામનગર તરફ જતાં ટ્રકના પાછળના ભાગમાં ટકરાયું હતું. જેમાં બાઈકચાલક અંકિત દિલીપભાઈ મકવાણા નામના યુવાનને ગંભીર ઈજા થઈ હતી. આ યુવક સહિતના આઠ યુવાન ધ્રોલ પાસે લૈયારા ગામમાં યોજાયેલા એક પ્રસંગમાં ગયા પછી મોડીરાત્રે જામનગર આવતા હતા. આ યુવાનોએ માર્ગમાં ફૂલસ્પીડમાં બાઈક ચલાવી રેસ લગાવી તેમજ સૂતા-સૂતા બાઈક ચલાવી સ્ટન્ટબાજી કરી હતી. સોશિયલ મીડિયામાં આ યુવાનોનો વીડિયો પણ વાયરલ થયો હતો.

આ બનાવમાં વધુ માહિતી પ્રાપ્ત થતા ખિજડિયા બાયપાસથી થોડે દૂર જીજે-૧૦-ઈએ ૭૫૫૦નંબરના બાઈક ચાલકે આગળ જતાં જીજે-૧૦-ઝેડ ૫૭૪૦ નંબરના ટ્રકના ઠાઠામાં અથડાયો હતો. તેમાં અંકિતને ગંભીર ઈજા થઈ છે. હાલ તે સારવાર હેઠળ છે. ટ્રક ડ્રાઈવરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પાંચ શખસના બાઈક ડીટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ■

# અમદાવાદ જગન્નાથ રથયાત્રામાં પરંપરાગત રૂટ યથાવતઃ એક દિવસ માટે ડાયવર્ઝન ખોલવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં દર વર્ષે અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રથયાત્રાના રૂટમાં ફેરફાર કરવાને કારણે વિવાદ ઊભો થયો હતો. હાલ આ વિવાદનો અંત આવ્યો છે. કાલુપુર પાસેનું ડાયવર્ઝન એક દિવસ માટે ખોલવામાં આવશે, જેથી કરીને હવે રથયાત્રાના રૂટમાં કોઇ ફેરફાર થશે નહીં.

હાલમાં કાલુપુર રેલવે સ્ટેશન નજીક નવા ફ્લાયઓવરની કામગીરી ચાલે છે. ફ્લાયઓવરના કામકાજના કારણે ડાયવર્ઝન કરવામાં આવતા વૈકલ્પિક માર્ગ પરથી રથયાત્રાનું આયોજન કરવા જણાવાયું હતું, પરંતુ મંદિર ટ્રસ્ટે આ બાબતે વિરોધ કર્યો હતો કે રથયાત્રા પારંપરિક માર્ગ પરથી જ નીકળશે, જેની સ્થળ મુલાકાત બાદ રથયાત્રાનો પ્રસ્તાવિત રૂટ પંચકુવા દરવાજાથી કાલુપુર રેલવે સ્ટેશન તરફ જશે. ત્યાર બાદ કાલુપુર રેલવે સ્ટેશનની સામેની તરફના રોડ (કાલુપુરથી સારંગપુર જવાનો રસ્તો) પર ખસેડવામાં આવશે અને ફરીથી રેલવે વર્ક પિલર નંબર ૨૪થી મોતી મહેલ રેસ્ટોરન્ટ તરફ જશે. રથયાત્રા નિયત રૂટ પરથી સરળતાથી નીકળી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ અને એજન્સીએ યોગ્ય કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને રથયાત્રાના દિવસે (અષાઢી બીજે) રસ્તામાં પડેલા પથ્થર ખસેડી લેવા અને રેલિંગ તોડી પાડવાની રહેશે. આ સિવાય બે મોટા વૃક્ષો કાપવાના રહેશે તેમ જ રથને સરળતાથી હંકારવા માટે રોડનું પેચવર્ક કરવાનું રહેશે. પોલીસે રથયાત્રાના રૂટની જાહેરાત કરવાની રહેશે. ફક્ત રથયાત્રાના દિવસે નક્કી કર્યા મુજબ રોડ ડાયવર્ઝન ખોલવા માટે પરવાનગી આપવાની રહેશે તેમ જ નક્કી કરેલા રૂટ મુજબ પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે.

જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા કાલુપુર મેટ્રો રેલની કામગીરી રથયાત્રા પહેલા ઝડપથી પૂર્ણ કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ સૂચનાનો મુખ્ય હેતુ છે કે, મેટ્રોની કામગીરીને કારણે રથયાત્રામાં કોઈ અવરોધ ઊભો ન થાય તેમ જ દર્શનાર્થીઓ અને નગરજનોને કોઈ તકલીફ ન પડે. ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાની તડામાર તૈયારીઓ મંદિર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. રૂટમાં ફેરફાર અંગેના વિવાદનો અંત આવતા મંદિર ટ્રસ્ટ દ્વારા આ સ્પષ્ટતા કરવામાં આવી હતી. ■




રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા પોલીસ કમિશનર કચેરી ખાતે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના પીડિતોને ન્યાય અપાવવા માટે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું... (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાજકોટની સબ રજિસ્ટ્રાર ઝોન-૧માં સરકારી ડોક્યુમેન્ટના રેકર્ડમાં છેડછાડઃ છેલ્લા ચાર મહિનામાં સત્તર બનાવટી દસ્તાવેજો ઊભા કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સબ રજિસ્ટ્રાર ઝોન-૧ કચેરીમાં આર્થિક ગેરલાભ મેળવવાના ઈરાદે પૂર્વ આયોજિત કાવતરું ઘડીને ઠગાઈ કરવામાં આવી હતી. આ કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટરે ગેરકાયદે પ્રવેશ કરી દસ્તાવેજના કાયમી રેકર્ડમાં નુકસાન પહોંચાડ્યું હતું તેમ જ પુરાવાઓ ફાડીને તેનો નાશ કર્યો હતો. આ સિવાય સરકારી કચેરીના કોમ્પ્યુટરમાં રહેલા દસ્તાવેજોના સ્કેનિંગ રેકર્ડને ડિલિટ કરી તેની જગ્યાએ ખોટા દસ્તાવેજોને સ્કેનિંગ કરીને ચડાવવાના ગુનામાં કોમ્પ્યુટર ઓપરેટર મનીષ ઉર્ફે મનુભા હેરમાની રેગ્યુલર જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે.

રાજકોટ સ્થિત સબ રજિસ્ટ્રાર કચેરીના કર્મચારી અતુલભાઈ મધુભાઈ દેસાઈએ ગત તા.૧૧.૧૨.૨૦૨૪ના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તા. ૨૩-૦૨-૨૦૨૩થી તા. ૧૮-૦૫-૨૦૨૪ સુધીમાં આરોપીઓ હર્ષ સોહેલીયા ઉર્ફે હર્ષ સોની, જયદીપ ઝાલા અને વકીલ કિશન ચાવડા સહિતના લોકોએ ૧૭ બનાવટી દસ્તાવેજો ઊભા કર્યા હતા અને કોઈ પણ રીતે કચેરીના કોમ્પ્યુટરમાં રહેલા હસ્તલેખિત દસ્તાવેજના સ્કેનિંગ રેકર્ડમાં ચડાવી મિલકત એક વ્યક્તિથી બીજી વ્યક્તિના નામે ટ્રાન્સફર કરી હતી. આ ઉપરાંત સબ-રજિસ્ટ્રાર કચેરીના મૂળ દસ્તાવેજી રેકર્ડનો નાશ કરી નવો દસ્તાવેજ બનાવી મૂળ દસ્તાવેજની જગ્યાએ ફેર બદલ કર્યાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

પ્રદ્યુમનનગર પોલીસે આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭, ૪૪૭, ૧૨૦(બી), ૩૪ મુજબ ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરી હતી. તેમાં તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવતા જેલ હવાલે રહેલા મનીષ ઉર્ફે મનુભાએ તેમ જ સહ આરોપી હર્ષ સાહોલિયાને કોર્ટમાંથી જામીન મળી ગયા હોવાની પેરિટીમાં જામીન પર છૂટવા અદાલતમાં જામીન અરજી કરી હતી.

જે જામીન અરજીની સુનાવણી ચાલતા બંને પક્ષોની રજૂઆત કોર્ટમાં કરવામાં આવી હતી. સરકાર પક્ષે એપીપી પરાગ શાહ દ્વારા દલીલ કરાતા ડુપ્લિકેટ ચાવીથી સરકારી રેકર્ડ ચોરી કરી અન્ય આરોપીને આપી એકબીજાની મદદ કરી ગંભીર ગુનો આચર્યો હતો. આ રીતે સરકારી રેકર્ડ સાથે છેડછાડ કરતા બહુ ગંભીર ગુનો કર્યો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર આરોપી હર્ષ સાહેલિયાને હાઈ કોર્ટે અગાઉના કેસમાં રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ હોય તે આરોપીને પેરિટી આરોપીને લાગુ પડશે નહીં. આમ સરકારની દલીલ અને પોલીસના મત પ્રમાણે આરોપીનો ગુનો તેમ જ વડી અદાલતના ચુકાદા મુજબ અધિક સેશન્સ જજે આરોપી મનીષ હેરમાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી હતી. ■

# કચ્છ ભાજપનાં અગ્રણી ડૉ. નીમાબેન આચાર્યના પુત્રની કંપની વિરુદ્ધ સાડા આઠ કરોડની વસૂલાત માટે કેસ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જામનગર ખાતે કાર્યરત શ્રીજી શિપિંગ નામની કંપનીએ કચ્છના ગાંધીધામમાં સ્થિત રીગલ શિપિંગ પ્રાઇવેટ લિમિટેડ કંપની વિરુદ્ધ રૂપિયા ૮.૫૦ કરોડની બાકી રકમની ચુકવણીના મુદ્દે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલમાં કેસ દાખલ કર્યો છે. નોંધનીય બાબત એ છે કે, કચ્છ ભાજપનાં મહિલા અગ્રણી અને વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યના પૂત્ર મૌલિન ભાવેશ આચાર્ય ગાંધીધામની આર.સી.સી.લિમિટેડમાં ડાયરેક્ટર પદે છે. મૌલિન આચાર્ય ઉપરાંત નરેન્દ્રસિંહ દલપતસિંહ રાણા, દિલીપ નાનુ શાહ, સંદિપ મોતીલાલ શાહ અને પારસ ચૌધરી પણ આ પેઢીમાં ડાયરેક્ટર તરીકે છે.

જામનગરની શ્રીજી શિપિંગ કંપની દ્વારા રીગલ શિપિંગ પ્રા. લી. કંપનીને આપવામાં આવી રહેલી બાર્જ-ટગ અને ક્રેઈનની સર્વિસ અંગેનાં બીલની લેણી રકમ રૂા. ૮,૫૧,૨૫,૮૭૭ કંપનીને ચુકવી નથી.

આ ઉપરાંત શ્રીજી શિપિંગ કંપની દ્વારા આપેલી સર્વિસ અંગેનાં બીલોનો આર.સી.સી. લિમિટેડ દ્વારા ટી.ડી.એસ. પણ કપાત કરાયો હોવાનું નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સમક્ષ ફરિયાદી પક્ષ દ્વારા જણાવાયું હતું.

હાલ ડૉ. નીમાબેન આચાર્ય અને તેમનો પરિવાર વિદેશ હોઈ, આ કેસ અંગે તેમની પ્રતિક્રિયા જાણવા મળી નથી. ■

# રાજકોટમાં ₹ ૩.૬૭ લાખની કિંમતના ૭૩.૫૨૦ ગ્રામ હેરોઇન સાથે એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં માદક પદાર્થોના વેચાણનું પ્રમાણ ખૂબ વધ્યું છે. શહેર પોલીસની એસઓજી ટીમે ગાયકવાડી વિસ્તારમાંથી ૩.૬૭ લાખ રૂપિયાના ૭૩.૫૨૦ ગ્રામ હેરોઇન સાથે એક વ્યક્તિની પોલીસે ધરપકડ કરી હતી. આરોપી પ્લાસ્ટિકની બેગમાં હેરોઈનનો જથ્થો વેચતો હતો.

'સે નો ટુ ડ્રગ' અભિયાન હેઠળ પોલીસને પેટ્રોલિંગ દરમ્યાન બાતમી મળી હતી. પોલીસે બાતમીના આધારે એસઓજી ટીમના પીઆઈ એસ.એમ.જાડેજા તેમજ હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાએ ગાયકવાડી શેરી નંબર ચારમાં દરોડો પાડ્યો હતો. આ વિસ્તારમાં એક શંકાસ્પદ શખસની પોલીસે અટકાયત કરી હતી. પોલીસે વધુ તપાસ કરતા તેણે પોતાનું નામ શાહરુખ ઉર્ફે ડોનુ જણાવ્યું હતું. તેમજ તેના ખિસ્સામાંથી માદક પદાર્થ હેરોઈન હોવાનું કબૂલ્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પોલીસ આરોપી પાસેથી ૭૩.૫૨૦ ગ્રામ હેરોઈનનો જથ્થો કબ્જે કર્યો હતો. આ હેરોઈનની કુલ કિંમત રૂ. ૩.૬૭ લાખની હતી. આ માદક પદાર્થનો જથ્થો રાજસ્થાની શખસ સપ્લાય કરતો હોવાનું જણાવ્યું હતું. તેમજ શાહરુખ આ હેરોઈન અમુક ખાસ ગ્રાહકોને જ વેચતો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ બે વખત હેરોઇન જથ્થો રાજસ્થાનથી મગાવ્યું હોવાની કબૂલાત આપતા પોલીસે રાજસ્થાની શખસની શોધખોળ હાથ ધરી છે. ■




(તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજ-નલિયા ટ્રેક પર પેસેન્જર ટ્રેનની ટ્રાયલ રનની શરૂઆત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભુજ અને અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા વચ્ચે તાજેતરમાં પથરાયેલી ૧૦૧ કિલોમીટર લાંબી રેલવે લાઈન પર ગુડ્સ ટ્રેનના સફળ પરીક્ષણ બાદ હવે પેસેન્જર ટ્રેનની ટ્રાયલ લેવાનો તખ્તો ઘડાઈ ગયો છે જે અંતર્ગત મુંબઈ રેલવે ડિવિઝનના સિનિયર અધિકારી રાજન શ્રીવાસ્તવ અને તેમની ટીમ બુધવારે પેસેન્જર ટ્રેનની દોડાવીને ટ્રાયલ રન લેશે. સવારે નવ વાગ્યે ભુજથી પેસેન્જર ટ્રેન ઉપડશે અને બપોરે બે વાગ્યા સુધી આ ટ્રેન નલિયા પહોંચશે. જો પેસેન્જર ટ્રેનની ટ્રાયલ રન સફળ રહેશે તો આગામી ૨૬ મેના રોજ ૪૫ હજાર કરોડના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરવા માટે ભુજ પધારી રહેલા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ ટ્રેક પર પેસેન્જર ટ્રેન દોડાવવાની જાહેરાત કરાય તેવી પ્રબળ શક્યતા ઊભી થઇ છે તેમ પશ્ચિમ રેલવે સાથે સંકળાયેલા આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું. ગત ફેબ્રુઆરીમાં જ ભુજ-નલિયાના આ નવા ટ્રેકનું ઈલેક્ટ્રીફિકેશનનું ભગીરથ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવે દ્વારા આ ટ્રેક પર નિયમિત રીતે ગુડ્સ ટ્રેનને દોડાવાઈ રહી છે, પરંતુ, પેસેન્જર ટ્રેન ક્યારે શરૂ થશે એ બાબતનો હજુ સુધી કોઈ સતાવાર રીતે ફોડ પાડવામાં આવ્યો નથી. ભુજ-નલિયા વચ્ચે સંભવિત પેસેન્જર ટ્રેન સેવા શરૂ થશે તો નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાના નાગરિકોની સુવિધામાં વધારા સાથે ઔદ્યોગિક અને વ્યૂહાત્મક રીતે આ સેવા અત્યંત ઉપયોગી બની રહેશે. ■



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

# રાજકોટ જિલ્લાના જસદણમાં પેવર બ્લોકની કામગીરી પૂર્ણ થયા વગર બિલની ચુકવણી કરાઈઃ ભ્રષ્ટાચારની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના જસદણના આંબરડી ગામમાં બારોટ વાળી શેરીમાં શીતળા માતાના મંદિર સુધી પેવર બ્લોકના કામને ગ્રામ પંચાયત દ્વારા એક લાખ રૂપિયાના ખર્ચને મંજૂર કરવામાં આવ્યું હતું. હાલ આ કામ પૂર્ણ થયું નથી તેમ છતાં એક લાખ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી.

આંબરડી ગામના મહિલા સરપંચ અને તલાટી કમ મંત્રીની મિલી ભગતથી ચૂકવી દેવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટમાં મહાદેવ બ્લોકને રૂ. ૪૧,૬૦૦, એગ્રી બિઝનેસ સેન્ટરને રૂ.૧૦,૮૯૭, મહિલા સરપંચના પતિ જીકુભાઈ મનજીભાઈ ઝાલાને રૂ.૩૯,૬૨૩ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી. આંબરડી ગ્રામ પંચાયતને ૧૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. જય ખોડિયાર એન્ટરપ્રાઈઝ રૂ.૬,૮૮૦ રૂપિયા ચૂકવ્યા હતા. આ રીતે અલગ-અલગ વેપારીઓને પૈસા ચૂકવી ભ્રષ્ટાચાર થયાનું જાણવા મળ્યું હતું. જે જગ્યાએ કામ થયું જ નથી, તે જગ્યાના નામે કામ થઈ ગયું હોવાનો દેખાડો કરી તે જગ્યાના નામે એક લાખ રૂપિયાની ઉચાપત કર્યાની જાગૃત નાગરિકે જસદણ ટીડીઓને ફરિયાદ કરી હતી. ■

# ભુજમાં બેફામ ઝડપે મોટરસાઈકલ ચલાવીને એએસઆઈનું મોત નીપજાવનાર કોન્સ્ટેબલને એક વર્ષનો કારાવાસ

ભુજઃ શહેરના કોટ અંદરના સરપટ નાકા વિસ્તારમાં નાગનાથ મંદિર પાસે રોંગસાઈડમાં બેફામ ઝડપે મોટરસાઇકલ હંકારીને સામેથી દ્વિચક્રી વાહન પર પસાર થઇ રહેલા અન્ય પોલીસકર્મીને ટક્કર મારીને મૃત્યુ નીપજાવવાના જે-તે સમયે ચકચારી બનેલા ગુનામાં નામદાર અદાલતે આરોપી પોલીસ કોન્સ્ટેબલને ગુનેગાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ પ્રાણઘાતક અકસ્માતનો બનાવ ગત તા.૮-૧૦-૨૦૧૮ના રોજ સવારના ૮ વાગ્યાના અરસામાં બન્યો હતો જેમાં પશ્ચિમ કચ્છ પોલીસ દળમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ભુરાભાઈ વિછીયાભાઈ વલવાઈનું ગંભીર ઈજાથી મૃત્યુ નીપજ્યું હતું. ભુજના પાંચમા અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ હાર્દિક બારડે ફરિયાદ પક્ષે રજૂ કરેલાં ૧૬ સાક્ષી અને ૭ દસ્તાવેજી આધાર પુરાવા, બંને પક્ષના ધારાશાસ્ત્રીઓની દલીલો બાદ કલ્પેશ ઝાલાને દોષી ઠેરવી સજા ફટકારી છે. કોર્ટે કલ્પેશ ઝાલાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪ એ હેઠળ ૧ વર્ષ -સાદી કેદ અને ૧ હજાર રૂપિયા દંડ, કલમ ૨૭૯ હેઠળ ૩ માસની સાદી કેદ અને ૫૦૦ રૂપિયા દંડ, મોટર વેહિકલ એક્ટની કલમ ૧૮૪ અને ૧૭૭ હેઠળ ૧ માસની કેદની સજા ફટકારી છે. આ તમામ સજા એકસાથે ભોગવવાની રહેશે. કોર્ટે કલ્પેશ ઝાલાને દોષી ઠેરવ્યાં બાદ બચાવ પક્ષના વકીલે તેને પ્રોબેશનનો લાભ આપવા રજૂઆત કરી હતી, પરંતુ ગુનાનો પ્રકાર, ગંભીરતા અને તેનું સ્વરૂપ તથા આરોપી પોલીસ કર્મચારી હોઈ કાયદાથી સારી રીતે માહિતગાર હોય તેમ જ તેને પ્રોબેશનનો લાભ આપવો ઉચિત નથી જણાતો એમ કહી સજા ફટકારી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સજા મેળવનાર ૩૮ વર્ષીય પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશ નરશી ઝાલાની નશો કરેલી હાલતમાં નલિયા પોલીસે તાજેતરમાં ધરપકડ કરી હતી. ■

# જખૌનાં પિંગ્લેશ્વર દરિયા કિનારેથી સ્થાનિક પોલીસને સાત અફઘાની ચરસના બિનવારસુ પડીકાં મળ્યાં



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સમુદ્ર કાંઠાઓ પર સામેપારથી તણાઈને આવતાં રહેતાં કરોડોની કિંમતના કેફી પદાર્થોના બિનવારસુ પડીકાઓના ઢગલા મળી આવવાનો વણથંભ્યો સિલસિલો યથાવત છે. બુધવારે ફરી એકવાર જખૌના દરિયા કાંઠેથી અફઘાની ચરસના સાત બિનવારસુ પડીકાં મળી આવ્યાં હતા.

આ અંગે એસઓજી શાખાના એએસઆઇ જોરાવરસિંહ જાડેજાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઈન્ડો-પાક વચ્ચે વર્તાઈ રહેલો તણાવ અને વડા પ્રધાનની કચ્છ મુલાકાતને પગલે હાઈ એલર્ટ પર રહેલા કચ્છના સમુદ્રી કાંઠાના વધારી દેવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન જખૌ પોલીસને પિંગલેશ્વર કાંઠાના લેન્ડિંગ પોઇન્ટથી પશ્ચિમ તરફના રાવળપીર મંદિર વચ્ચેના સંવેદનશીલ દરિયાઈ વિસ્તારમાંથી કેફી પદાર્થના સામેપારથી તણાઈને આવી ચડેલા સાત જેટલા ચરસના બિનવારસુ પેકેટ મળી આવ્યાં હતાં. હજુ વધારે આ પ્રકારના પડીકાં હોવાની આશંકાને પગલે અહીં સર્ચ વધારી દેવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■